
દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 248 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ આશ્વિન વદ-૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 18 October 2024, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૧૮ ઑક્ટોબર ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ મેટિની પૂર્તિ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગુજરાતમાં ૨૩ સ્થળે ઈડીના દરોડા

અમદાવાદ : એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) એ ગુરુવારે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) ''છેતરપિંડી'' સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ગુજરાતના અનેક શહેરોમાં દરોડા પાડ્યા હતા, જેમાં રાજ્ય પોલીસે તાજેતરમાં એક પત્રકાર સહિત આઠ લોકોની ધરપકડ કરી હતી. સૂત્રોએ આ માહિતી આપી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ કેસ નોંધ્યા બાદ કેન્દ્રીય એજન્સીએ રાજકોટ, જૂનાગઢ, અમદાવાદ, ભાવનગર અને વેરાવળ શહેરોમાં લગભગ ૨૩ સ્થળો પર દરોડા પાડ્યા હતા. આ કેસમાં ધરપકડ કરાયેલા પત્રકાર મહેશ લાંગા એક અગ્રણી અખબારમાં કામ કરે છે જેના પરિસરમાં પણ દરોડા પાડવામાં આવી રહ્યા છે. આ મની લોન્ડરિંગ કેસ અમદાવાદ પોલીસ ક્રાઈમ બ્રાન્ચની એફઆઈઆર સાથે સંબંધિત છે. અમદાવાદ પોલીસની ક્રાઈમ બ્રાન્ચે ફેક 'ઈનપુટ ટેક્સ ક્રેડિટ' (આઇટીસી) અને છેતરપિંડીભર્યા ટ્રાન્જેક્શન મારફતે સરકારને છેતરવાના ઈરાદા સાથે સ્થાપિત શેલ કંપનીઓને સંડોવતા કથિત કૌભાંડ અંગે સેન્ટ્રલ જીએસટી તરફથી ફરિયાદ મળ્યા બાદ અનેક વ્યક્તિઓ અને સંસ્થાઓ સામે એફઆઈઆર નોંધવામાં આવી હતી. સેન્ટ્રલ જીએસટીને જાણવા મળ્યું હતું કે લાંગાએ તેની પત્ની અને પિતાના નામે બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરીને બનાવેલી શેલ કંપનીઓમાં કેટલાક શંકાસ્પદ વ્યવહારો મળ્યા પછી લાંગા સહિત સાત અન્ય લોકો સાથે ધરપકડ કરવામાં આવી હતી. એફઆઇઆર નોંધાયા બાદ ગુજરાતની ક્રાઈમ બ્રાન્ચ અને ઈકોનોમિક ઓફેન્સ વિંગે અમદાવાદ, જૂનાગઢ, સુરત, ખેડા અને ભાવનગર સહિત રાજ્યભરમાં ૧૪ સ્થળોએ દરોડા પાડ્યા હતા. ક્રાઈમ બ્રાન્ચના જણાવ્યા અનુસાર, દેશભરમાં ૨૦૦થી વધુ નકલી કંપનીઓ સંગઠિત રીતે નકલી 'ઈનપુટ ટેક્સ ક્રેડિટ' દ્વારા સરકારી તિજોરીને નુકસાન પહોંચાડી રહી હતી અને આ કંપનીઓ બનાવવા માટે બનાવટી દસ્તાવેજો અને ઓળખ કાર્ડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ■



જૈન યુનિવર્સિટીઃ સુરતમાં ભગવાન મહાવીર યુનિવર્સિટીની નજીક જૈન તેરાપંથ સમાજના કાર્યક્રમમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મોહન ભાગવત. (પીટીઆઇ)

# ટેસ્ટઃ ભારત ૪૬માં ઑલઆઉટ

બેન્ગલૂરુઃ શનિવાર, ૨૯મી જૂનનો દિવસ રોહિત શર્માના સુકાનમાં ટી-૨૦ વર્લ્ડ કપનું ચૅમ્પિયનપદ જીતવા બદલ ભારતીય ક્રિકેટના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયો એના માત્ર સાડાત્રણ મહિના બાદ રોહિતના જ સુકાનમાં ટીમ ઇન્ડિયાએ ટેસ્ટ-ક્રિકેટમાં મોટી નામોશી જોવી પડી. ગુરુવારે બેન્ગલૂરુમાં ભારતીય ટીમ ન્યૂ ઝીલૅન્ડ સામેની પ્રથમ ટેસ્ટના પહેલા દાવમાં ફક્ત ૪૬ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. ટેસ્ટમાં ઘરઆંગણે ભારતનો આ સૌથી નીચો સ્કોર છે. વરસાદને લીધે પહેલા આખા દિવસની રમત ધોવાઈ ગયા પછી આ બીજા દિવસની રમતને અંતે ન્યૂ ઝીલૅન્ડનો પહેલા દાવનો સ્કોર ત્રણ વિકેટે ૧૮૦ રન હતો અને અત્યારથી ૧૩૪ રનની સરસાઈ લઈ લીધી હતી.

ભારતને ૫૦ રન સુધી પણ ન પહોંચવા દેવામાં સૌથી મોટી ભૂમિકા પેસ બોલર મૅટ હેન્રી (૧૩.૨-૩-૧૫-૫)ની હતી. તેણે ચોથી વાર દાવમાં પાંચ વિકેટની સિદ્ધિ મેળવી હતી. બીજા પેસ બોલર વિલિયમ ઓ'રુરકીએ ચાર વિકેટ તેમ જ ભૂતપૂર્વ કૅપ્ટન ટિમ સાઉધીએ એક વિકેટ લીધી હતી. ભારતના ૪૬ રનના કંગાળ પર્ફોર્મન્સ બાદ ન્યૂ ઝીલૅન્ડે સારી શરૂઆત કરી હતી. ઓપનર ડેવૉન કૉન્વે (૯૧ રન, ૧૦૫ બૉલ, ત્રણ સિક્સર, અગિયાર ફોર) નવ રન માટે પાંચમી ટેસ્ટ સેન્ચુરી ચૂકી ગયો હતો. આર. અશ્વિને તેને ક્લીન બોલ્ડ કર્યો હતો. કિવીઓની બાકીની બેમાંથી એક વિકેટ કુલદીપ યાદવ અને રવીન્દ્ર જાડેજાએ લીધી હતી. જસપ્રીત બુમરાહને ૨૩ રનમાં અને મોહમ્મદ સિરાજને ૨૧ રનમાં એકેય વિકેટ નહોતી મળી.

ભારતીય બૅટર્સ જાણે ટી-૨૦ મૅચમાં રમી રહ્યા હોય એ રીતે રમ્યા હતા. ઉતાવળે રન બનાવવા જતાં તેમણે બહુ ઝડપથી વિકેટ ગુમાવી હતી. ટી-૨૦ મૅચમાં તો હવે ૨૦૦ રનનો ટીમ-સ્કોર સામાન્ય થઈ ગયો છે, જ્યારે ગુરુવારે ભારતીય ટીમ ટેસ્ટના દાવમાં ૫૦ રન પણ ન બનાવી શકી. ભારત આ મૅચમાં પરાજયથી બચશે તો એ મોટો ચમત્કાર કહેવાશે.

નવાઈની વાત એ છે કે ન્યૂ ઝીલૅન્ડના ત્રણ પેસ બોલર (હેન્રી, ઓ'રુરકી, સાઉધી)એ આખી ભારતીય ટીમને પૅવિલિયન ભેગી કરી દીધી અને એક પણ સ્પિનરને બોલિંગ આપવાની જરૂર નહોતી પડી. જોકે કિવીઓની ઇનિંગ્સમાં ભારતના પેસ બોલર બુમરાહ કે સિરાજને વિકેટ નહોતી મળી અને ત્રણેય વિકેટ સ્પિનરે (જાડેજા, કુલદીપ, અશ્વિન) લીધી હતી.

એ પહેલાં, ભારતે ટૉસ જીતીને બૅટિંગ પસંદ કરી હતી, પરંતુ સાતમી ઓવરમાં ધબડકો શરૂ થયો હતો અને ટપોટપ વિકેટ પડવા લાગી હતી. ૧૦મી ઓવર બાદ ટીમનો સ્કોર ત્રણ વિકેટે ૧૩ રન હતો ત્યારે વરસાદનું વિઘ્ન આવ્યું હતું. ત્યાર પછી લંચ સુધીમાં ભારતે બીજી ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી અને ટીમનો સ્કોર હતો ફક્ત ૩૪ રન.

હતાશ ભારતીય ખેલાડીઓ બરાબર જમ્યા પણ નહીં હોય અને લંચના બ્રેક બાદ જોત જોતાંમાં (બીજા ૧૨ રનમાં) બાકીની ચાર વિકેટ પડી ગઈ હતી અને ઘરઆંગણે ૪૬ રનનો લોએસ્ટ સ્કોર રેકૉર્ડ-બુકમાં આવી જવાને કારણે ટીમ ઇન્ડિયાની છાવણીમાં સન્નાટો છવાઈ ગયો હતો.

વિરાટ કોહલી સહિત પાંચ ભારતીય બૅટર ખાતું ખોલાવ્યા વગર પૅવિલિયન ભેગા થઈ ગયા હતા. 'હીરોમાંથી ઝીરો' બનેલા બીજા ચાર બૅટરમાં સરફરાઝ ખાન, કેએલ રાહુલ, રવીન્દ્ર જાડેજા અને રવિચન્દ્રન અશ્વિનનો સમાવેશ હતો. યશસ્વી જયસ્વાલ (૬૩ બૉલમાં ૧૩ રન) અને વિકેટકીપર રિષભ પંત (૪૯ બૉલમાં ૨૦ રન) સિવાય બીજો કોઈ બૅટર ડબલ ડિજિટમાં રન નહોતો બનાવી શક્યો. સિક્સરની તો વાત જવા દો, ત્રણ જ બૅટર ફોર ફટકારવામાં સફળ થયા હતા અને એમાંનો એક હતો પેસ બોલર મોહમ્મદ સિરાજ!

ન્યૂ ઝીલૅન્ડે ૫૦ ઓવરમાં ત્રણ વિકેટે ૧૮૦ રન બનાવ્યા ત્યારે બીજા દિવસની રમત બંધ રહી હતી અને એ સમયે રચિન રવીન્દ્ર બાવીસ રને અને ડેરિલ મિચલ ૧૪ રને દાવમાં હતો. કિવી બૅટર્સના ખાતે કુલ ત્રણ સિક્સર ઉપરાંત બાવીસ ફોર પણ હતી. ■

# બિહારમાં લઠ્ઠાકાંડઃ ૨૮નાં મોત

બિહારઃ બિહારના સિવન અને સરન જિલ્લામાં લઠ્ઠો પીવાને કારણે વધુ ૧૮નાં મોત થતાં આ કરુણાંતિકાનો કુલ મરણાંક ૨૮ પર પહોંચ્યો હોવાનું અધિકારીઓએ ગુરુવારે કહ્યું હતું.

બિહારના મુખ્ય પ્રધાન નીતીશકુમારે દારૂના ગેરકાયદે વેપાર સાથે સંકળાયેલાઓ વિરુદ્ધ કડક પગલાં લેવાની સંબંધિત વહીવટી અધિકારીઓને સૂચના આપી દીધી છે. ઝેરી દારૂ પીવાની ખરાબ અસરની પણ તેમણે લોકોને યાદ દેવડાવી હતી.

આ લઠ્ઠાકાંડે રાજકીય દોષારોપણને વેગ આપ્યો છે અને આઠ કરતાં પણ વધુ વર્ષ અગાઉ નીતીશકુમારની સરકારે રાજ્યમાં દારૂનાં વેચાણ અને વપરાશ પર મૂકેલા પ્રતિબંધની અસરકારકતા સામે વિપક્ષે સવાલ ઉઠાવ્યા હતા.

લઠ્ઠો પીવાને કારણે સિવાન જિલ્લાના માઘર અને ઓરિયા પંચાયત વિસ્તારમાં બાર જણનાં મોત થયા હોવાનું સરન રેન્જના ડીઆઈજી નીલેશકુમારે કહ્યું હતું.

સરન જિલ્લાના માસરક પોલીસ સ્ટેશનના અધિકાર ક્ષેત્રમાં આવતા ઈબ્રાહિમપુર વિસ્તારમાં રહસ્યમય સંજોગોમાં ચાર જણનાં મોત થયા હતા. જોકે સ્થાનિક લોકોએ દાવો કર્યો હતો કે લઠ્ઠો પીધા બાદ આ ચારેનાં મોત થયા હતા.

પોલીસના જણાવ્યાનુસાર આ બંને જિલ્લાના પચીસ જેટલા લોકો વિવિધ હૉસ્પિટલમાં હજુ પણ મૃત્યુ સામે ઝઝુમી રહ્યા છે. મોતનું ચોક્કસ કારણ જાણવા મૃત્યુ પામેલાંઓનાં મૃતદેહ પૉસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા હોવાનું તેમણે કહ્યું હતું.

મંગળવારે રાત્રે ઝેરી દારૂ પીધાં બાદ અસરગ્રસ્તો બીમાર પડ્યા હોવાનો આક્ષેપ માઘર અને ઓરિયા પંચાયતના ગામવાસીઓએ કર્યો હતો.

જોકે અધિકારીઓએ કરુણાંતિકામાં મૃત્યુ પામેલાઓ અને અસરગ્રસ્તોનાં નામની જાહેરાત નહોતી કરી.

ઘટનાને મામલે પાંચ પોલીસ અધિકારીને કારણદર્શક નોટિસ પાઠવવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

# હરિયાણાના ફરી મુખ્ય પ્રધાન બન્યા નાયબસિંહ સૈની

ચંડીગઢઃ ઓબીસી નેતા નાયબસિંહ સૈનીએ ગુરુવારે હરિયાણાના મુખ્ય પ્રધાન તરીકે શપથગ્રહણ કર્યા હતા. હરિયાણાના ગવર્નર બાંડારુ દત્તાત્રયે સૈનીને શપથગ્રહણ કરાવ્યા હતા. સૈનીએ હિન્દી ભાષામાં શપથગ્રહણ કર્યા હતા. આ સાથે જ સૈની બીજી વખત હરિયાણાના મુખ્ય પ્રધાન બન્યા હતા.

પંચકુલા ખાતે દશેરા મેદાનમાં યોજવામાં આવેલા આ શપથગ્રહણ સમારોહમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી સહિત એનડીએના અનેક નેતાઓ તેમ જ રાજ્યના હજારો લોકો હાજર રહ્યા હતા. ભાજપશાસિત રાજ્યોના મુખ્ય પ્રધાનોએ પણ આ સમારોહમાં હાજરી આપી હતી. સમારોહમાં ઉપસ્થિત રહેલા અન્ય મહાનુભાવોમાં ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ, આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન ચંદ્રાબાબુ નાયડુ, ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, ગોવાના મુખ્ય પ્રધાન પ્રમોદ સાવંત, આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સર્મા, નાગાલેન્ડના મુખ્ય પ્રધાન નેઈફિયુ રિયો, છત્તીસગઢના મુખ્ય પ્રધાન વિષ્ણુદેવ સાંઈ, મેઘાલયના મુખ્ય પ્રધાન કોનાર્ડ સંગમા અને ઉત્તરાખંડના મુખ્ય પ્રધાન પુષ્કરસિંહ ધામી વગેરેનો સમાવેશ થતો હતો. (એજન્સી) ■



નવા મુખ્ય પ્રધાનઃ પંચકુલામાં ગુરુવારે હરિયાણાની નવી સરકાર માટે યોજાયેલા શપથગ્રહણ સમારોહ દરમિયાન નવા મુખ્ય પ્રધાન નાયબ સિંહ સૈની સાથે વડા પ્રદાન નરેન્દ્ર મોદી. (એજન્સી)


# રેલવે રિઝર્વેશનના નિયમોમાં મોટો ફેરફાર

નવી દિલ્હીઃ ભારતીય રેલવેએ ટ્રેન માટે એડવાન્સ રિઝર્વેશન પીરિયડ (એઆરપી) ૧૨૦ દિવસથી ઘટાડીને ૬૦ દિવસ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય ૧ નવેમ્બરથી અમલમાં આવશે. ટ્રેન ટિકિટ બુકિંગ માટેના નવા નિયમો ૧ નવેમ્બર પહેલા કરાયેલા બુકિંગને અસર કરશે નહીં. ૩૧મી ઑક્ટોબર સુધી કરવામાં આવેલ તમામ બુકિંગ યથાવત રહેશે.

રેલવે બોર્ડે સીટોની એડવાન્સ રિઝર્વેશનના વર્તમાન સમયગાળાને ૧૨૦ દિવસથી ઘટાડીને ૬૦ દિવસ કરી દીધી છે. નવી સિસ્ટમ ૧ નવેમ્બર, ૨૦૨૪થી લાગુ થશે. રેલવે બોર્ડના ૧૬ ઑક્ટોબર, ૨૦૨૪ના પરિપત્રમાં કહેવામાં આવ્યું છે કે, એ નિર્ણય લેવામાં આવ્યો છે કે ૧ નવેમ્બર, ૨૦૨૪થી ટ્રેન દ્વારા એડવાન્સ રિઝર્વેશન માટેની વર્તમાન સમય મર્યાદા ૧૨૦ દિવસથી ઘટાડીને ૬૦ દિવસ (યાત્રાની તારીખ સિવાય) કરવામાં આવશે.''

વધુમાં કહેવામાં આવ્યું છે કે ૧૨૦ દિવસના એઆરપી (એડવાન્સ રિઝર્વેશન પીરિયડ) હેઠળ ૩૧ ઑક્ટોબર સુધી કરાયેલી તમામ બુકિંગ ચાલુ રહેશે. પરિપત્રમાં એઆરપી ઘટાડવાનું કોઈ કારણ આપવામાં આવ્યું નથી. બોર્ડ અનુસાર, જો કે, એઆરપીના ૬૦ દિવસ પછી કરાયેલા બુકિંગને રદ કરવાની મંજૂરી મળશે.

બોર્ડના પરિપત્રમાં કહેવામાં આવ્યું છે કે ''તાજ એક્સપ્રેસ, ગોમતી એક્સપ્રેસ વગેરે જેવી કોઈ દિવસ ચાલતી એક્સપ્રેસ ટ્રેનોના કિસ્સામાં કોઈ ફેરફાર થશે નહીં, જ્યાં એડવાન્સ રિઝર્વેશન માટેની ટૂંકી સમય મર્યાદા લાગુ છે. વિદેશી પ્રવાસીઓ માટે ૩૬૫ દિવસની સમય મર્યાદાના કિસ્સામાં પણ કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ૨૫ માર્ચ ૨૦૧૫ના રોજ રેલવે મંત્રાલયે એઆરપીને ૬૦ દિવસથી વધારીને ૧૨૦ દિવસ કરી હતી.'' ■



સ્વાગતઃ માલાવીના લિલૉન્ગવે ખાતે ઍરપોર્ટ પર આવી પહોંચેલાં ભારતનાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂનું ગાર્ડ ઑફ ઑનરથી સ્વાગત કરવામાં આવ્યું હતું. (એજન્સી)

# ઓડિશામાં નકલી કોલ સેન્ટરનો પર્દાફાશ, છની અટકાયત

ભુવનેશ્વરઃ ઓડિશાના સુંદરપાડા વિસ્તારમાં પોલીસે એક નકલી કોલ સેન્ટરનો પર્દાફાશ કર્યો હતો. તેમજ સાયબર ક્રાઇમમાં કથિત સંડોવણી બદલ છ લોકોની અટકાયત કરી હતી. આ જાણકારી એક અધિકારીએ આપી હતી.

ભુવનેશ્વરના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ પિનાક મિશ્રાએ મીડિયાકર્મીઓ સમક્ષ જણાવ્યું હતું કે બાતમી મળ્યા બાદ અમારી સાયબર પોલીસ અને સ્થાનિક પોલીસની એક ટીમે બુધવારે સવારે એક એપાર્ટમેન્ટના ફ્લેટ પર દરોડો પાડ્યો હતો અને નકલી કોલ સેન્ટરનો પર્દાફાશ કર્યો હતો.

તેમણે કહ્યું કે પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે છ યુવકો દૂષિત ઇમેલ અને લિંક્સ મોકલીને લોકોને છેતરવા માટે નકલી કોલ સેન્ટર ચલાવતા હતા.

મિશ્રાએ જણાવ્યું કે અમારી નિષ્ણાત(ટેક્નિકલ) ટીમ વધુ તપાસ માટે નકલી કોલ સેન્ટર ખાતે પહોંચી હતી. પોલીસે ઘટનાસ્થળેથી લેપટોપ અને મોબાઇલ ફોન સહિત ડિજિટલ ઉપકરણો જપ્ત કર્યા છે. ■

# આંધ્રમાં મંદિર પર હુમલો, દીવાલોને નુકસાન

અન્નામય્યા જિલ્લોઃ આંધ્ર પ્રદેશના અન્નામય્યા જિલ્લાના એક જંગલમાં સ્થિત એક દૂરના મંદિરની દીવાલોને અજાણ્યા બદમાશોએ નુકસાન પહોંચાડ્યું હતું. આ જાણકારી એક પોલીસ અધિકારીએ બુધવારે આપી હતી.

અધિકારીના જણાવ્યા અનુસાર આ ઘટના જંગલની અંદર લગભગ ૩ કિમી દૂર મુલ્કલાચેરુવુ મંડલના કાદિરીનાથુની કોટા ગામ પાસે બની હતી. સરકારી નિવેદન અનુસાર આ મંદિર ભગવાન અંજનેય સ્વામીનું છે. અન્નમય્યા જિલ્લાના પોલીસ અધિક્ષક બી કૃષ્ણ રાવે જણાવ્યું કે આ ખજાનો શોધનારા અથવા મંદિર સાથે સંકળાયેલા હરીફ જૂથોના લોકોનું કામ હોવાની અમને શંકા છે.

પોલીસે ભારતીય ટ્રેઝરી એક્ટ સહિતની વિવિધ કલમો હેઠળ કેસ નોંધીને તપાસ હાથ ધરી છે. આ દરમિયાન મુખ્ય પ્રધાન એન ચંદ્રબાબુ નાયડુએ મંદિર પરના હુમલાની નિંદા કરી હતી. તેમજ અધિકારીઓને ગુનેગારોને સજા અપાવવા માટે ઊંડી તપાસના નિર્દેશ આપ્યા છે. ■

# આસામમાં ટ્રેનના આઠ ડબા પાટા પરથી ખડી પડ્યા

ગુવાહાટીઃ આસામના દીમા હાસો જિલ્લસ્થિત દિબાલોન્ગ સ્ટેશન નજીક ગુરુવારે બપોરે ચાર વાગ્યે ડીમા હાસો તિલક ટર્મિનસ એક્સપ્રેસના આઠ ડબા પાટા પરથી ખડી પડ્યા હોવાનું નોર્થ-ઈસ્ટ ફ્રન્ટિયર રેલવેના અધિકારીઓએ કહ્યું હતું.

આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ કે કોઈને પણ ઈજા થઈ હોવાના અહેવાલ નથી.

ટ્રેન પાટા પરથી ખડી હોવાનું કારણ પણ જાણી શકાયું નહોતું. આ દુર્ઘટનાનું કારણ શોધવા તપાસ ચાલી રહી છે.

ઘટનાની જાણ થતાં જ એક્સિડન્ટ રિલિફ મેડિકલ ટ્રેનને ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી.

બચાવ કામગીરી તેમ જ ટ્રેનસેવા પૂર્વવત કરવાની કામગીરી પર નજર રાખવા વરિષ્ઠ અધિકારીઓને પણ મોકલવામાં આવ્યા હતા.

ઘટનાને પગલા સમડિંગ-બાદરપુર સિંગલ લાઈન હિલ સેક્સનમાં ટ્રેનસેવા સસ્પેન્ડ કરવામાં આવી હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. (એજન્સી) ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બિહારના જ્ઞાતિવાદી રાજકારણમાં પી.કે.ચાલે ખરા?

**મહારાષ્ટ્ર** અને ઝારખંડ વિધાનસભાની ચૂંટણી સાથે દેશભરમાં જે ૪૮ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી થવાની છે તેમાં બિહારમાં પણ ચાર બેઠકોની પેટાચૂંટણી થવાની છે. ચૂંટણી પંચ દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે, આ બેઠકો પર ૧૩ નવેમ્બરે મતદાન થવાનું છે. બિહાર વિધાનસભાની આ ચાર બેઠકો ભાજપ-જેડીયુ અને કૉંગ્રેસ-આરજેડી માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે ત્યારે રાજકીય વિશ્લેષક પ્રશાંત કિશોર પણ મેદાનમાં આવતાં જંગ રસપ્રદ બની ગયો છે.

પ્રશાંત કિશોર રાજકીય નિવેદનબાજી કર્યા કરે છે અને બધા પર પ્રહાર કર્યા કરે છે ત્યારે બિહારની જનતા તેમને સ્વીકારે છે કે નહીં તેની પહેલી કસોટી આ પેટાચૂંટણીમાં થવાની છે કેમ કે પ્રશાંત કિશોરે રાજકીય પક્ષ જન સુરાજ પાર્ટી બનાવ્યા પછી પોતાના પ્રથમ ઉમેદવારના નામની જાહેરાત કરી છે. પ્રશાંત કિશોરે તરારી વિધાનસભા મતવિસ્તારમાંથી નિવૃત્ત આર્મી ઓફિસર લેફ્ટનન્ટ જનરલ શ્રી કૃષ્ણ સિંહને જન સુરાજ પાર્ટીના ઉમેદવાર બનાવ્યા છે. એક ઉમેદવાર તરીકે લેફ્ટનન્ટ જનરલ શ્રી કૃષ્ણ સિંહમા કશું કહેવાપણું નથી કેમ કે કૃષ્ણ સિંહને અતિ વિશિષ્ટ સેવા મેડલ અને ઉત્તમ યુદ્ધ સેવા મેડલ એનાયત કરવામાં આવ્યા છે.

ભારતીય લશ્કર માટે ગૌરવરૂપ ઓપરેશન મેઘદૂત, રક્ષક અને પરાક્રમ જેવી મોટી લશ્કરી કામગીરીમાં સામેલ રહી ચૂકેલા લેફ્ટનન્ટ જનરલ કૃષ્ણ સિંહ ઘણાં ઓપરેશનોનું નેતૃત્વ કરી ચૂક્યા છે. સિયાચિન, કુપવાડા, લેહ વગેરેમાં લશ્કરી કમાન્ડ સંભાળી ચૂકેલા લેફ્ટનન્ટ જનરલ એસ.કે. સિંહે ૪૧ વર્ષ સુધી સેનામાં સેવા આપી છે. ૨૦૧૩માં નિવૃત્તિ પછી તેમણે સશસ્ત્ર દળો ટ્રિબ્યૂનલમાં વહીવટી સભ્ય તરીકે કામ કર્યું છે.

લેફ્ટનન્ટ જનરલ શ્રી કૃષ્ણ સિંહનાં પત્નીનું અવસાન થયું છે અને બંને પુત્રો અમેરિકામાં સારી નોકરીમાં છે તેથી શ્રી કૃષ્ણ સિંહ સંપૂર્ણપણે સમાજસેવાને સમર્પિત છે પણ સવાલ તેમના મતવિસ્તારનાં લોકો તેમને સ્વીકારે છે કે નહીં તેનો છે. લેફ્ટનન્ટ જનરલ સિંહ કે પ્રશાંત કિશોરની પાર્ટીનો એકાદ ઉમેદવાર પણ આ ચૂંટણીમાં જીતશે તો બિહારના રાજકારણમાં નવો અધ્યાય શરૂ થશે એ જોતાં આ ચૂંટણી પી.કે. અને બિહાર માટે મહત્ત્વની છે. રાજકીય વિશ્લેષક પ્રશાંત કિશોરે બે ઓક્ટોબર ને ગાંધી જયંતીના દિવસે સત્તાવાર રીતે રાજકીય પાર્ટી લોન્ચ કરી હતી.

પી.કે.એ પોતાની પાર્ટીનું નામ જન સુરાજ પાર્ટી રાખ્યું છે અને રાજકીય પક્ષની સ્થાપના કરતાં પહેલાં તેઓ બે વર્ષ સુધી જન સુરાજ યાત્રા દ્વારા બિહારના ગામોમાં, શહેરોમાં પદયાત્રા કરી ચૂક્યા છે.

પી.કે. બિહારના જ નહીં પણ દેશના રાજકારણમાં પણ હાઈ પ્રોફાઈલ નામ છે. નરેન્દ્ર મોદીથી માંડીને મમતા બેનરજી સુધીના ધુરંધરોની ચૂંટણી વ્યૂહરચના તૈયાર કરી ચૂકેલા પ્રશાંત કિશોર પોતાની પાર્ટી માટે કેવી વ્યૂહરચના તૈયાર કરે છે તેના પર સૌની નજર છે. પ્રશાંત કિશોર પહેલાં જ સ્પષ્ટ કરી ચૂક્યા છે કે પોતે પાર્ટીનું નેતૃત્વ કરી રહેલા લોકોમાં રહેશે નહીં પણ તેનો અર્થ નથી.

આ પાર્ટીની ઓળખ પી.કે.ની પાર્ટી તરીકેની છે તેથી તેની સફળતા કે નિષ્ફળતા પ્રશાંત કિશોરની જ નિષ્ફળતા કહેવાય. પ્રશાંત કિશોર જન સુરાજ અભિયાન હેઠળ રાજ્યમાં પદયાત્રા કરી ચૂક્યા છે. તેમની પદયાત્રા ૧૭ જિલ્લામાંથી પસાર થઈ હતી અને બે વર્ષમાં તેમણે લગભગ પાંચ હજાર કિલોમીટર ચાલીને ૫૫૦૦થી વધુ ગામડાંની મુલાકાત લીધી હતી. આ વ્યૂહરચના કેટલી અસરકારક નિવડે છે તેની પણ કસોટી થશે.

પ્રશાંત કિશોર સફળ થશે તો બિહારનું રાજકારણ બદલાઈ જશે કેમ કે બિહારનું રાજકારણ છેલ્લાં બે દાયકાથી નીતીશ કુમાર કેન્દ્રિત રહ્યું છે. નીતીશે બિહારમાં જ્ઞાતિવાદનાં એવાં સમીકરણ ગોઠવ્યાં છે કે, તેમને કોઈ પછાડી શકતું નથી. ભાજપ અને આરજેડી બંને મથ્યા કરે છે પણ નીતિશને હટાવી શકતા નથી ને પોતાનો મુખ્યમંત્રી બેસાડી શકતા નથી.

પ્રશાંત કિશોર માટે સૌથી મોટો પડકાર બિહારનું જ્ઞાતિવાદી રાજકારણ છે. બિહારનું આખું રાજકારણ જ્ઞાતિવાદના ગંદવાડ પર જ ચાલે છે ને હંમેશાં બિહારની ચૂંટણી જ્ઞાતિવાદનાં સમીકરણો પર લડાય છે. એક જમાનામાં બિહારના રાજકારણમાં બ્રાહ્મણો અને ઠાકુરોની બોલબાલા હતી પણ વિશ્વનાથ પ્રતાપસિંહે મંડળનું રાજકારણ ચલાવ્યું ને સામે ભાજપે કમંડળ બહાર કાઢ્યું પછી બિહારનું રાજકારણ દલિત, મુસ્લિમ અને અન્ય પછાત વર્ગો (ઓબીસી) પર કેન્દ્રિત થઈ ગયું છે. બિહારમાં સૌથી મોટી મતબેંક ઓબીસીની છે.

બિહારના મતદારોમાં ઓબીસીનો હિસ્સો ૫૧ ટકા છે. આ ૫૧ ટકામાં યાદવો ૧૪ ટકા અને કુર્મી ચાર ટકા છે. યાદવો લાલુની અને કુર્મીઓ નીતીશ કુમારની મતબેંક ગણાય છે. ઓબીસીમાં પણ ઈબીસી નામનો અલગ ફાંટો છે. આપણે ત્યાં ઈબીસી એટલે ઈકોનોમિકલી બેકવર્ડ ક્લાસ છે જ્યારે બિહારમાં ઈબીસી એક્સ્ટ્રીમલી બેકવર્ડ ક્લાસ છે. મતલબ કે પછાતોમાં પણ પછાત. આ ઈબીસીમાં પણ ૧૩૦ જેટલી જ્ઞાતિઓ છે પણ તેમાં કોરી, કુશવાહા અને તેલી મુખ્ય છે. આ પૈકી કોરી ૮ ટકા છે ને એ મતબેંક વહેંચાયેલી છે. કુશવાહા, તેલી ૪-૪ ટકા છે. ગુજરાતમાં જેમને ઘાંચી કહે છે એ ઉત્તર ભારતમાં તેલી કહેવાય છે. ઘાણી ચલાવીને તેલ કાઢવું એ આ જ્ઞાતિનો મુખ્ય વ્યવસાય છે.

બિહારમાં દલિતોની વસતિ ૧૬ ટકા છે. નીતીશ કુમારે ચાલાકી બતાવીને દલિતોમાં પણ મહાદલિતનો ફાંટો પાડવી દીધો છે. નીતીશે બિહારની ૨૩ દલિત જ્ઞાતિઓમાંથી ૨૧ જ્ઞાતિને મહાદલિત જાહેર કરાવી દીધી છે. નીતીશના આ દાવ પછી પાસવાન અને દુસાધ બે જ જ્ઞાતિ દલિતમાં રહી ગઈ છે. તેમની વસતિ ૬ ટકાની આસપાસ છે. મહાદલિતમાં મુશહર, ભૂઈયાન, ડોમ, ચમાર, ધોબી અને નટ જ્ઞાતિઓ મુખ્ય છે. જીતનરામ માંઝી મુશહર જ્ઞાતિના છે. એ સિવાય ગોંડ, સંથાલ અને થારુ આદિવાસીઓ દોઢેક ટકા છે. એ લોકો પણ મહાદલિતની સાથે રહે છે તેથી નીતીશનો માંઝી પર મોટો મદાર છે. નીતીશે તેમાં પણ ફાટફૂટ પડાવવાનો દાવ તો ખેલ્યો જ છે. અત્યંત પછાત વર્ગમાં આવતી મલ્લાહ (નિષાદ) અને નોનિયા એ બે જ્ઞાતિને નીતીશે એસસી-એસટી કેટેગરીમાં મૂકી દીધી હતી કે જેથી તેમને સરકારી નોકરીઓમાં વધારે ફાયદો થાય.

નીતીશે એસસી-એસટી અને ઓબીસીને પોતાની તરફ વાળવા માટે સરકાર દ્વારા અપાતા ૧૫ લાખ રૂપિયા સુધીના કોન્ટ્રાક્ટમાં પણ અનામત દાખલ કરીને પચાસ ટકા કોન્ટ્રાક્ટ એસસી, એસટી, ઈબીસી અને ઓબીસીને આપવા એવું ફરમાન બહાર પાડ્યું હતું. તેના કારણે આ જ્ઞાતિઓ નીતીશ તરફ ઢળેલી છે. બિહારમાં મુસ્લિમોની વસતિ ૧૭ ટકાની આસપાસ છે. આ મતબેંક નીતીશ કુમાર અને લાલુ પ્રસાદ યાદવ વચ્ચે વહેંચાઈ જાય છે.

પી.કે. ભાજપની બી ટીમ કહેવાય છે એ જોતાં આ જ્ઞાતિવાદનાં સમીકરણોમાં એ કેટલું કાઠું કાઢશે એ સવાલ છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર શરદઋતુ), શુક્રવાર, તા. ૧૮-૧૦-૨૦૨૪

- ભારતીય દિનાંક ૨૬, માહે આશ્વિન, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, આશ્વિન વદ -૧
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે આશ્વિન, તિથિ વદ-૧
- પારસી શહેનશાહી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧લો હોરમજદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૪મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૫મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર અશ્વિની બપોરે ક. ૧૩-૨૫ સુધી, પછી ભરણી.
- ચંદ્ર મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૩૪ અમદાવાદ ક. ૦૬ મિ. ૩૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૨'', અમદાવાદ ક. ૧૮ મિ. ૧૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સવારે ક. ૧૧-૫૫, મધ્ય રાત્રે ક. ૦૦-૪૯ (તા. ૧૯)
- ઓટઃ સાંજે ક. ૧૮-૧૧
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, આશ્વિન કૃષ્ણ - પ્રતિપદા. ઈષ્ટિ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ અશ્વિનીકુમાર દેવતાનું પૂજન, શુક્ર-કેતુ ગ્રહદેવતાનું પૂજન, પરદેશનું પસ્તાનું, પ્રયાણ શુભ, નવા વસ્ત્ર, આભૂષણ, વિદ્યારંભ, હજામત, ઘર, વાસણો, પશુ-લે વેંચ, પ્રથમ વાહન, નૌકા, યંત્ર, દસ્તાવેજ, દુકાન-વેપાર, માલ લેવો, ધાન્ય ભરવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, શ્રી વિષ્ણુ લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર-બુધ પ્રતિયુતિ ઉગ્ર પ્રકૃત્તિના
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ પ્રતિયુતિ,
- ગ્રહગોચરઃ સૂર્ય-તુલા, મંગળ-મિથુન, બુધ-તુલા, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-વૃશ્ચિક, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર ■

# સુપ્રીમ કોર્ટે નાગરિકતા કાયદાની કલમ ૬એની માન્યતાને સમર્થન આપ્યું

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે ગુરુવારે નાગરિકતા કાયદાની કલમ ૬એની બંધારણીય માન્યતાને સમર્થન આપ્યું હતું જે ૧ જાન્યુઆરી, ૧૯૬૬ અને ૨૫ માર્ચ, ૧૯૭૧ વચ્ચે આસામમાં આવેલા વસાહતીઓને ભારતીય નાગરિકત્વ આપે છે.

બંધારણીય બેંચનાં પાંચમાંથી ચાર ન્યાયાધીશે તરફેણમાં ચુકાદો આપ્યો હતો.

મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચૂડની આગેવાની હેઠળની પાંચ ન્યાયાધીશની બંધારણીય બેંચે જણાવ્યું હતું કે આસામ સમજૂતી ગેરકાયદેસર સ્થળાંતરની સમસ્યાનો રાજકીય ઉકેલ છે.

આસામ એકોર્ડ હેઠળ આવરી લેવામાં આવેલા લોકોની નાગરિકતા સાથે વ્યવહાર કરવા માટે વિશેષ જોગવાઈ તરીકે નાગરિકતા કાયદામાં કલમ ૬એ દાખલ કરવામાં આવી હતી.

માન્યતાને સમર્થન આપતા ચંદ્રચૂડે કહ્યું કે આસામમાં સ્થળાંતર કરનારાઓના ધસારાની તીવ્રતા અન્ય રાજ્યોની તુલનામાં વધુ છે. અને જમીનના નાના કદને ધ્યાનમાં લેતા અને વિદેશીની શોધ એ એક વિસ્તૃત પ્રક્રિયા છે.

જસ્ટિસ સૂર્યકાન્ત, જસ્ટિસ એમએમ સુંદરેશ અને મનોજ મિશ્રાએ ચંદ્રચૂડ સાથે સહમતિ દર્શાવી હતી અને કહ્યું હતું કે સંસદ પાસે આવી જોગવાઈ ઘડવાની કાયદાકીય ક્ષમતા છે.

જોકે, જસ્ટિસ જેબી પારડીવાલાએ અસંમતિ દર્શાવી હતી અને કલમ ૬એને ગેરબંધારણીય ગણાવી હતી.

બહુમતીના ચુકાદામાં કહેવામાં આવ્યું હતું કે આસામમાં પ્રવેશ અને નાગરિકતા આપવા માટેની ૨૫ માર્ચ, ૧૯૭૧ની કટ ઑફ ડેટ સાચી છે.

રાજ્યમાં વિવિધ વંશીય જૂથોની હાજરીનો અર્થ એ નથી કે કલમ ૨૯(૧)નું ઉલ્લંઘન કરવું, એમ તેણે ઉમેર્યું.

આ સાથે બેન્ચે કલમ ૬એની બંધારણીય માન્યતા પર સવાલ ઉઠાવતી અરજીઓને ફગાવી દીધી હતી.

નાગરિકતા અધિનિયમની કલમ ૬એ ગેરકાયદેસર વસાહતીઓને ભારતીય નાગરિકતાના લાભો આપે છે - મોટે ભાગે બાંગ્લાદેશથી, જેઓ ૧ જાન્યુઆરી, ૧૯૬૬ અને ૨૫ માર્ચ, ૧૯૭૧ વચ્ચે આસામમાં પ્રવેશ્યા હતા.

કેન્દ્રની રાજીવ ગાંધી સરકાર અને ઓલ આસામ સ્ટુડન્ટ્સ યુનિયન વચ્ચે આસામ સમજૂતી પર હસ્તાક્ષર થયા બાદ ૧૯૮૫માં જોગવાઈનો સમાવેશ કરવામાં આવ્યો હતો.૧૯૮૫માં સુધારેલા નાગરિકતા કાયદા અનુસાર, જેઓ ૧ જાન્યુઆરી, ૧૯૬૬ના રોજ અથવા ૨૫ માર્ચ, ૧૯૭૧ પહેલા બાંગ્લાદેશ સહિતના નિર્દિષ્ટ પ્રદેશોમાંથી, આસામમાં આવ્યા હતા અને ત્યારથી ઉત્તરપૂર્વીય રાજ્યના રહેવાસીઓ છે, તેઓએ ભારતીય નાગરિકતા મેળવવા માટે કલમ ૧૮ હેઠળ પોતાની નોંધણી કરાવવી ફરજિયાત છે.

# ઉત્તર પ્રદેશના બહરાઇચ હત્યાકાંડમાં બે આરોપીઓને પોલીસે મારી ગોળી, નેપાળ ભાગવાની તૈયારીમાં હતા

બહરાઇચઃ ઉત્તર પ્રદેશના બહરાઈચના મહારાજગંજમાં યુવકની હત્યા મામલાના બે આરોપીઓ પોલીસ એન્કાઉન્ટરમાં ઘાયલ થયા હતા. રાજ્યના એડીજી લો એન્ડ ઓર્ડરે કહ્યું હતું કે બહરાઇચ હિંસાના તમામ પાંચ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. તે બધા નેપાળ ભાગી જવાની યોજના બનાવી રહ્યા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર જ્યારે આરોપીઓ નેપાળ ભાગી જવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે આંતરરાષ્ટ્રીય સરહદ પાસે હાંડા બસેહરી નહેર પાસે પોલીસ એન્કાઉન્ટર થયું હતું. જેમાં આરોપી સરફરાઝ ઉર્ફે રિંકૂ અને ફહીમને ગોળી વાગી હતી. બહરાઇચમાં હિંસા દરમિયાન ૨૨ વર્ષીય રામ ગોપાલ મિશ્રાની કથિત રીતે હત્યા કરનારા બે આરોપીઓને એન્કાઉન્ટરમાં ગોળી વાગી હતી.

પોલીસે જણાવ્યું હતું કે આરોપીઓ સરફરાઝ ઉર્ફે રિંકુ અને ફહીમ નેપાળ ભાગી જવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે આંતરરાષ્ટ્રીય બોર્ડર નજીક હાંડા બસેહરી કેનાલ પાસે એન્કાઉન્ટર દરમિયાન ગોળી મારવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર બંને તરફથી ગોળીબાર થયો હતો.

ઉત્તર પ્રદેશ પોલીસે આ મામલે એક નિવેદન જાહેર કરી જણાવ્યું હતું કે રવિવારે મહારાજગંજમાં એક યુવકની ગોળી મારીને હત્યા કરવાના કેસમાં પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે, જેમના નામ મોહમ્મદ ફહીમ, મોહમ્મદ તાલીમ, મોહમ્મદ સરફરાઝ, મોહમ્મદ હમીદ અને મોહમ્મદ અફઝલ છે. પોલીસે પ્રથમ આરોપીઓની પૂછપરછ બાદ હત્યામાં વપરાયેલ હથિયાર રીકવર કરવા ટીમ જતા આરોપીઓએ પોલીસ પર ફાયરિંગ કર્યું હતું. જવાબી કાર્યવાહીમાં બે આરોપીઓને ગોળી વાગી હતી. બંને ગંભીર રીતે ઘાયલ છે. તેની સારવાર કરવામાં આવી રહી છે. હત્યામાં વપરાયેલ હથિયાર મળી આવ્યા છે. પોલીસ અધિક્ષક વૃંદા શુક્લાએ કહ્યું કે તમામ આરોપીઓ સામે એનએસએ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. આ ઉપરાંત જે લોકો આ આરોપીઓને રક્ષણ આપતા હતા તેમની સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવશે. આરોપીઓ પાસેથી ગેરકાયદેસર હથિયારો પણ મળી આવ્યાં હતાં.

નોંધનીય છે કે બહરાઈચના મહારાજગંજમાં રવિવારે સાંજે દુર્ગા મૂર્તિના વિસર્જન દરમિયાન થયેલા હોબાળા બાદ રામ ગોપાલ મિશ્રા નામના યુવકની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી, જેના પછી ગુસ્સે ભરાયેલા ટોળાએ તોફાન મચાવ્યું અને દુકાનોમાં આગ ચાંપી હતી.

અગાઉ બહરાઇચ હિંસાને પગલે નેપાળ સરહદે સુરક્ષા વધારી દેવામાં આવી હોવાની માહિતી પ્રાપ્ત થઇ છે.

તણાવગ્રસ્ત મહારાજગંજમાં બુધવારે સતત ત્રીજા દિવસે મોબાઈલ ઈન્ટરનેટ અને બ્રોડબેન્ડ સેવાઓ સ્થગિત રહી હતી જેની રોજિંદા જીવન અને વ્યવસાયોને અસર થઈ હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે મંગળવારથી કોઈ અપ્રિય ઘટનાની જાણ ન થતાં બહરાઇચ અને તેની આસપાસની સ્થિતિ સામાન્ય થઈ રહી છે. નેપાળ સાથેની આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતા બહરાઇચની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, સશસ્ત્ર સીમા બાલે સરહદ પર તકેદારી વધારી છે અને તેમના સમકક્ષો સુધી પણ પહોંચી છે, તેમને લોકોની 'બિનજરૂરી' અવરજવર પર નિયંત્રણ રાખવા જણાવ્યું છે, તેવું વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

જિલ્લામાં ભારે પોલીસ તૈનાત હતી જ્યાં રવિવારે સાંપ્રદાયિક હિંસા ફાટી નીકળી હતી, ખાસ કરીને મહસી તાલુકામાં મહારાજગંજ નગરના ૨૦ કિમીની ત્રિજ્યામાં. ■

# ભારતે પોતાની સામે યુદ્ધ કરનારા દેશોને પણ મદદ કરી છેઃ ભાગવત

સુરતઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ-આરએસએસના વડા મોહન ભાગવતે ગુરુવારે કહ્યું હતું કે આપણા પૂર્વજોએ વારસામાં આપેલા સિદ્ધાંતોને કારણે ભારતે પોતાની સામે યુદ્ધ કરનારા દેશોને પણ મદદ કરી છે.

એક સમયે ભારત સામે યુદ્ધ ઘોષિત કરનારા દેશોને પણ ભારતે મદદ કરી છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે વર્ષ ૧૯૯૯માં પાકિસ્તાને કારગિલમાં કરેલા દુઃસાહસ બદલ તેને વળતો જવાબ આપવાનો ભારત પાસે વિકલ્પ હતો, પરંતુ તત્કાલીન સરકારે હુમલા માટે સરહદ ન ઓળંગવાની અને ભારતની સરહદમાં આવેલા સૈનિકોને જ નિશાન બનાવવાની સેનાને સૂચના આપી હતી.

જૈન સમુદાય દ્વારા યોજવામાં આવેલા એક સમારોહ દરમિયાન ભાગવતે આ નિવેદન કર્યું હતું. જૈન ધર્મના નેતા આચાર્ય મહાશ્રમણ પણ આ સમારોહમાં હાજર રહ્યા હતા.

ભારત દ્વારા પાકિસ્તાનની સરહદમાં ઘૂસીને કરવામાં આવેલી સર્જિકલ સ્ટ્રાઈક અને હુમલાનો ઉલ્લેખ કરતાં ભાગવતે કહ્યું હતું કે એ વખતે પણ ભારતે દેશ માટે સમસ્યા ઊભાં કરનારાંઓને જ નિશાન બનાવ્યા હતા. ભારતે સંપૂર્ણ પાકિસ્તાન પર હુમલો નહોતો કર્યો, પરંતુ ભારત માટે સમસ્યારૂપ બનેલા લોકોને નિશાન બનાવીને જ હુમલો કર્યો હતો.

વર્ષ ૨૦૧૬ના સપ્ટેમ્બરમાં ભારતે માત્ર એલઓસી પાસે પીઓકેસ્થિત આતંકવાદીઓના લૉન્ચ પૅડ પર જ હુમલો કર્યો હતો.

વર્ષ ૨૦૧૯ના ફેબ્રુઆરીમાં ભારતીય હવાઈ દળે પુલવામા આતંકવાદી હુમલાનો વળતો જવાબ આપતાં બાલાકોટમાં હવાઈહુમલો કર્યો હતો.

અંતે તો ભારત તમામ સમસ્યાઓનો અંત લાવશે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે પૂર્વજોએ સ્થાપેલા સિદ્ધાંતોને વળગી રહેવા વચનબદ્ધ હોવાને કારણે એક સમયે ભારત સામે યુદ્ધ ઘોષિત કરનાર અને હાલમાં ઘેરી આર્થિક કટોકટીનો સામનો કરી રહેલા દેશને પણ ભારતે મદદ કરી છે.

ભારત હુમલો કરતું નથી અને તેનાં પર કરવામાં આવતા કોઈ પણ હુમલાને સહન પણ નથી કરતું. (એજન્સી) ■

# વિશ્વની સમસ્યાનો ઉકેલ યુદ્ધમાં નહિ પણ બુદ્ધમાં છેઃ મોદી



બુદ્ધમ શરણમ ગચ્છામિઃ દિલ્હીમાં ગુરુવારે ઈન્ટરનેશનલ અભિધમ્મા દિવસના યોજાયેલા કાર્યક્રમ દરમિયાન બૌદ્ધ સાધુ સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (એજન્સી)

નવી દિલ્હીઃ વિશ્વની સમસ્યાનો ઉકેલ યુદ્ધમાં નહિ પણ બુદ્ધમાં છે એમ જણાવતાં મોદીએ ગુરુવારે ભારપૂર્વક કહ્યું હતું કે વિશ્વ આમાંથી બોધપાઠ લેશે તો શાંતિ માટેનો માર્ગ ખૂલશે.

સ્વતંત્રતા મળ્યા બાદ દેશના સાંસ્કૃતિક વારસાની અવગણના કરવાને મામલે કૉંગ્રેસ પર આકરાં પ્રહાર કરતાં મોદીએ ભારપૂર્વક કહ્યું હતું કે પાલિને પ્રાચીન ભાષા તરીકે મળેલી માન્યતા ભગવાન બુદ્ધના મહાન વારસાનું સન્માન છે. આંતરરાષ્ટ્રીય અભિધમ્મા દિવસની ઉજવણી નિમિત્તે યોજવામાં આવેલા એક સમારોહને મોદીએ વર્તમાન વૈશ્વિક રાજકીય પરિસ્થિતિનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે યુદ્ધ કઈ રીતે ખાળવું એ આપણે બૌદ્ધ ધર્મ પાસે શીખી શાંતિનો માર્ગ અપનાવવો જોઈએ.

પ્રત્યેક દેશ તેનાં વારસાને તેની ઓળખ સાથે સાંકળે છે ત્યારે ભારત એ બાબતમાં ઘણું જ પાછળ રહી ગયું છે, એમ તેમણે કહ્યું હતું.

અગાઉ વડા પ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે ભાજપના પ્રથમ સક્રિય સભ્ય બન્યા હતા. તેમણે પક્ષનું 'સક્રિય સભ્ય અભિયાન' લોન્ચ કર્યું હતું.

મોદીએ 'સક્રિય સદસ્યતા'ભાજપના પ્રમુખ જે. પી. નડ્ડા અને મહામંત્રી વિનોદ તાવડે જેઓ રાષ્ટ્રવ્યાપી સદસ્યતા ઝુંબેશના કન્વીનર છે તેમની હાજરીમાં સ્વીકારી હતી.

ભાજપના સક્રિય સભ્યે ઓછામાં ઓછા ૫૦ વ્યક્તિઓને બૂથ કે વિધાનસભા બેઠકમાં પક્ષના સભ્યો બનાવવા પડે. ફક્ત સક્રિય સભ્યો પક્ષની સંસ્થાકીય ચૂંટણીમાં ભાગ લઈ શકશે. આ ઝુંબેશ પતી ગયા બાદ ભાજપમાં સંસ્થાકીય ચૂંટણી થશે.

મોદીએ 'એક્સ' પર મૂકેલી પોસ્ટમાં લખ્યું હતું કે વિકસિત ભારત સર્જવાના અમારા પ્રયાસો વેગવંતા બન્યા. ભાજપ કાર્યકર્તા તરીકે પ્રથમ સક્રિય સભ્ય બનીને અને 'સક્રિય સભ્ય અભિયાન' લોન્ચ કરીને ગર્વ અનુભવું છું.

આ ચળવળથી આપણો પક્ષ જમીની સ્તરે મજબૂત બનશે અને રાષ્ટ્રીય પ્રગતિમાં આપણા પક્ષના કાર્યકર્તાના અસરકારક યોગદાનની ખાતરી મળશે. મોદીએ નોંધ લીધી હતી કે 'સક્રિય સભ્યો મંડળ કમિટી માટે ચૂંટણીમાં ઊભા રહી શકશે.

આ સાથે તેમને ભવિષ્યમાં પક્ષ માટે કામ કરવાની અનેક તક મળશે. ભાજપ દર છ વર્ષે સભ્ય બનાવાની ઝુંબેશ લોન્ચ કરે છે. હાલના ભાજપના દરેક સભ્યે નવેસરથી સભ્ય બનવું પડશે. આની સાથે નવા સભ્યોને પણ સામેલ કરાય છે. (એજન્સી) ■

# સીબીઆઇએ કાર્તિ ચિદમ્બરમ અને અન્ય સામે ચીની વિઝા ભ્રષ્ટાચાર કેસમાં ચાર્જશીટ કરી

નવી દિલ્હીઃ સીબીઆઇએ કૉંગ્રેસના સાંસદ કાર્તિ ચિદમ્બરમ અને અન્ય લોકો સામે ૨૦૧૧માં જ્યારે તેના પિતા પી. ચિદમ્બરમ કેન્દ્રીય ગૃહ પ્રધાન હતા ત્યારે એક પાવર કંપની માટે ચાઇનીઝ નાગરિકોને વિઝાની ખાસ સુવિધા આપવા માટે કથિત લાંચના સંબંધમાં ચાર્જશીટ દાખલ કરી છે, એમ અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું.અહીંની એક વિશેષ અદાલત સમક્ષ રજૂ કરવામાં આવેલી તેની ચાર્જશીટમાં, સીબીઆઈએ કાર્તિ ચિદમ્બરમ, તેના કથિત નજીકના સહયોગી એસ ભાસ્કરરામન, વેદાંતની પેટાકંપની તલાવંડી સાબો પાવર લિમિટેડ (ટી એસ પી એલ) અને મુંબઈ સ્થિત બેલ ટૂલ્સનું નામ આપ્યું છે, જેના દ્વારા કથિત રીતે લાંચ લેવામાં આવી હતી, એમ તેઓએ કહ્યું હતું. એજન્સીએ ભારતીય દંડ સંહિતા અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની જોગવાઈઓ હેઠળ ગુનાહિત ષડયંત્ર, છેતરપિંડી અને બનાવટના આરોપો દાખલ કર્યા છે.

ચાર્જશીટ કરાયેલા અન્ય આરોપીઓમાં વિરલ મહેતા, અનુપ અગ્રવાલ, મન્સૂર સિદ્દીકી અને ચેતન શ્રીવાસ્તવનો સમાવેશ થાય છે.

સીબીઆઈએ ૨૦૨૨ માં નોંધાયેલી તેની એફઆઈઆરની બે વર્ષની તપાસ પછી ચાર્જશીટ દાખલ કરી છે જેમાં તેણે આરોપ મૂક્યો હતો કે પંજાબ સ્થિત ટી એસ પી એલ ૧૯૮૦ મેગાવોટનો થર્મલ પાવર પ્લાન્ટ સ્થાપી રહી છે અને તે કામ ચીનની કંપની શેનડોંગ ઇલેક્ટ્રિક પાવર કન્સ્ટ્રક્શન કોર્પને આઉટસોર્સ કરવામાં આવ્યું હતું. એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે કાર્તિ ચિદમ્બરમ અને ભાસ્કરરામન વિવિધ મંત્રાલયોમાં પ્રધાન તરીકે પી. ચિદમ્બરમના પ્રભાવ હેઠળના કાર્યાલયોમાં પડતર પ્રશ્નોના નિરાકરણ માટે ગેરકાયદે ચુકવણીની વસૂલાતમાં સામેલ હતા.

# બહુવિધ પ્રશ્ને ચાલતી ક્વોરી એસોસિએશનની હડતાળનો અંતઃ મુખ્ય પ્રધાનની હૈયાધારણ

અમદાવાદઃ રાજ્યમાં ચાલતી ક્વોરી એસોસિએશનની હડતાળનો આખરે આજે અંત આવ્યો છે. છેલ્લા ૧૫ દિવસથી સમગ્ર રાજ્યમાં ક્વોરી એસોસિએશનની હડતાળ ચાલી રહી હતી, જેનો આજે સુખદ અંત આવ્યો છે અને એસોસિએશને હડતાળ સમેટી લીધી છે. ઉલ્લેખનીય છે કે મુખ્ય પ્રધાન સાથેની બેઠક બાદ આજે ક્વોરી એસોસિએશને હડતાળ પૂર્ણ કરી છે. રાજ્યભરના ક્વોરી માલિકો છેલ્લા ૧૫ દિવસથી હડતાળ પર હતા. ત્યારે આજે ૧૦૦૦ ક્વોરી માલિકો અંબાજી મંદિર પહોંચ્યા હતા અને અંબાજી મંદિર ખાતે ક્વોરી માલિકોએ ધજા ચઢાવી અને માતાજીના દર્શન કરીને હડતાળ સમેટી લીધી છે, તેવી જાહેરાત કરી હતી. તમને જણાવી દઈએ કે ૨ ઓક્ટોબરના રોજ દ્વારકાધીશના દર્શન કરીને ક્વોરી માલિકોએ રાજ્યભરમાં હડતાળ શરૂ કરી હતી, જે આજે સમેટી લીધી છે. રાજ્યભરમાં ક્વોરી ઉદ્યોગ બંધ થવાના કારણે અનેક લોકો બેરોજગાર બન્યા હતા. ક્વોરી ઉદ્યોગના પડતર પ્રશ્નને લઈને તમામ જગ્યાઓએ ક્વોરી ઓનર્સ એસોસિએશન દ્વારા કલેક્ટરને આવેદનપત્ર પાઠવીને રજૂઆતો કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે હાલમાં પર્યાવરણીય મંજૂરી અને ખાણકામ આયોજનના કારણસર રાજ્યમાં ૬૦ ટકા જેટલી ખાણોના રોયલ્ટી એકાઉન્ટ બંધ કરી દેતા આ ઉદ્યોગને મોટો ફટકો પડ્યો છે. ક્વોરી ઉદ્યોગના પડતર પ્રશ્નો અંગે અગાઉ અનેકવાર ગુજરાત બ્લેક ટ્રેપ ક્વોરી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી તેમ છતાં સમસ્યાનો કોઈ ઉકેલ આવ્યો નહતો. ક્વોરી ઉદ્યોગના પડતર પ્રશ્નો લઈને કચ્છ સહિત તમામ લીઝો અચોક્કસ મુદત સુધી બંધ કરી દેવામાં આવી હતી. ત્યારે કચ્છનો ક્વોરી ઉદ્યોગ બંધ થવાના કારણે અનેક લોકો બેરોજગાર બન્યા હતા. આ સાથે જ વડોદરા, પંચમહાલ અને ખેડા જિલ્લાની કુલ ૧૨૫ ક્વોરીઓ બંધ થઈ હતી. માત્ર મધ્ય ગુજરાતમાંથી રાજ્ય સરકારને એક દિવસની ૭૫ લાખ રૂપિયા રોયલ્ટી ભરવામાં આવે છે, તે બંધ થતા સરકારને પણ કરોડો રૂપિયાનું નુકસાન થઈ રહ્યું હતું. સાથે જ શ્રમજીવી પરિવારોની રોજીરોટીનો સવાલ ઉભો થયો હતો, કારણ કે ક્વોરી ઉદ્યોગના માલિકોએ અચોક્કસ મુદત સુધી હડતાળ પર હતા. જો કે આજે આ હડતાળનો સુખદ અંત આવ્યો છે. ■

# કળજગ - વડોદરાના ડભોઈમાં સાવકા પિતાએ ૧૮ વર્ષીય પુત્રીનું શિયળ લૂંટી લીધુંઃ આરોપી જેલ હવાલે

અમદાવાદઃ ડભોઈમાં ૧૮ વર્ષીય યુવતી સાથે તેના સાવકા પિતાએ બળાત્કાર કર્યાની ઘટના સામે આવી છે, ભોગ બનનાર યુવતીના માતા અને દીકરીના સાવકા પિતાને કાકા તરીકે બોલાવતી હોય તે ઈસમે જ ૧૮ વર્ષીય યુવતી ઉપર એકલતાનો લાભ લઈ બે વાર દુષ્કર્મ આચર્યું છે. સગીરાએ માતાને જણાવતા ડભોઈ પોલીસને ફરિયાદ કરવા જતા પોલીસે યુવતીને બદનામી અને લગ્ન નહીં થાય એવું જણાવી ફરિયાદ ના લેતા ફરિયાદી સગીરા વડોદરા એસ.પીને ફરિયાદ કરવા પહોંચી હતી, ત્યારે આ ઘટના પ્રકાશમાં આવી બાદમાં એસ.પી રોહન આનંદની સૂચનાથી ડભોઈ પોલીસે ફરિયાદ લઈ કાર્યવાહી હાથ ધરી અને આરોપીને ઝડપી પાડી જેલ હવાલે કર્યો છે. વડોદરા શહેર બાદ હવે ડભોઈ નગરમાં વધુ એક બળાત્કારની ઘટના પ્રકાશમાં આવી છે. ૧૩-૧૦-૨૦૨૪ના રોજ ૧૮ વર્ષીય યુવતી સાથે દુષ્કર્મ આચરવાની ઘટના બની છે. નરાધમ યુવતીની માતા સાથે પ્રેમ સંબંધ રાખીને પતિની જેમ સાથે રહેતો અને સગીરા તેને કાકા તરીકે બોલાવતી એવા નરાધમે જ ૧૮ વર્ષીય યુવતી સાથે બે વાર દુષ્કર્મ આચર્યું છે. ડભોઈ નગરના એક વિસ્તારમાં ભોગ બનનાર યુવતી માતા સાથે રહેતી હતી અને ૭ વર્ષથી પ્રેમી તરીકે રહેતા અને યુવતી તેને કાકા તરીકે બોલાવતી એવા લાલભાઈ નગીનભાઈ વસાવા કે જેઓ યુવતીના પિતાના મૃત્યુ બાદ ડભોઈમાં માતા અને ભાઈ સાથે મામાના ઘરે રહેતી હતી. યુવતીના ઘરમાં કોઈ ના હોય તે સમયે આ લાલભાઈ વસાવા કે જેઓ યુવતીની માતાનો પ્રેમી અને તેને યુવતી કાકા તરીકે બોલાવતી હતી. તે યુવતીને ધમકાવીને તેની સાથે બે વાર દુષ્કર્મ આચર્યું અને બાદમાં માતાને અને તેને મારી નાખવાની ધમકી આપી હતી. યુવતીએ ઘટના માતાને જણાવતા સમગ્ર ઘટના પ્રકાશમાં આવ્યા બાદ પોલીસને ફરિયાદ કરવા યુવતી પહોંચી હતી પણ ડભોઈ પોલીસે બદનામી અને લગ્ન નહીં થાય તેવુ બહાનું આગળ ધરીને ફરિયાદ લીધી ન હતી.

ત્યારબાદ જણાવ્યું હતું કે લાલભાઈને ગામ છોડાવી દઈશું, જેવા આરોપ પોલીસ પર લગાવી ભોગ બનનાર યુવતી વડોદરા ગ્રામ્ય પોલીસ વડા રોહન આનંદ સમક્ષ ફરિયાદ કરવા પહોંચી હતી અને તે પછી એસ.પી રોહન આનંદની સૂચના બાદ ડભોઈ પોલીસે યુવતીની ફરિયાદ લેવા કાર્યવાહી હાથ ધરી અને ભોગ બનનારની ફરિયાદના આધારે પોલીસે આરોપીને શોધી ડભોઈ નજીકથી જ આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ■

# ઈરાની ગેંગના બે આરોપીની ધરપકડઃ ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં આચર્યા છે ગુના

અમદાવાદઃ અમદાવાદ ગ્રામ્ય પોલીસે ગુજરાત તેમજ અન્ય રાજ્યોમાં ૧૦૦થી વધુ ગુનાઓ આચરી ચૂકેલી કુખ્યાત ઈરાની ગેંગના ૨ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આ ગેંગ પોલીસ હોવાની ઓળખ આપીને લોકોને ઠગતા હતા. ગુનાહિત ઇતિહાસ ધરાવતા આ આરોપીઓ ૨૦થી વધુ ગુનાને અંજામ આપી ચૂક્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર વિરમગામ પોલીસ જ્યારે વાહન ચેકિંગ કરી રહી હતી ત્યારે તેમને નંબર પ્લેટ વગરની એક ચોરાયેલી બાઈક મળી આવી હતી. બાઇક પર સવાર મુસ્તફા જાફરી અને શાખી જાફરીને પોલીસે તપાસ માટે રોક્યા હતા. પોલીસ તપાસ દરમિયાન બંને આરોપીઓ પાસેથી નકલી પોલીસ આઈડી કાર્ડ મળી આવ્યા હતા. ત્યારબાદ પોલીસે બંને આરોપીને કસ્ટડીમાં લઈ વધુ પૂછપરછ શરૂ કરી હતી, તે દરમિયાન મુસ્તફા જાફરી અને શાખી જાફરી ઈરાની ગેંગના સભ્યો હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે બંને આરોપીને કસ્ટડીમાં લઈ વધુ પૂછપરછ શરૂ કરી હતી, પોલીસ તપાસમાં કુખ્યાત ઈરાની ગેંગ દ્વારા ગુજરાતમાં ૨૦ થી વધુ ગુનાને અંજામ આપવામાં આવ્યો હોવાનું ખૂલ્યું છે. તે ઉપરાંત આરોપીઓનો ગુનાહિત ઇતિહાસ હોવાનું પણ બહાર આવ્યું છે. આરોપીઓએ ગુજરાત, મુંબઇ મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશમાં આ ગેંગ દ્વારા ૧૦૦થી વધુ ગુના આચર્યા છે. ■

# દરિયાઈ પ્રદૂષણની ઘટનાઓનું સંચાલન કરવા માટે ભારતીય કોસ્ટ ગાર્ડ તૈયાર

અમદાવાદઃ ભારતીય કોસ્ટ ગાર્ડ પ્રાદેશિક મુખ્યાલય (ઉત્તર પશ્ચિમ)એ ૧૪ અને ૧૬ ઓક્ટોબર ૨૦૨૪ દરમિયાન વાડીનાર ખાતે ત્રણ દિવસીય પ્રાદેશિક સ્તરની પ્રદૂષણ પ્રતિભાવ એક્સરસાઇઝ હાથ ધરી હતી. આ એક્સરસાઇઝનો ઉદ્દેશ્ય ભારતના દરિયાઈ પર્યાવરણને સુરક્ષિત રાખવા માટે દરિયાઈ પ્રદૂષણની એકીકૃત પ્રતિક્રિયા સુનિશ્ચિત કરવા હિતધારકો વચ્ચે સજ્જતા અને સંકલન કૌશલ્યને વધારવાનો હતો.

આ ઇવેન્ટમાં બહોળી પ્રવૃતિઓ જેવી કે બ્રેઈનસ્ટોર્મિંગ સેશન્સ, ટેબલ ટોપ એક્સરસાઇઝ, કિનારાની સફાઈ અને કચ્છના અખાતમાં દરિયામાં પ્રદૂષણ પ્રતિભાવનું જીવંત પ્રદર્શન સામેલ હતું, જે પ્રદૂષણની ઘટનાઓનું સંચાલન કરવા માટે આઈસીઝીની કાર્યકારી તૈયારી દર્શાવે છે. વિવિધ ઓઇલ હેન્ડલિંગ એજન્સીઓ, રાજ્ય વહીવટીતંત્રો અને પ્રતિભાવ સંસ્થાઓના પ્રતિનિધિઓ નોંધપાત્ર સહભાગીઓમાં હતા.

આ એક્સરસાઇઝ સંભવિત ઓઇલ સ્પીલ માટે વ્યૂહાત્મક અને વ્યૂહાત્મક પ્રતિભાવ બન્ને પર કેન્દ્રિત હતી. જેમાં વાસ્તવિક સમયના સહકાર, સંસાધન એકત્રીકરણ અને અદ્યતન પ્રદૂષણ પ્રતિભાવ સાધનોના ઉપયોગ પર ભાર મૂકવામાં આવ્યો હતો. મુખ્ય દરિયાઈ ઉદ્યોગોની ભાગીદારી આંતર-એજન્સી સંકલન વધારવા અને પ્રદેશમાં દરિયાઈ પ્રદૂષણની ઘટનાઓના કિસ્સામાં ત્વરિત પગલાંની ખાતરી કરવા માટે આઈસીઝીના પ્રયત્નોને વધુ મજબૂત બનાવે છે.

આ કવાયત દરિયાઇ પર્યાવરણનું રક્ષણ કરવા અને ભારતના દરિયાકાંઠા અને દરિયાઇ સંસાધનોની ટકાઉપણું સુનિશ્ચિત કરવા માટે આઈસીઝી સતત પ્રતિબદ્ધતાનો એક ભાગ છે. ભારતીય કોસ્ટ ગાર્ડ દેશના દરિયાઈ હિતોનું રક્ષણ કરવા અને પ્રદૂષણ મુક્ત દરિયાઈ ઈકોસિસ્ટમ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે.

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ખાનગી સોસાયટી જનભાગીદારી ઘટક અન્વયે વડોદરા મહાનગરપાલિકા તથા જસદણ અને વિજાપુર નગરપાલિકાઓમાં કુલ મળીને ૫૩ કામો માટે ૩ કરોડ ૧૪ લાખ રૂપિયા રાજ્ય સરકારના ફાળા પેટે આપવાની મંજૂરી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આપી છે. મુખ્યમંત્રી એ આ સંદર્ભમાં વડોદરા મહાનગરપાલિકાને ૨ કરોડ ૭૮ લાખના ખર્ચે વિવિધ ૫૦ કામો માટે મંજૂરી આપી છે. તેમણે જસદણ નગરપાલિકાને સી.સી. રોડના કામ માટે રૂ. ૧૯.૧૭ લાખ તેમજ વિજાપુર નગરપાલિકાને સી.સી. રોડ અને પેવર બ્લોકના કામો માટે ૧૭.૪૩ લાખ રુપિયા ફાળવવા અનુમતિ આપી છે.

૨૦૧૦માં ગુજરાતની સ્થાપનાના ૫૦ વર્ષ પૂર્ણ થવા અવસરે તત્કાલીન મુખ્ય મંત્રી અને વર્તમાન વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના શરૂ કરાવી છે. અત્યાર સુધીમાં રાજ્ય સરકારે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે આ ખાનગી સોસાયટી જનભાગીદારી યોજના અંતર્ગત મહાનગરપાલિકાઓને ૩૬,૪૧૮ કામો માટે રૂ. ૨૧૧૨.૨૩ કરોડ અને નગરપાલિકાઓને ૭,૩૩૪ કામો માટે રૂ. ૩૧૮.૮૩ કરોડ મળીને કુલ ૪૩,૭૫૨ કામો માટે રૂ. ૨૪૩૦.૪૬ કરોડ રાજ્ય સરકારના ફાળા પેટે ફાળવેલા છે.

રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ તેમના વિસ્તારોમાં આવેલી ખાનગી સોસાયટીઓમાં પાયાની મૂળભૂત કોમન ફેસેલિટીઝના કામો માટે આ યોજના અંતર્ગત ગ્રાંટની રકમ મેળવી શકે છે. ખાનગી સોસાયટીઓમાં રસ્તા, પેવર બ્લોક, પાણીની લાઈન, ડ્રેનેજ લાઈન, સ્ટ્રીટ લાઈટ, રેઈન વોટર હાર્વેસ્ટીંગ તેમજ સોસાયટીઓના કોમન પ્લોટમાં પેવર બ્લોક નાંખવાના કામો માટે આ સહાય ૭૦:૨૦:૧૦ના ધોરણે અપાય છે. ■

# ગુજરાતમાં કચ્છથી ભાવનગર સુધીનો દરિયાકિનારો 'ડોલ્ફિનનું ઘર'

ગાંધીનગરઃ ગુજરાત સૌથી લાંબો સમુદ્રીકિનારો ધરાવતો હોવાના કારણે અનેક દુર્લભ જળચર પ્રાણીઓ જોવા મળે છે. જેમાં ડોલ્ફિન સૌથી સુંદર અને આકર્ષક પ્રાણી છે. ત્યારે ગુજરાતમાં કચ્છથી ભાવનગર સુધીના દરિયાકિનારે ડોલ્ફિનનું અસ્તિત્વ નોંધાયું છે. રાજ્યના ૪,૦૮૭ ચો.કિ.મી.ના દરિયાઈ વિસ્તારમાં અંદાજે ૬૮૦ ડોલ્ફિન નોંધાઈ છે. જેમાં ઓખાથી નવલખી સુધી વિસ્તરેલા ૧,૩૮૪ ચો.કિ.મીની ના વિસ્તારમાં સૌથી વધુ ૪૯૮ ડોલ્ફિન હોવાની સંભાવના છે. ભારત સરકારે ૫મી ઓક્ટોબર ૨૦૦૯ના રોજ ડોલ્ફિનને ભારતના 'રાષ્ટ્રીય જળચર પ્રાણી' તરીકે જાહેર કર્યું છે.

વન અને પર્યાવરણ પ્રધાન મુળુ બેરાએ ડોલ્ફિન વસ્તી ગણતરી-૨૦૨૪ની વિગતો આપતા જણાવ્યું હતું કે ગુજરાતના ૪,૦૮૭ ચો.કિ.મી.ના દરિયાઈ વિસ્તારમાં અંદાજે ૬૮૦ ડોલ્ફિન નોંધાઈ છે ત્યારે જળચર તેમજ વન્યજીવ પ્રવાસન ક્ષેત્રે પણ ગુજરાતે હરણફાળ ભરી છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે ગુજરાતમાં કચ્છથી ભાવનગર સુધીનો દરિયાકિનારો 'ડોલ્ફિનના ઘર' તરીકે પ્રસ્થાપિત થયો છે. કચ્છના અખાતના દક્ષિણી ભાગમાં આવેલા મરીન નેશનલ પાર્ક અને મરીન સેન્ચુરીના, ઓખાથી નવલખી સુધી વિસ્તરેલા ૧,૩૮૪ ચો.કિ.મીની ના વિસ્તારમાં સૌથી વધુ ૪૯૮ ડોલ્ફિન હોવાની સંભાવના છે. જ્યારે કચ્છના અખાતના ઉત્તર તરફના ભાગમાં કચ્છ વર્તુળ હેઠળના ૧,૮૨૧ ચો.કિ.મી.માં ૧૬૮, ભાવનગરના ૪૯૪ ચો.કિ.મી.માં ૧૦ તેમજ મોરબીના ૩૮૮ ચો.કિ.મી.માં ૪ ડોલ્ફિન જોવા મળી છે. આમ કુલ મળીને ૪,૦૮૭ ચો.કિ.મી.ના દરિયા વિસ્તારમાં અંદાજે ૬૮૦ ડોલ્ફિન નોંધાઈ છે, જે સમગ્ર રાજ્યની શોભા વધારે છે.

તેમણે ઉમેર્યું હતું કે, આ ડોલ્ફિનને બચાવવામાં કચ્છથી ભાવનગર સુધી દરિયામાં માછીમારી કરતા માછીમાર ભાઈઓનું યોગદાન પણ એટલું જ મહત્ત્વનું છે. આ સર્વગ્રાહી પ્રયાસોના પરિણામે ગુજરાતના દરિયાકિનારે જોવા મળતી ડોલ્ફિન દેશ - વિદેશના પ્રવાસીઓ માટે નવું આકર્ષણ કેન્દ્ર બન્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકારે ૫મી ઓક્ટોબર ૨૦૦૯ના રોજ ડોલ્ફિનને ભારતના રાષ્ટ્રીય જળચર પ્રાણી' તરીકે જાહેર કર્યું છે. સાથે જ, ડોલ્ફિન માનવમિત્ર જળચર' તરીકે જાણીતી છે તેમજ તેના બૌદ્ધિક-મનોરંજક સ્વભાવ માટે લોકપ્રિય છે. કચ્છથી ભાવનગર સુધીના દરિયાકાંઠે ડોલ્ફિનને માણવી- જોવી એ અપાર આનંદની સાથે રોમાંચક અનુભવ પ્રદાન કરે છે. ■

# સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મુખ્યમંત્રીનું 'ખૂલ જા સિમ સિમ': ફાળવી દીધા ૨૪30 કરોડ

અમદાવાદઃ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ખાનગી સોસાયટી જનભાગીદારી ઘટક અન્વયે વડોદરા મહાનગરપાલિકા તથા જસદણ અને વીજાપુર નગરપાલિકાઓમાં કુલ મળીને ૫૩ કામો માટે ૩ કરોડ ૧૪ લાખ રૂપિયા રાજ્ય સરકારના ફાળા પેટે આપવાની મંજૂરી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આપી છે.

મુખ્યમંત્રી એ આ સંદર્ભમાં વડોદરા મહાનગરપાલિકાને બે કરોડ ૭૮ લાખના ખર્ચે વિવિધ ૫૦ કામો માટે મંજૂરી આપી છે. તેમણે જસદણ નગરપાલિકાને સી.સી. રોડના કામ માટે રૂ. ૧૯.૧૭ લાખ તેમજ વીજાપુર નગરપાલિકાને સી.સી. રોડ અને પેવર બ્લોકના કામો માટે ૧૭.૪૩ લાખ રૂપિયા ફાળવવા અનુમતી આપી છે.

૨૦૧૦ માં ગુજરાતની સ્થાપનાના ૫૦ વર્ષ પૂર્ણ થવા અવસરે તત્કાલીન મુખમંત્રી અને વર્તમાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના શરૂ કરાવી છે.

અત્યાર સુધીમાં રાજ્ય સરકારે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે આ ખાનગી સોસાયટી જનભાગીદારી યોજના અંતર્ગત મહાનગરપાલિકાઓને ૩૬,૪૧૮ કામો માટે રૂ.૨૧૧૨.૨૩ કરોડ અને નગરપાલિકાઓને ૭,૩૩૪ કામો માટે રૂ. ૩૧૮.૮૩ કરોડ મળીને કુલ ૪૩,૭૫૨ કામો માટે રૂ. ૨૪૩૦,૪૬ કરોડ રાજ્ય સરકારના ફાળા પેટે ફાળવેલા છે. રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ તેમના વિસ્તારોમાં આવેલી ખાનગી સોસાયટીઓમાં પાયાની મૂળભૂત કોમન ફેસેલિટીઝના કામો માટે આ યોજના અંતર્ગત ગ્રાંટની રકમ મેળવી શકે છે.

ખાનગી સોસાયટીઓમાં રસ્તા, પેવર બ્લોક, પાણીની લાઈન, ડ્રેનેજ લાઈન, સ્ટ્રીટ લાઈટ, રેઈન વોટર હાર્વેસ્ટિંગ તેમજ સોસાયટીઓના કોમન પ્લોટમાં પેવર બ્લોક નાંખવાના કામો માટે આ સહાય ૭૦/૨૦/૧૦ ના ધોરણે અપાય છે.

તદઅનુસાર, કુલ સંભવિત રકમના ૭૦ ટકા ગ્રાંટ રાજ્ય સરકાર તરફથી ફાળવવામાં આવે છે. ૨૦ ટકા પ્રમાણે ખાનગી સોસાયટીના અને ૧૦ ટકા સ્થાનિક સંસ્થાનો ફાળાનો સમાવેશ કરીને આવા બેઝિક કોમન ફેસેલિટીઝનાં કામો ખાનગી સોસાયટીઓમાં જનભાગીદારીથી હાથ ધરવામાં આવે છે. ■

# જનનીની જોડ સખી નહીં જડે રે લોલ

## જન્મ આપનારી જનની દેવલોક પામ્યા બાદ પણ ત્રણ લોકોને નવું જીવન આપતી ગઈ



અમદાવાદઃ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બે દિવસમાં બે અંગદાન થયાં છે. પ્રથમ કિસ્સામાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં થયેલા ૧૭૦માં અંગદાનની વિગતો જોઈએ તો, અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં રહેતા ભાનુબેન વાઘેલાને તારીખ ૧૦ ઓક્ટોબરના રોજ પોતાના ગામ સુરેન્દ્રનગરના કોઠારીયા ખાતે માતાજીનું નિવેજ કરી પાછાં ફરતાં જુહાપુરા ખાતે માર્ગ અકસ્માત થતા માથાના ભાગે ઇજા થઇ હતી.

માથાની ગંભીર ઇજાના કારણે પ્રથમ પ્રાઇવેટ હોસ્પિટલમાં અને ત્યારબાદ એસ.વી. પી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યાં. ત્યારબાદ વધુ સારવાર અર્થે તારીખ ૧૧ ઓક્ટોબરના રોજ તેમને સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે રીફર કરવામાં આવ્યાં. સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તા.૧૪.૧૦.૨૦૨૪ ના રોજ ડોક્ટરોએ ભાનુબેનને બ્રેઈનડેડ જાહેર કર્યાં હતાં.

સિવિલ હૉસ્પિટલના ડૉક્ટરોની ટીમે ભાનુબેનના બે દીકરાઓ ને અંગદાન વિશે સમજાવતા બંને દીકરાઓ ઉમંગભાઈ અને હર્ષદભાઈએ હૃદયપૂર્વક જન્મ આપનાર માતાના અંગોનું દાન કરી બીજા કોઈ માસૂમનાં માથે થી તેની માતાની છત્રછાયા જતી રહેતા બચાવવાનો ઉમદા નિર્ણય કર્યો.

બીજા કિસ્સામાં ૧૭૧માં અંગદાનની વાત કરી એ તો તારીખ ૧૬.૧૦.૨૪ ના રોજ સિવિલ હૉસ્પિટલ ના આઇસીયુ માં સારવાર દરમ્યાન એક યુવાન વ્યક્તિ બ્રેઇન ડેડ થતા તેના પરીવારજનો દ્વારા તેમના અંગોનું ગુપ્ત દાન કરવાનો સરાહનીય નિર્ણય લેવામાં આવ્યો હતો જેનાથી એક લીવર , બે કીડની તથા હૃદયનું દાન મળ્યું.

અમદાવાદ સિવિલ હૉસ્પિટલનાં તબીબી અધિક્ષક ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું હતું કે, આ બે અંગદાન થકી સિવિલ હૉસ્પિટલ દ્વારા અત્યાર સુધીમાં કુલ ૫૫૫ અંગોનું દાન મળેલ છે. જેના થકી ૫૩૭ વ્યકિતઓને જીવનદાન મળ્યું છે.

દાનમાં મળેલ ચાર કિડની તેમજ બે લીવરને સીવીલ મેડિસિટી કેમ્પસની કિડની હૉસ્પિટલમાં જરૂરિયાતમંદ દર્દીમાં પ્રત્યારોપણ કરવામાં આવશે, તેમજ હૃદયને યુ એન મેહતા હૉસ્પિટલમાં દાખલ દર્દીમાં પ્રત્યારોપણ કરવામાં આવશે. આ સાથે મળેલ બે આંખોનું દાન સિવિલ મેડિસિટી કેમ્પસની એમ એન્ડ જે આંખની હૉસ્પિટલ દ્વારા સ્વીકારવામાં આવ્યું.

અત્રે ઉલ્લેખનીય છે, સિવિલ હૉસ્પિટલમાં અત્યાર સુધીમાં ૩૦૮ કિડની, લીવર -૧૪૮, ૫૨ હૃદય ,૩૦ ફેફસા, ૯ સ્વાદુપિંડ, બે નાના આંતરડા, પાંચ સ્કીન અને ૧૧૬ આંખોનું દાન મળ્યું છે. ■

# દિવાળી વેકેશનમાં સાયબર માફિયાઓ સક્રિયઃ ફેક વેબસાઈટ બનાવી ડિસ્કાઉન્ટ સાથે નહિવત કિંમતમાં પેકેજ આપી લોભ-લાલચમાં ફસાવશે

અમદાવાદઃ દિવાળી વેકેશન આડે હવે ગણતરીના દિવસો જ બાકી છે, ત્યારે ઘણા લોકો પરિવાર સાથે ફરવા જતા હોય છે. જે માટે એડવાન્સમાં હોટલ અને ધર્મશાળા સહિત બુકિંગ કરાવી દે છે. ત્યારે ફેક વેબસાઈટ બનાવી ડિસ્કાઉન્ટ સાથે નહિવત કિંમતમાં પેકેજ આપી લોભ-લાલચમાં ફસાવી છેતરપિંડી કરતા સાયબર માફિયાઓ પણ સક્રિય થઈ ગયા છે.

ઘણીવાર સસ્તાના ચક્કરમાં ઘણા લોકો પોતાની મોટી રકમ ગુમાવે છે, ત્યારે જાણો તમે કઈ રીતે આ ફેક વેબસાઈટને ઓળખી શકો છો અને છેતરપિંડીનો ભોગ બનતા કઈ રીતે બચી શકો છો. આ સાથે જ બુકિંગ કરતા પહેલાં કઈ બાબતોનું ધ્યાન રાખવું? શું કરવું? શું ન કરવું?

સાયબર એક્સપર્ટ મયૂરે જણાવ્યુ હતું કે, ગુજરાતની પ્રજા ફરવા માટે ટેવાયેલી છે. જ્યાં- જ્યાં વર્લ્ડ વિસ્તરેલું છે, ત્યાં ત્યાં ગુજરાતી પ્રજા આપણને જોવા મળતી હોય છે.

દિવાળીનો સમય એવો હોય છે કે, ગુજરાતીઓ ફરવા માટે પહેલેથી જ બુકિંગ કરતા હોય છે અને સાયબર અપરાધીઓ એનો જ ફાયદો ઉઠાવવા માટે જાણીતાં સ્થળોની જાણીતી હોટલ કે ધર્મશાળાની ફેક વેબસાઈટ બનાવે છે અને ઇન્ટરનેટ પર તેનો ફ્લો કરે છે. ગુજરાતની પ્રજા સામાન્ય રીતે સર્ચ એન્જિન પર સર્ચ કરીને તે જગ્યાનું નામ અને હોટલનું નામ લખતા હોય છે.

તેનો જ લાભ લઈને સાયબર માફિયાઓ તેની ફેક યુઆરએલ બનાવીને તેને સ્પોન્સર્ડ સ્વરૂપે દર્શાવીને સર્ચ એન્જિન ઓપ્ટિમાઈઝેશન ટેક્નિકનો ઉપયોગ કરીને ટોપ પર બતાવવાનો પ્રયત્ન કરે છે. લોકોને ટેવ હોય છે કે પહેલા, બીજા અને ત્રીજા નંબર પર જે પણ વેબસાઈટ દેખાતી હોય છે, તેના ઉપર ક્લિક કરી બુકિંગ કરી દેતા હોય છે.

વધુમાં કહ્યું કે, સાયબર માફિયાઓ જાણીતી હોટલ અને ટ્રાવેલ એજન્ટોને વેબસાઈટ પર જે રકમ હોય છે, તેના કરતાં ઓછી રકમનું પેકેજ સાથે તેનાં પર પણ ડિસ્કાઉન્ટ પેકેજ આપતા હોય છે. જેના કારણે લોકોના માનસ પર લોભ લાલચ જાગે છે અને તેઓના ખિસ્સા ખાલી કરે છે.

આવા સાયબર માફિયાઓ સો ટકા હોટલનું બુકિંગ માંગે છે અને તેઓ ક્યુઆર કોડના માધ્યમથી પેમેન્ટ કરાવે છે. આ ક્યુઆર કોડ કોઈ હોટલના નામનો હોતો નથી, તે વ્યક્તિગત નામનો હોય છે. આવી વેબસાઈટો સવારના સમયે ઉદય થાય છે અને સાંજના સમયે અસ્ત થઈ જાય છે. હાલમાં આવા ઘણા કિસ્સાઓ સામે આવી રહ્યા છે, ગત વર્ષે આ એ.મો. પર કરોડો રૂપિયા ઠગબાજોએ લોકોના ઠગી લીધા હતા. જ્યારે વ્યક્તિ પોતાના પરિવાર સાથે તે સ્થળ પર પહોંચે છે, ત્યારે કોઈપણ જાતનું ત્યાં બુકિંગ જોવા મળતું નથી અને ત્યારે જ ખ્યાલ આવે છે કે તેની જોડે છેતરપિંડી થઈ છે.

જે ટ્રસ્ટેડ વેબસાઈટ છે અને ટ્રસ્ટેડ ટ્રાવેલ પોર્ટલ છે, તેના પરથી જ બુકિંગની આશા રાખવી જોઈએ. કોઈપણ વેબસાઈટ ફેક છે કે નહીં? તે ચેક કરવા માટે who is domin સર્ચ કરી તેનો યુઆરએલ પેસ્ટ કરી ચેક કરી શકો છો. જેમાં તમને આ વેબસાઈટનો ઓનર અને વેબસાઈટ ક્યારે રજિસ્ટર થઈ છે તેની વિગતો બતાવશે. મોટા ભાગની ફેક વેબસાઈટ એક બે મહિના અગાઉ જ રજિસ્ટર થયેલી હોય છે, ત્યારે આ બાબતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. ■

# મુંદરા પોર્ટ પર DRIની કાર્યવાહીઃ લાકડાના ભુંસામાં આવ્યા આઠ કરોડના કાજુ

ભુજઃ ગાંધીધામ ડીઆરઆઈને દાણચોરીના પ્રયાસને નાકામ કરવામાં સફળતા મળી છે. મુંદરા અદાણી બંદર પર લાકડાના ભુંસાના નામે આવેલા કેટલાક કન્ટેનરોમાંથી ગાંધીધામ ડીઆરઆઈએ આઠ કરોડના કાજુના જથ્થાને જપ્ત કરી દાણચોરીના પ્રયાસને નાકામ બનાવ્યો હતો.

તહેવારોના દિવસોમાં બજારમાં ડ્રાયફ્રુટ્સની માંગ વિશેષ હોય છે ત્યારે મિસડિક્લેરેશન થકી ડ્રાયફ્રૂટ્સનું સ્મગલિંગ પણ વધે છે તેવામાં ડિરેક્ટોરેટ ઓફ રેવન્યૂ ઈન્ટેલિજન્સની ગાંધીધામ શાખાને મળેલા ઈન્પુટના આધારે વીયેતનામથી મુંદરા લાકડાના ભુંસાના નામે આયાત થયેલા સાત કન્ટેનરોને અલગ તારવીએ ઊંડી તપાસ શરૂ કરવામાં આવી હતી.

ડીઆરઆઈને લાકડાના ભૂંસા સાથે છુપાવેલા કાજુના ૧૦૦ મેટ્રિક ટન વજનના પેકેટ્સના ઢગલા મળી આવ્યા હતા, જેની ભારતીય બજાર અનુસાર કિંમત આઠ કરોડ આંકવામાં આવી છે.

આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ડિક્લેર કરેલા ભુંસાની કિંમત માત્ર ૨૫ લાખ દર્શાવવામાં આવી હતી. કસ્ટમ તંત્રથી બચવા દાણચોરોએ કન્ટેનરમાં ચારે તરફ લાકડાનો ભુંસો ભરી નાખવામાં આવ્યો હતો અને તેની વચ્ચોવચ્ચ કાજુના પેકેટ્સ રખાયા હતા. ડીઆરઆઈની પ્રાથમિક તપાસમાં નવસારી, બરોડા, વાપીના એક સમૂહએ એક કંપની બનાવીને આ આયાત કરી હોવાનું બહાર આવતાં સંબંધિતોની ઊલટ તપાસ શરૂ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે. ■

# રામપુરા નજીક નકલી જીરાનો કારોબાર ઝડપાયો

અમદાવાદઃ ઊંઝા તાલુકાના રામપુરા ગામ નજીકથી નકલી જીરાનો કારોબાર ઝડપાયો છે. રામપુરા ગામ નજીકથી નકલી જીરું પકડાયું.

મહેશ પટેલના ગોડાઉનમાં ભાર્ગવ પટેલ નકલી જીરું બનાવતો હતો. આશરે ૩૫૦૦ પ્લાસ્ટિક બેગ નકલી જીરું પકડી લેવાયું છે. નાના કદની વરિયાળી ઉપર ગોળની રસી અને પથ્થરનો પાવડર ભેળવી નકલી જીરું બનાવાતું હતું.

વરિયાળી ઉપર ગોળની રસી લગાવ્યા બાદ પથ્થરનો પાવડર લગાવી મિક્સર મશીનમાં લઈ જવાતું અને આ જથ્થાને ત્યારબાદ સુકવી દેવાતા નકલી જીરું તૈયાર થઈ જતું. જેમાં વરિયાળીમાં કલરનો ઉપયોગ કરવામાં આવતો હતો. અંદાજિત ૮૧ લાખનો મુદ્દામાલ કબજે લેવાયો છે.

પાલો કરીને અસલી જીરુંમાં નકલી જીરું ભેળવી વેચાણ થતું હતું. જેનો દિલ્હી, હરિયાણા, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશના બજારમાં મોટા પ્રમાણમાં વેચાણ થાય છે અને હાઈવેની હોટલ અને ઢાબા ઉપર મોટા પ્રમાણમાં નકલી જીરુંનો ઉપયોગ થતો હોવાની વિગત સૂત્રો દ્વારા સામે આવી છે. અસલીની તુલનામાં નકલી જીરું ૧૦૦ રૂપિયા નીચા ભાવે વેચાણ થતું હતું. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# આંતરજ્ઞાતીય લગ્ન કરનારાં યુગલોએ સરકારી સુરક્ષા માટે ખિસ્સાં ખંખેરવાં પડશે

મુંબઈઃ ઘરેથી ભાગીને લગ્ન કરનારા આંતરજ્ઞાતીય અને આંતરધર્મી યુગલો માટે રાજ્ય આખામાં સુરક્ષિત આશ્રય ઊભા કરવામાં આવશે. આ આશ્રયસ્થળોમાં પોલીસની દેખરેખ રહેશે. એકાદ યુગલને આ આશ્રયનો આશરો લેવો હશે તો તેના માટે પૈસા ચૂકવવા પડશે, એવી માહિતી હાઈ કોર્ટમાં આપવામાં આવી હતી.

આવાં યુગલોની સુરક્ષા માટે હાઉસિંગ ડિપાર્ટમેન્ટે ગયા મહિને માર્ગદર્શક તત્ત્વો બહાર પાડ્યાં હતાં. સામાજિક અને ન્યાય તેમ જ વિશેષ સહાય ડિપાર્ટમેન્ટ તરફથી દરેક જિલ્લાના મુખ્યાલયમાં આ સુરક્ષા આશ્રય ઊભા કરવામાં આવશે. આ આશ્રયસ્થળોમાં રહેવું હોય તો યુગલોએ પહેલા મહિના માટે થોડા પૈસા આપવા પડશે. ઓછા ભાવમાં આ આશ્રયસ્થાનો ઉપલબ્ધ કરવામાં આવશે, એવું હાઉસિંગ ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું. જોકે આશ્રયસ્થાનો માટે ખરેખર કેટલા પૈસા વસૂલવામાં આવશે એ અંગેની વિગતો હજી સુધી આપવામાં આવી નથી.

ભાગીને લગ્ન કરનારાં યુગલોની સુરક્ષા બાબતે સુપ્રીમ કોર્ટે ૨૦૧૮માં તમામ રાજ્યો માટે આદેશ બહાર પાડ્યો હતો. આ મુદ્દો એક સુનાવણીમાં ન્યાયાધીશ રેવતી મોહિતે-ડેરે અને ન્યાયાધીશ પૃથ્વીરાજ ચવ્હાણની બનેલી ખંડપીઠ સમક્ષ રજૂ થયો હતો. સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર બહાર પાડવામાં આવેલાં માર્ગદર્શક તત્ત્વોની માહિતી ખંડપીઠ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. આવા ગુનાની તપાસ કેવી રીતે કરવી, યુગલોને કેવી રીતે સુરક્ષા પૂરી પાડવી તેમ જ આ માટે ખાસ સ્થાપવામાં આવેલા સ્પેશિયલ સેલની વિગતો કોર્ટને આપવામાં આવી હતી. આ વિગતો અનુસાર કેટલી સુરક્ષા આશ્રયસ્થાનો અને સ્પેશિયલ સેલના સ્થાપના રાજ્ય આખામાં કરવામાં આવી છે, તેની માહિતી ખંડપીઠને રાજ્ય સરકારે આપી હતી. આ પ્રકરણમાં હવે પછીની સુનાવણી ૨૧મી ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ થવાની છે. ■

# મત માગવા માટે અમારી ચાલમાં પગ પણ નહીં મૂકતા...

### વરલી બીડીડી ચાલીના રહેવાસીઓનો મતદાનનો બહિષ્કાર

મુંબઈઃ કોઈ પણ રાજકીય પક્ષ અથવા ઉમેદવારે પ્રચાર માટે કે મત માગવા માટે અમારી ચાલીમાં પગ મૂકવો નહીં, એવું આક્રમક વલણ મુંબઈના વરલી વિસ્તારમાં આવેલી બીડીડી ચાલના રહેવાસીઓએ અપનાવ્યું છે. આ ચાલીઓમાં 'પ્રથમ તબક્કાના ઘર અમારા હક્કના છે, કોઈના બાપના નથી.. રાજ્ય સરકાર, મ્હાડાનો જાહેર બહિષ્કાર' જેવા વિરોધ પ્રદર્શનના લખાણ ધરાવતા પાટિયા બીડીડી ચાલીઓની બહાર જોવા મળી રહ્યા છે. વરલી બીડીડી ચાલમાં ૩૫થી વધુ રહેવાસીઓએ મતદાનનો બહિષ્કાર કર્યો છે. પરિણામે વિધાનસભાની ચૂંટણી વખતે આ મુદ્દો ભડકે તેવી શક્યતા દેખાઈ રહી છે. વરલી બીડીડી ચાલ પુનર્વિકાસ પ્રોજેક્ટ હેઠળની પુનર્વસન ઇમારતોના પ્રથમ તબક્કામાં સમાવેશ થયેલી ચાલીઓ બાકાત રાખવામાં આવી હતી. એને બદલે ત્રીજા તબક્કાની ચાલી પહેલા તબક્કાની પુનઃનિર્માણ ઇમારતમાં સામેલ કરવામાં આવી હતી. રહેવાસીઓએ આ નિર્ણયનો સખત વિરોધ કર્યો છે. પ્રથમ તબક્કામાં જ સામેલ કરવામાં આવે એવી આ રહેવાસીઓની ઈચ્છા છે. રાજ્ય સરકાર અને મ્હાડાએ ભારે અવ્યવસ્થા સર્જી હોવાનો આક્ષેપ પણ રહેવાસીઓએ કર્યો છે. આ કારણસર જ રાજ્ય સરકાર અને મ્હાડાના નિર્ણયના વિરોધમાં ચાલના ૩૫થી વધુ રહેવાસીઓએ મતદાનનો બહિષ્કાર કર્યો છે.

આ અંગે મુંબઇ બોર્ડના અધિકારીઓનો સંપર્ક સાધવામાં આવતાં તેમણે આદર્શ આચારસંહિતાને ધ્યાનમાં રાખીને આ મુદ્દે કોઇ ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો હતો. ■

# વેસ્ટર્ન હાઈવે પર ચાર સબ-વે અને બે ફ્લાયઓવરનું ટૂંક સમયમાં સમારકામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર ચાર સબ-વે અને બે ફ્લાયઓવરના રિપેરિંગના કામ બહુ જલદી ચાલુ કરવામાં આવવાના છે. આગામી વિધાનસભાની ચૂંટણી માટે આચારસંહિતા લાગૂ પડે તે પહેલા જ આ કામને પ્રશાસનની મંજૂરી મળી ગઈ છે. આ સમારકામ માટે પાલિકાએ ૧૪.૭૩ કરોડ રૂપિયાના ફાળવ્યા છે.

મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) એ ૨૦૨૨માં ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેનું હસ્તાંતરણ મુંબઈ મહાનગરપાલિકાને કર્યું હતું. ફ્લાયઓવર, સબ-વે, ફ્લાયોવર અને એક્સપ્રેસ-વેના ઓડિટ કરવા માટે માર્ચ ૨૦૨૩માં પાલિકાએ વીરમાતા જિજાબાઈ ટેક્નોલોજીકલ ઈન્સ્ટિટ્યૂટ (વીજેટીઆઈ)ની નિમણૂક કરી હતી. વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર આવેલા ૪૪ ફ્લાયઓવર, સબવે અને બ્રિજના સર્વેક્ષણ કરવા માટે કન્સલ્ટન્ટ નીમવામાં આવ્યો હતો, જેમાંથી છના તાત્કાલિક ધોરણે ઈન્સ્પેશન અને સમારકામની આવશ્યકતા હોવાનો અહેવાલ તેણે આપ્યો હતો.

એ બાદ પાલિકાએ ટેન્ડર બહાર પાડ્યા હતા, જેમાં સૌથી ઓછી બોલી લગાવનારા કાન્ટ્રેક્ટરને કામનો કૉન્ટ્રેક્ટ આપ્યો હતો. આ કામ ચોમાસા સહિતના ૧૨ મહિનામાં પૂરું કરવાની ધારણા છે.

વીજેટીઆઈના રિપોર્ટના આધારે દરેક પુલનું વિગતવાર સ્ટ્રક્ચરલ ઓડિટ કરવામાં આવ્યું હતુ અને જરૂરી સમારકામ માટે એસ્ટીમેટ કાઢવામાં આવ્યો હતો. સમારકામ માટે ઓળખી કાઢવામાં આવેલા પુલનું કામ પહેલા લેવામાં આવ્યું છે. પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ પાલિકાએ પહેલાથી અંધેરીથી મલાડ સુધીના ૫૧ પુલ અને ઘાટકોપરથી મુલુંડ સુધીના ૪૨ પુલના સમારકામ માટે કૉન્ટ્રેક્ટ આપી દીધો છે. ■

# પુત્રને નોકરી અપાવવાને બહાને પિતા સાથે છેતરપિંડી

થાણેઃ પોસ્ટ વિભાગમાં પુત્રને નોકરી અપાવવાને બહાને ૬૧ વર્ષના વૃદ્ધ સાથે ત્રણ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવતાં પોલીસમાં ફરિયાદ નોંધાવાઇ હતી. કલ્યાણમાં રહેનારા ૬૪ વર્ષના વૃદ્ધ વિરુદ્ધ પોલીસે છેતરપિંડીનો ગુનો દાખલ કર્યો હતો.

આરોપીએ ફરિયાદીના પુત્રને પોસ્ટ વિભાગમાં નોકરી મેળવી આપવાને બહાને રૂ. પાંચ લાખ લીધા હતા, પણ તે નોકરી અપાવી શક્યો નહોતો. આથી ફરિયાદીએ પૈસા પાછા માગતાં તેણે બે લાખ પરત કર્યા હતા, એમ બાઝારપેઠ પોલીસ સ્ટેશનના અધિકારીએ કહ્યું હતું.

આરોપી બાકીના પૈસા પાછા કરવા માટે ટાળાટાળ કરી રહ્યો હતો. ■

પાચમાં પાનાનું ચાલુ

## બિશ્નોઇ ગેન્ગનો

સભ્યો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. એપ્રિલમાં સલમાન ખાનના બાંદ્રાના નિવાસસ્થાને બિશ્નોઇ ગેન્ગના સભ્યોએ ગોળીબાર કર્યા બાદ આ ગુનો દાખલ કરાયો હતો. ગેન્ગસ્ટર લોરેન્સ બિશ્નોઇ, તેના ભાઇ અનમોલ, સંપત નેહરા, ગોલ્ડી બ્રાર અને રોહિત ગોધારાનાં નામ એફઆઆરઆઇમાં છે.

નવી મુંબઈ પોલીસે આ કેસમાં બિશ્નોઇ ગેન્ગના સભ્યો ધનંજય ઉર્ફે અજય કશ્યપ ઉર્ફે ન્હાવી, ગૌરવ ભાટિયા, વાસ્પી ખાન ઉર્ફે વસીમ ચિકના, રિઝવાન ખાન ઉર્ફે જાવેદ અને દીપક હવા સિંહ ઉર્ફે જોનની ધરપકડ કરી હતી.

બાદમાં પોલીસે જૂનમાં દાવો કર્યો હતો કે સલમાન તેના પનવેલ નજીક ફાર્મહાઉસમાં આવે ત્યારે તેની હત્યા કરવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું.

તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે લોરેન્સ બિશ્નોઇ અને સંપત નેહરાએ સલમાનના બાંદ્રાના નિવાસસ્થાન, પનવેલ ફાર્મહાઉસ અને ફિલ્મ શૂટિંગના સ્થળે સલમાનની અવરજવરની નોંધ કરવા માટે ગેન્ગના ૬૦થી ૭૦ સભ્યોને રોક્યા હતા. ખાસ કરીને આરોપીઓએ પાકિસ્તાનથી લવાયેલાં શસ્ત્રોનો ઉપયોગ સગીર શાર્પશૂટરો પાસે કરાવવાનો પ્રયાસ કર્યો હતો.

સલમાને પોલીસને જણાવ્યું હતું કે બિશ્નોઇ ગેન્ગે તેને અને તેના પરિવારજનોની હત્યા કરવાના ઇરાદાથી તેના બાંદ્રાના નિવાસસ્થાને ગોળીબાર કરાવ્યો હતો. સલમાનનું નિવેદન મુંબઈ પોલીસે આ કેસમાં કોર્ટમાં દાખલ કરેલી ચાર્જશીટનો એક ભાગ છે. (પીટીઆઇ) ■

## મહાવિકાસ આઘાડી

ઉમેદવારોને ઘણી ચર્ચા ચાલી રહી છે. સેના (યુબીટી)ના કેટલાક નેતાઓ દિલ્હીમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને પણ મળ્યા છે. કોંગ્રેસે પણ આ પદ માટે દાવો કર્યો છે. એનસીપી (શરદ પવાર)ના વડા શરદ પવારે હવે પરોક્ષ રીતે જયંત પાટીલના નામની જાહેરાત કરી છે, એવો તેમણે દાવો કર્યો હતો. આગામી મહિનાની વિધાનસભાની ચૂંટણીઓ પછી મહારાષ્ટ્ર એનસીપી (શરદ પવાર)ના પ્રમુખ જયંત પાટીલ માટે મોટી ભૂમિકાનો સંકેત આપતા, પવારે બુધવારે જણાવ્યું હતું કે પાટીલ રાજ્યના પુનઃનિર્માણની જવાબદારી લે એ દરેકની ઈચ્છા છે.

આનો અર્થ એ થયો કે એમવીએ રાજ્યમાં એક જ મુખ્ય પ્રધાન ચહેરા સાથે વિધાનસભાની ચૂંટણી લડી શકશે નહીં. ચૂંટણી પછી પણ તે અકબંધ રહેશે કે કેમ તે અંગે અમને શંકા છે. મારી જાણકારી મુજબ એમવીએ પક્ષો લગભગ ૫૦ બેઠકો પર મૈત્રીપૂર્ણ લડાઈ કરશે, એવો દાવો શિરસાટે કર્યો હતો.

### અમારા વચ્ચે બેઠક વહેંચણીમાં કોઇ મતભેદ નથીઃ શિરસાટ

મહાયુતિના ભાગીદારો બે-ત્રણ દિવસમાં તેમની બેઠક વહેંચણીની ફોર્મ્યુલા સ્થિર કરે એવી શક્યતા છે. જોકે ભાજપના રાજ્ય પ્રમુખ ચંદ્રશેખર બાવનકુળેની ટિપ્પણી વિશે પૂછવામાં આવતાં શિંદે સેનાએ વધુ બેઠકો માટે બલિદાન આપવું જોઇએ અને તેમની બેઠક વહેંચણીની ગોઠવણમાં મોટો હિસ્સો આપવો જોઇએ, એવું શિરસાટે જણાવ્યું હતું. બલિદાન માપવા માટે કોઇ સાધન નથી. અમે અને અન્ય બે મહાયુતિના ભાગીદારોએ બલિદાન આપ્યું છે. અમારી વચ્ચે બેઠકોની વહેંચણીને મુદ્દે કોઇ પણ મતભેદ નથી. અમે સાથે મળીને કામ કરીશું, એવું શિરસાટે જણાવ્યું હતું. ■

## મહારાષ્ટ્રમાં ૨૮૮

૨૦૦ બેઠકો પર સમજૂતી થઈ ગઈ છે,'' તેમણે એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું. એનસીપી (એસપી) સતારા જિલ્લામાં કઈ બેઠકોની માગ કરશે તે અંગે પૂછવામાં આવતા, તેમણે કહ્યું કે સીટ વહેંચણી અંગેનો નિર્ણય પાટીલ લેશે.

એમવીએ, જેમાં ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી), કૉંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદચંદ્ર પવાર)નો સમાવેશ થાય છે તે એકનાથ શિંદેના નેતૃત્વવાળી શિવસેના, ભારતીય જનતા પાર્ટી અને અજિત પવારના નેતૃત્વવાળી એનસીપી સત્તાધારી મહાયુતિ ગઠબંધન સામે લડી રહી છે. શિવસેના અને એનસીપી પક્ષો અનુક્રમે જૂન ૨૦૨૨ અને જુલાઈ ૨૦૨૩ માં અલગ થયા પછી રાજ્યમાં આ પ્રથમ વિધાનસભા ચૂંટણી છે. હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં કૉંગ્રેસની હાર પછી ઈન્ડિયા બ્લોકની વ્યૂહરચના અંગેના પ્રશ્નના જવાબમાં પવારે કહ્યું કે ભાજપ તે રાજ્યમાં શાસન કરી રહ્યું છે અને તે સત્તા જાળવી રાખવામાં સફળ રહ્યું છે.

''અમે હરિયાણા (પરિણામો) નો અભ્યાસ કરી રહ્યા છીએ, પરંતુ તે જ સમયે જમ્મુ અને કાશ્મીર ચૂંટણી ના પરિણામો જુઓ. મને નથી લાગતું કે તેની હરિયાણાના પરિણામોની મહારાષ્ટ્રની ચૂંટણીઓ પર કોઈ અસર પડશે. જ્યાં સુધી જમ્મુ અને કાશ્મીરનો સંબંધ છે, વિશ્વ સમુદાય તેના પર વધુ ધ્યાન આપે છે અને તેના મતદાનના પરિણામો દેશ માટે વધુ મહત્ત્વપૂર્ણ છે,'' તેમણે કહ્યું.

સુપ્રીમ કોર્ટમાં લેડી ઓફ જસ્ટિસની નવી પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું, જેમાં પરંપરાગત આંખે પટ્ટીની જગ્યાએ ખુલ્લી આંખો અને તલવારની જગ્યાએ બંધારણ હાથમાં હતું, તેવા અહેવાલો પર, પીઢ નેતાએ કહ્યું, એક નવી દિશા દર્શાવવામાં આવી છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ તરીકે આવો વિચાર આ દેશમાં પહેલા ક્યારેય આવ્યો નથી. મુખ્ય ચૂંટણી કમિશનરે પ્રતીકોની સૂચિમાં ઉપલબ્ધ ટ્રમ્પેટ પ્રતીકને ફ્રીઝ કરવાની એનસીપી (એસપી)ની વિનંતીને સ્વીકારી ન હોવા અંગેના પ્રશ્નના જવાબમાં, પવારે કહ્યું કે ભારતના ચૂંટણી પંચે તેમને જાણ કરી છે કે તેમના પક્ષના ચિહ્નનું ચિત્ર બહુ સ્પષ્ટ નહોતું, પરંતુ હવે તેઓએ તેને મોટું કરીને તેનો દેખાવ સ્પષ્ટ કરી દીધો છે. તેથી અમે અપેક્ષા રાખી શકીએ કે તે (પ્રતીક) અમને અસર કરશે નહીં,ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રીએ કહ્યું. એનસીપી (એસપી) એ ચૂંટણી પંચને વિનંતી કરી હતી કે ઉપલબ્ધ પ્રતીકોની સૂચિમાંથી ટ્રમ્પેટ પ્રતીકને ફ્રીઝ કરી દેવામાં આવે કારણ કે તે પાર્ટીને ઔપચારિક રીતે ફાળવવામાં આવેલા ''મેન બ્લોઇંગ તુર્હા'' પ્રતીક જેવું જ છે.

લોકસભા ચૂંટણી દરમિયાન, કેટલાક અપક્ષ ઉમેદવારોને ચૂંટણી પંચ દ્વારા ટ્રમ્પેટ પ્રતીક ફાળવવામાં આવ્યા હતા. એમવીએના સીએમ ચહેરાને રજૂ કરવાની માગ પર, તેમણે કહ્યું કે આ મુદ્દો ત્રણ ઘટક - શિવસેના (યુબીટી), કૉંગ્રેસ અને એનસીપી (એસપી) વચ્ચે ઉકેલાઈ ગયો છે, સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ દરમિયાન સ્પષ્ટ કરવામાં આવ્યું હતું જ્યાં ઉદ્ધવ ઠાકરે તેમની સાથે હાજર હતા. બુધવારે પવારે જયંત પાટીલ માટે મોટી ભૂમિકાનો સંકેત આપ્યો હતો. જ્યારે તેના વિશે પૂછવામાં આવ્યું ત્યારે, એનસીપી (એસપી) વડાએ કહ્યું કે પાટીલ પર મોટી જવાબદારી છે કારણ કે તે પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ છે. ■

## આચારસંહિતાનું

૨૦૦ સરકારી દરખાસ્તો, નિમણૂકો અને ટેન્ડરો જાહેર કર્યા હતા. આચારસંહિતા લાગુ થયા બાદ મુખ્ય ચૂંટણી અધિકારીની ઑફિસ તરફથી રાજ્ય સરકારને ઈ સરકારી નિર્ણય, ઓર્ડર અને ટેન્ડર પ્રકાશિત ન કરવા માટે એક પત્ર જારી કરવામાં આવ્યો હતો, પણ મહારાષ્ટ્ર સરકારે તેની અવગણના કરી હતી.

રાજ્ય સરકારે ચૂંટણી કમિશનના આદેશની અવગણના કરી અને મંગળવારની રાત અને બુધવારે સવાર પછી ઘણા નિર્ણયો જાહેર કર્યા હતા. ચૂંટણી પંચે જ્યારે આ અંગે જ્યારે નારાજગી વ્યક્ત કરી ત્યારે સરકારે વેબસાઇટ પર અપલોડ કરેલા ઘણા નિર્ણયોને ઉતાવળે હટાવી દીધા હતા. હવે આ અંગે એસ. ચોકલિંગમે જણાવ્યું હતું કે અમે અપલોડ કરાયેલી સરકારી દરખાસ્તોના સમયની તપાસ કરીશું અને તપાસ કરીશું કે તેમાં આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન થયું છે કે નહીં?

આ વખતે મહારાષ્ટ્રમાં વિધાનસભાની ૨૮૮ બેઠક માટે ચૂંટણી એક જ તબક્કામાં ૨૦મી નવેમ્બરે યોજાશે અને ૨૩ નવેમ્બરે પરિણામ જાહેર થશે ■

# પારસી મરણ

રોહીન્ટન જમશેદજી નાગપોરવાલાના દીકરા. તે મરહુમો પીરોજા જમશેદજી નાગપોરવાલા તે મરહુમ સામના ભાઇ. તે હોશંગના અંકલ. તે રુસી તથા મરહુમો હોમી નરીમાન સીરવઇ મેહરા, બાનુ, હોમાય ને લેહમીનાના કઝીન. (ઉં. વ. ૭૭) રે. ઠે.બી-૩, સુયોગ કો. હા. સો. સેકટર ૧૦-એ, નવી મુંબઇ-થાણે મુંબઇ-૪૦૦૭૦૩. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૮-૧૦-૨૪ના દીને બપોરે ૩.૪૦ વાગે રૂસ્તમ ફરામ અગિયારી દાદરમાં.

કેરસી ફરેદુન દારૂવાલા તે ખુરશીદ કેરસી દારૂવાલાના ધની, મરહુમ હોમાય તથા મરહુમ ફરેદુન દારૂવાલાના દીકરા. મરહુમ શેહરાંમાય તથા મરહુમ નોશીર હોરમસજી કટેલીના જમાઇ. જે ખુશનુમા અરદેશીર દેસાઇના પપ્પા. અરદેશીર ફરામરોઝ દેસાઇના સસરા. તે વિરાફ ફરેદુન દારૂવાલા તેમ જ સાયરસ ફરેદુન દારૂવાલાના ભાઇ. (ઉં. વ. ૭૪) રે. ઠે. હેપી હોમ સોસાયટી, ૧૦૧, અભિશેખ બિલ્ડિંગ, જેયવન્ત સાવંત માર્ગ, દહીંસર (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૬૮. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૮-૧૦-૨૪ને દીને બપોરે ૩.૪૦ વાગે, સેઠના અગિયારીમાં છેજી.

જાલ વફાદાર ઇરાની તે મરહુમો નરગીસ વજીવદાર ઇરાનીના દીકરા. તે મરહુમો પરવીન, ખુદરશ, વોમદના ભાઇ. તે હોરમઝ અદી દાવર, ફરીશતા દાવર, કેયાયુન ઇરાનીના મામા. (ઉં. વ. ૬૬) રે. ઠે.ગુરુનાનક માર્કેટ, એ વિંગ, બીજે માળે, રૂમ. નં. ૧૬, ગ્રાન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૮-૧૦-૨૪ના દીને બપોરે ૩.૪૫ વાગે, વાચ્છા ગાંધી અગિયારીમા છેજી.

ઓસ્તા દિનશા પદમજી દસ્તુર તે મરહુમ ઓસ્તી નવાઝના ધની. તે મરહુમો ઓસ્તી મીઠીબાઇ ઓસ્તા પદમજી દસ્તુરના દીકરા. ડો.દેલઝાદ ને દેલનાઝના પપા. તે નેહા ને જસવીરના સસરા. તે ખોરશેદ રુસ્તમજી જીનવાલા તથા મરહુમો જસી, નોશીર ને પુતલીના ભાઇ.તે મરહુમો દીના હોમી ચીનોઇના જમઇ. (ઉં. વ.૮૬) રે. ઠે., ૮૨૧,બોમનજી માર્કેટ, તારદેવ. તુલસી વાડી, મુંબઇ-૪૦૦૦૩૪.

## બાબા સિદ્દીકીની હત્યા

કહેવાય છે. સિદ્દીકીની હત્યા માટે વિદેશી શસ્ત્રોનો ઉપયોગ કરાયો એ જ રીતે બોલીવૂડના સુપરસ્ટાર સલમાન ખાનની હત્યા કરવા માટે પાકિસ્તાની શસ્ત્રોનો ઉપયોગ થવાનો હતો. સલમાનની હત્યાનું કાવતરું ઘડવાના આરોપસર પકડાયેલા આરોપીઓ વચ્ચેની વાતચીતમાંથી આ વાતનો ખુલાસો થયો હતો.

## શુભમ લોણકર

થયું હતું. પોલીસ આ કેસમાં હરિયાણાના ગુરમેલ સિંહ, ઉત્તર પ્રદેશના ધર્મરાજ કશ્યપ સહિત હરિશકુમાર નિષદ અને શુભમના ભાઇ પ્રવીણ લોણકરની ધરપકડ કરી હતી. પુણેમાં ડેરી ચલાવતો શુભમ ગુનાહિત ઇતિહાસ ધરાવે છે. આ વર્ષની શરૂઆતમાં અકોલા જિલ્લામાં આર્મ્સ એક્ટના કેસમાં તેની ધરપકડ કરવામાં આવી હતી. ત્યાંથી ૧૦થી વધુ શસ્ત્રો જપ્ત કરવામાં આવ્યાં હતાં. શુભમની પૂછપરછમાં ગેન્ગસ્ટર લોરેન્સ બિશ્નોઇના ભાઇ અનમોલ સાથે તેના સંબંધ હોવાનો ખુલાસો થયો હતો.

## વિમાનને ધમકીનો

બૉમ્બની ધમકી મળી હતી અને વ્યાપક સુરક્ષા તપાસ હાથ ધરવા માટે લઈ જવામાં આવી હતી. એરલાઇને જણાવ્યું હતું કે '૧૬ ઑક્ટોબર, ૨૦૨૪ના દિવસે ફ્રેન્કફર્ટથી મુંબઈ આવવા નીકળેલી ફ્લાઇટ યુકે ૦૨૮ને સોશિયલ મીડિયા પર ધમકી આપવામાં આવી હતી.' ઈન્ડિગોએ એક નિવેદનમાં જણાવ્યું છે કે 'ઈસ્તંબુલથી મુંબઈ જઈ રહેલી ફ્લાઈટ ૬ઈ ૧૮ને સુરક્ષા સંબંધિત સાવધ રહેવા જણાવવામાં આવ્યું હતું. ઉતરાણ બાદ વિમાનને અલગ કરી તમામ મુસાફરોને સલામત રીતે ઉતારવામાં આવ્યા હતા.' ઈન્ડિગોએ અન્ય વિગતો નહોતી આપી. (પીટીઆઈ)

## વીકએન્ડમાં વરસાદ

કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈને વરસાદ પડવાનો અંદાજો વ્યક્ત કર્યો છે. તેથી દિવાળી પહેલાની ખરીદી માટે શનિવાર, રવિવારની રજામાં બહાર નીકળનારા મુંબઈગરાને ભીંજાવાનો વખત આવી શકે છે. મુંબઈમાં સામાન્ય રીતે આઠ ઑક્ટોબરના નૈર્ઋત્યનું ચોમાસું વિદાય લેતું હોય છે. પરંતુ આ વર્ષે ચોમાસું લંબાઈ ગયું હતું અને ૧૫ ઑક્ટોબરના ચોમાસું પૂરું થયું હોવાની હવામાન ખાતાએ જાહેર કર્યું હતું. જ્યારે ગયા વર્ષે મુંબઈમાંથી ચોમાસાએ ૨૩ ઑક્ટોબરના વિદાય લીધી હતી. આ દરમિયાન ઑક્ટોબરમાં કોલાબામાં અત્યાર સુધી સરેરાશ ૭૩.૫ મિ.મી. અને સાંતાક્રુઝમાં ૮૧.૨ મિ.મી. જેટલો વરસાદ પડી ચૂક્યો છે. કોલાબામાં ઑક્ટોબરનો સરેરાશ કરતા વધુ વરસાદ પડી ચૂક્યો છે. ગુરુવારે દિવસ દરમિયાન કોલાબામાં મહત્તમ વરસાદ ૩૧.૩ મિ.મી. અને સાંતાક્રુઝમાં ૩૨.૭ મિ.મી. વરસાદ નોંધાયો હતો. સાંતાક્રુઝના મહત્તમ તાપમાનમાં હળવો ઘટાડો જણાયો હતો. હજી બુધવારે સાંતાક્રુઝમાં ૩૪.૪ ડિગ્રી જેટલું તાપમાન નોંધાયું હતું. ■

# હિન્દુ મરણ

**નૂતન સાડત્રીસ વિશા શ્રીમાળી સમાજ**

ઝીંઝુવાડા નિવાસી હાલ મુંબઈ ભુપેન્દ્રભાઈ રસિકલાલ વોરાના સુપુત્ર સૌરભ (ઉં. વ. ૩૫) તે પ્રિયલના પતિ. તે ઝીવાના પિતા. તે હર્ષાબેન રાજેન્દ્રભાઈ દેસાઈના જમાઈ. તે પ્રણવના નાનાભાઈ.તે હિલ્લી ચિંતનભાઈ શાહના બનેવી. તે બીનલ તથા નિકીતાના ભાઈ તા. ૧૭-૧૦-૨૦૨૪ના રોજ અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૮-૧૦-૨૦૨૪ના બપોરે ૩ થી ૫ વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, પાર્લા વેસ્ટ ખાતે રાખેલ છે.

**મોઢ જ્ઞાતિ**

હરીવદન ચીમનલાલ મહેતા (ભરૂચાવાલા) હાલ વિલેપાર્લે તા. ૧૫-૧૦-૨૪ના મંગળવારના રોજ (વિલેપાર્લે) મુકામે સ્વર્ગવાસ પામેલ છે. બેસણું તા. ૧૮-૧૦-૨૪ના શુક્રવાર પથી ૬.૩૦. ઠે. વિશ્વેશ્વર ભવન, સન્યાસ આશ્રમ, ભગતસિંહ રોડ, વિલેપાર્લે (વે). પત્ની : ગીતાબેન હરીવદન મહેતા, પુત્ર-પુત્રવધૂઃ રાહુલ, સ્વાતી, પુત્રી-જમાઇ. નમ્રતા, હેમંતભાઇ, પૌત્રઃ જય, હેમાની, યશરાજ.

**કચ્છી લોહાણા**

ગામ કચ્છ ભુજ હાલ ભાંડુપ નિવાસી સ્વ. રતિલાલ વી. ભીંડેના ધર્મપત્ની ગં. સ્વ. જયાબેન ભીંડે (ઉં. વ. ૮૨) તે ગં. સ્વ. મમીબાઇ વલ્લભજી ભીંડેના નાના પુત્રવધૂ, રૂક્ષ્મણીબેન, કાન્તિલાલ ભીંડેના દેરાણી. તે સ્વ. રતનબેન વીરજીભાઇ સૌમેયાના પુત્રી. કીરીટભાઇ તથા દર્શનાબેનના માતુશ્રી. શીલાબેન, મનોજભાઇ પંડીતપૌત્રાના સાસુજી તા. ૧૬-૧૦-૨૪ના ભાંડુપ મધ્યે અક્ષરધામ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૮-૧૦-૨૪ના શુક્રવારના પથી ૬.૩૦. ઠે. કચ્છી વીશા લોહાણા મહાજનવાડી, ગ્રાઉન્ડ ફ્લોર, આર. આર. ટી. રોડ, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી ખડાયતા વણિક**

ગં. સ્વ. મીરાબેન જહોની ફર્નાન્ડિઝ (ઉં. વ. ૮૯) તે સ્વ. હસુમતીબેન માણેકલાલ દેસાઇના સુપુત્રી. સ્વ. કુમુદચંદ્ર માણેકલાલ દેસાઇ, સ્વ. જગદીશચંદ્ર માણેકલાલ દેસાઇ અને સ્વ. વિભાકરભાઇ માણેકલાલ દેસાઇના બહેન. તા. ૧૪-૧૦-૨૪ના સી - કાસ્ટલ, વરસોવા ખાતે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખવામાં આવેલ નથી.

**દશા સોરઠીયા વણિક**

ગામ ચમારડી હાલ અંધેરી નિવાસી રમણીકલાલ પરિખ (ઉં. વ. ૮૬) તા. ૧૬-૧૦-૨૪ના બુધવારના અવસાન પામેલ છે. તે સ્વ. ઉજમબેન અને સ્વ. મોહનલાલ નારણદાસ પરિખના સુપુત્ર. તે સ્વ. ધીરીબેન નાગરજી દેસાઇ, સ્વ. નાગરજી લલ્લુભાઇ દેસાઇના જમાઇ. સ્વ. સાવિત્રીબેનનાં પતિ. લીના, અલકા, અર્ચના, ધર્મિનનાં પિતા. સ્વ. બાબુભાઇ, સ્વ. ધીરુભાઇ, સ્વ. વિજયાબેન અને સ્વ. સવિતાબેનના ભાઇ. લૌકિક રિવાજ બંધ છે.

**વિસા સોરઠિયા વણિક**

માધવપુરવાળા હાલ બોરીવલી શાહ નિતેશ નટવરલાલ હિરાચંદ (ઉં.વ. ૫૪) તા. ૧૫-૧૦-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. નલિનીબેન શાહના પુત્ર. વર્ષાના પતિ. જૈમિન અને નિસર્ગ (નિશી)ના પિતાશ્રી. નૈનેશ (રીંકુ), મનીષા, રશ્મી, જાગૃતિ, સ્વ. શિલ્પા, દીપ્તિના ભાઇ. દાતાના સ્વ. કંચનબેન અને માણેકચંદ વિરપર નગરીયાના જમાઈ. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૮-૧૦-૨૪ના ૫ થી ૭. વૈષ્ણવ હોલ, પારેખ ગલી, એસ.વી. રોડ, કાંદીવલી-વેસ્ટ.

**કચ્છી દશા મોઢ માંડલિયા વણિક જ્ઞાતિ**

હાલે કાંદીવલી મૂળ માંડવી કચ્છના સ્વ. બાલમુકુન્દ મહેતા (ઉં.વ. ૮૬) તે સ્વ. મુક્તાબેન હીરાલાલ મહેતાના પુત્ર. દમયંતીબેનના પતિ. ભાવેન અમર તથા વૈશાલીના પિતા. અ.સૌ. દીપા, અ.સૌ. માધુરીના સસરા. ચી. દિયા, ચી. રોનક તથા પ્રિષાના દાદા. સ્વ. ઇન્દ્રવદન, સ્વ. મધુબાલા, સ્વ. જયાલક્ષ્મી તથા કમલેશના ભાઈ, તા. ૧૬/૧૦/૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

વળીયા નિવાસી હાલ મુંબઈ ચુનાભટ્ટી અ.સૌ. સ્મિતાબેન સાંગાણી (ઉં.વ. ૬૪) તે ૧૩/૧૦/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. ગં.સ્વ. ચંપાબેન શાંતિલાલ સાંગાણીના પુત્રવધૂ. મહેન્દ્રભાઈના ધર્મપત્ની. પ્રતીક તથા વિકીના માતુશ્રી. રીના તથા શ્વેતાના સાસુ. સ્વ. પુષ્પાબેન કેશવલાલ શેઠના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ બિટ્ટો નિવાસી હાલ અંધેરી સ્વ. મોંઘીબેન રામજીભાઈ રૂપારેલના પુત્ર અનિલભાઈ (ઉં.વ. ૮૦) ૧૬/૧૦/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. મીનાબેનના પતિ. સ્વ. પુરુષોત્તમભાઈ, સ્વ. લવજીભાઈ, સ્વ. વલ્લભદાસ, સ્વ. લીલાબેન, સ્વ. વિજયાબેન, સ્વ. શૈલેષભાઇના ભાઈ. શીતલ તથા નીરજના પિતા. વિશાલ તથા નેહલના સસરા. સ્વ. દેવજીભાઈ દેવકરણ તન્નાના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૮/૧૦/૨૪ના ૫ થી ૭. અમૃતબાગ, બજાજ રોડ, વિલેપાર્લે વેસ્ટ.

**દશા સોરઠીયા વણિક**

બીલખા નિવાસી હાલ કાંદિવલી સ્વ. લાભુબેન નરભેરામ વસાણીના પુત્ર શશીકાંતભાઈ (ઉં.વ. ૮૦) ૧૬/૧૦/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે મનહરબેનના પતિ. નીપા, ચિરાગ-પ્રિતી તથા હેમલ-હેતલના પિતા. સ્વ. વિજયાબેન શાંતિલાલ બાબરીયાના જમાઈ. સ્વ. ઇન્દુબેન મનુભાઈ મહેતા, રંજનબેન મુકુંદભાઈ રઘાણી, વિનોદભાઈના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લુહાર સુથાર**

ગોંડલ નિવાસી હાલ કાંદિવલી ચારકોપ સ્વ. લાધીબેન તથા સ્વ. લાલજી પ્રાગજીભાઈ રાઠોડના પુત્ર લીલાધરભાઈ (ઉં.વ. ૮૭) તે લાભુબેનના પતિ. હર્ષદભાઈ, ગં.સ્વ. વર્ષાબેન હસમુખભાઈ પંચાલ, દીનાબેન સંજયકુમાર મારૂના પિતા. સ્વ. કરસનભાઈ સુંદરજીભાઈ કારેલીયાના જમાઈ. લતાબેનના સસરા. ૧૪/૧૦/૨૪ના રામશરણ પામેલ છે. બેસણું ૧૮/૧૦/૨૪ના ૪ થી ૬. અગ્રવાલ ભવન, રવિ ટાવરની બાજુમાં, ચારકોપ સેક્ટર ૯, ચારકોપ, કાંદિવલી વેસ્ટ.

**પરજીયા સોની**

ગામ ચાવંડ હાલ ભાયંદર નંદલાલભાઈ હરદાસભાઈ થડેશ્વરના ધર્મપત્ની અ.સૌ. મધુબેન સોની (થડેશ્વર) (ઉં.વ. ૭૬) ૧૩/૧૦/૨૪ના અક્ષર નિવાસી થયેલ છે. પ્રવીણભાઈ તથા કિશોરભાઈના ભાભી. હસમુખભાઈ, કનુભાઈ, ઉર્મિલા ચંદ્રકાંત સોની, ગીતા નિલેશભાઈ સોનીના માતુશ્રી. જ્યોતિ તથા ઉર્મિલાના સાસુ. દામનગર નિવાસી સ્વ. ભગવાનભાઇ મામૈયા કાગદડાના દીકરી. પ્રાર્થનાસભા ૧૮/૧૦/૨૪ના ૪ થી ૬. પરજીયાસોની વાડી, શીમ્પોલી ક્રોસ રોડ, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રીમાળી બ્રાહ્મણ**

લિખી નિવાસી હાલ બોરીવલી વિક્રમભાઈ શાંતિલાલ વ્યાસ (રાજુ) (ઉં.વ. ૬૫) તે અંકુરના પિતા. ભાવનાબેનના પતિ. ઓજસ્વીના સસરા. સ્વ. શાંતિલાલ ચુનીલાલ વ્યાસના જમાઈ. ગીતાબેન રમાબેનના ભાઈ. ૧૬/૧૦/૨૪ના કૈલાશવાસી થયેલ છે. પ્રાર્થનાસભા ૧૮/૧૦/૨૪ના ૪ થી ૬. વર્ધમાન સ્થા જૈન સંઘ સર્વોદય હોલ, એલ ટી રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી વેસ્ટ.

# જૈન મરણ

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ ગાગોદરના પ્રકાશ છેડા (ઉં. વ. ૪૨) મંગળવાર, તા. ૧૫-૧૦-૨૪ના મુંબઇ મધ્યે અરિહંતશરણ પામેલ છે. ગં. સ્વ. મોંઘીબેન ભીમશી નરપારના પૌત્ર.સ્વ. અમૃતબેન-ગુણવંતીબેન કાનજીના સુપુત્ર. અમિત, સચીનના ભાઇ, ડિમ્પલના દેર, કરીશ્માના જેઠ. પ્રાર્થનાસભા શુક્રવાર, ૧૮-૧૦-૨૪ના. ઠે. અચલગચ્છ ભુવન, બેન્ક ઓફ બરોડાની સામે, જોગેશ્વરી (ઇસ્ટ). ૧૦ થી ૧૧.૩૦.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ આધોઇના સ્વ. ચુનીલાલ ચરલા (ઉં. વ. ૬૦) તા. ૧૪-૧૦-૨૪ના મુંબઇ મધ્યે અવસાન પામેલ છે. સ્વ. કોરઇબેન ભચુના પૌત્ર. સ્વ. હીમાબેન વેલજીના સુપુત્ર. હેમલતાના પતિ. ગૌરવ, હેતલના પિતાશ્રી. શાંતિલાલ, ભાણજી, રૂક્ષ્મણી, હીરબાઇ, નવલ, રંજન, ભારતીના ભાઇ. પ્રાર્થના એમ. એમ. પીપલ્સ સ્કૂલ, ખાર (વેસ્ટ), તા. ૧૮-૧૦-૨૪ના ૨.૩૦થી ૪.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વાસાવડ નિવાસી હાલ બોરીવલી રમણીકભાઇ ગોપાલજી વોરાના સુપુત્ર રાજેન્દ્ર વોરા (ઉં. વ. ૬૮) તે રેખાબેનના પતિ. તે નીશા, રૂપેશના પિતાશ્રી. જયંતીભાઇ, જીતુભાઇ, અજીતભાઇ તથા ઇલાબેન, ગીતાબેન, જાગૃતિબેનના ભાઇ. મનસુખભાઇ ત્રીકમજી ઉદાણીના જમાઇ. તા. ૧૬-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૮-૧૦-૨૪ના તે બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૮-૧૦-૨૪ના બપોરે ૩થી ૫. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, ઉપાશ્રય, એલ. ટી. રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી (વેસ્ટ).

**દશા શ્રીમાળી પાંત્રીસી જ્ઞાતી જૈન**

સીણજ કાનપુરા નિવાસી (હાલ વિલેપાર્લે) સ્વ. ભાનુમતીબેન શાહ તે સુરેશભાઇ ચુનીલાલ શાહના ધર્મપત્ની. સ્વ. કેવળબેન ચુનીલાલ શાહના પુત્રવધુ. સ્વ. વસુમતીબેન રમણલાલ શાહના સુપુત્રી. પરાગ, વિરલ, તથા હિરલના પૂ. માતુશ્રી. વિભા, હિતેષી, તથા હેમલકુમારના સાસુ. હેતાંશ, ધ્યાના તથા પૂર્વીશના દાદી. સોમવાર, તા. ૧૪-૧૦-૨૪ના અવસાન પામેલ છે. ભાવયાત્રા શનિવાર, તા. ૧૯-૧૦-૨૪ના બપોરે ૩થી ૫. ઠે. ખડાયતા ભવન, ૩૨ હનુમાન રોડ, પાર્લે તિલક, વિદ્યાલય નજીક, વિલેપાર્લે (ઇસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

પુનડી હાલે પુનાના સુંદરબેન પ્રેમજી દેઢિયા (ઉં.વ. ૮૫) તા. ૧૫-૧૦ના અવસાન પામેલ છે. હીરબાઈ વીરજી ખેતશીના પુત્રવધૂ. પ્રેમજીના પત્ની. સુરેશ, નલીન, દિપક, કેતન, શશીકલાના માતા. મો. આસંબીયા લાછબાઈ હીરજી દેવશી છેડાના પુત્રી. તલકશી, ખીમજી, પ્રવિણ, પાનબાઈ નાગજી, રૂક્ષ્મણી પ્રેમજી, ઝવેરબેન કાંતિલાલ, હેમલતા પ્રેમજી, મીના હસમુખ, મધુબાળા હીરજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. પ્રેમજી વીરજી દેઢિયા. ૫૮૪/૧, સેલીસબરી પાર્ક, ૬-એ, હિલવ્યુ એપા., ગુલટેકડી, પુણે-૪૧૧૦૩૭.

ગુંદાલાના લતા શાંતીલાલ ગાલા (ઉં.વ. ૫૭) તા. ૧૫/૧૦/૨૪ના અવસાન પામેલ છે. વેજબાઇ દેવજી રાયશી ગાલાના પુત્રવધૂ. શાંતીલાલના ધર્મપત્ની. મયુર, વિક્રમના માતુશ્રી. મોટા આસંબીયા પ્રભાબેન કાનજી ઉકેડા દેઢિયાના સુપુત્રી. નિર્મળા વસંત, રેખા દિપક, સ્વ. દિના કાનજીના બેન. પ્રા. ક.વી.ઓ. ચિંચપોકલી મહાજનવાડી, વોલ્ટાસ ઘરની સામે, ચિંચપોકલી, મુંબઇ. ટા. ૧૨.૩૦ થી ૨.

તલવાણા હાલે અમદાવાદના કલ્પના હરખચંદ પોલડીયા (ઉં.વ. ૬૩) તા. ૧૪-૧૦-૨૪ના અવસાન પામેલ છે. નાનબાઈ નાનજીની પુત્રવધૂ. હરખચંદના પત્ની. રાકેશ, ફોરમ, હેમાંગ, આલોકના માતુશ્રી. નિર્મળા ગાંગજી, મેઘબાઈ ચાંપશીની પુત્રી. રેખા રમેશ, અલ્પા હેમંત,દિપા હિમાંશુ, મેરાઉ રામજી, શાંતિલાલ, નરેન્દ્ર, પાનબાઈ જેઠાલાલ, લાયજા ભાનુ વસંત, તારા લક્ષ્મીચંદ, નીરૂ ડુંગરશીના બેન. ચક્ષુદાન કરેલ છે. પ્રા. યોગી સભાગૃહ, દાદર. ટા. ૩.૩૦ થી ૫.૦૦.

**ઘોઘારી વીશાશ્રીમાળી જૈન**

સોનગઢ (પીપરલા) વાળા હાલ ડોંબિવલી સ્વ. હસમુખરાય દલીચંદભાઈ શાહના ધર્મપત્ની ભાનુમતીબેન (ઉં.વ. ૮૨) અરિહંતશરણ પામેલ છે. તે મીનાબેન, ભદ્રેશ, અલ્પેશ (ગોપી), સચિનના માતુશ્રી. હેમંતભાઈ, સ્મૃતિબેન, હેતલબેનના સાસુ. મોતીચંદભાઈના નાનાભાઈના પત્ની. પિયરપક્ષે દાઠાવાળા બાબુલાલ છગનલાલ શાહના દિકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સચિન શાહ, નારાયણ નિવાસ, પહેલા માળે, પાંડુરંગવાડી, સર્વોદય આંગણની સામે, ડોંબિવલી ઈસ્ટ.

**કચ્છ દશા ઓસવાળ જૈન**

ગામ વારાપધર હાલ ડોમ્બીવલીના શા. લાલજી લોડાયા (ઉં.વ. ૭૧) તા. ૧૬-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. મા.ધનબાઈ વેલજી ચત્રભુજના પુત્ર. સરલાબેનના પતિ. મા.પુષ્પાબેન હંસરાજ ચત્રભુજ ખોના (કોઠારા-વાપી)ના જમાઈ. વિપુલ તથા સૌ. અમિષા ખોનાના પિતાજી. સૌ. વિકેતા તથા હિતેશ દિનેશ ખોનાના સસરાજી. લૌકિક વ્યવહાર બંધ છે.

## વીઆઈપીઓની સુરક્ષાની

નિર્ણય લેવાયો હતો. એ સિવાય સુરક્ષાના નિયમોનું કડક પાલન કરવા સંબંધી સૂચનો અપાયાં હતાં. ઘણી વાર વીઆઈપીઓ સુરક્ષા માટે રાખવામાં આવેલા પોલીસ જવાનોને પોતાના નહીં, પણ બીજા વાહનમાં બેસવાનો આગ્રહ કરતા હોય છે. અમુક વાર અચાનક ક્યાંક જવાનું હોય તો સુરક્ષા જવાનોને જાણ કરવામાં આવતી નથી. આવી બધી બાબતોની જાણકારી સુરક્ષા જવાનોએ ઉપરી અધિકારીને આપવાની રહેશે, એવું પણ મીટિંગમાં જણાવાયું હતું. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

**સલમાન ખાનની હત્યાનું કાવતરું**

# બિશ્નોઇ ગેન્ગનો સભ્ય હરિયાણાથી પકડાયો

## બાબા સિદ્દીકીની હત્યાના કેસમાં તેની પૂછપરછ કરાશે

મુંબઈ: ફિલ્મ અભિનેતા સલમાન ખાનની હત્યાનું કાવતરું ઘડવા બદલ નવી મુંબઈ પોલીસે લોરેન્સ બિશ્નોઇ ગેન્ગના સભ્યને હરિયાણાથી પકડી પાડ્યો હતો.

આરોપીની ઓળખ સુખા ઉર્ફે સુખબીર બલબીર સિંહ તરીકે થઇ હોઇ તેને પનવેલ પોલીસની ટીમે બુધવારે હરિયાણાના પાનિપતથી તાબામાં લીધો હતો. સલમાન ખાનની હત્યા કરવા માટે સુખબીર સિંહે બિશ્નોઇ ગેન્ગના સભ્યોને કોન્ટ્રેક્ટ આપ્યો હતો, એમ અધિકારીએ કહ્યું હતું.

સુખબીર સિંહ પાકિસ્તાનમાં સ્થિત તેના હેન્ડલર ડોગરના સતત સંપર્કમાં હતો. તેણે બિશ્નોઇ ગેન્ગના સભ્યો સાથે મળીને સલમાન ખાનની હત્યાને અંજામ આપવા માટે એકે-૪૭, એમ૧૬ અને એકે-૯૨ જેવાં આધુનિક શસ્ત્રો પાકિસ્તાનથી લાવીને ઉપયોગ કરવાની યોજના બનાવી હતી, એવું તપાસમાં જણાયું હતું.

રાષ્ટ્રવાદી કૉંગ્રેસ (એનસીપી)ના અજિત પવાર જૂથના નેતા બાબા સિદ્દીકીની હત્યાના કેસમાં નવી મુંબઈ પોલીસ આરોપી સુખબીર સિંહની પૂછપરછ કરશે. ઉલ્લેખનીય છે કે સલમાન ખાનની હત્યાનું કાવતરું ઘડવા બદલ નવી મુંબઈ પોલીસે ૨૪ એપ્રિલે ૧૮ આરોપીઓ તથા બિશ્નોઇ ગેન્ગના

(જુઓ પાનું ૪) ▶▶

## બાબા સિદ્દીકીની હત્યા માટે અત્યાધુનિક પિસ્તોલનો ઉપયોગ

### ગૅન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઈ વિદેશી શસ્ત્રોના સોદાગરોના સંપર્કમાં: સલમાન પર હુમલા માટે પાકિસ્તાનથી શસ્ત્રો આવવાનાં હતાં

મુંબઈ: મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન બાબા સિદ્દીકીની હત્યામાં અત્યાધુનિક પિસ્તોલનો ઉપયોગ થયો હોવાનું કહેવાય છે. સિદ્દીકીની હત્યાની જવાબદારી સ્વીકારનારા ગૅન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઈએ અભિનેતા સલમાન ખાન પર હુમલાનું કાવતરું ઘડ્યું ત્યારે પણ પાકિસ્તાનથી અત્યાધુનિક શસ્ત્રો મગાવવાની વાત કરી હતી.

બાન્દ્રામાં શનિવારે બાબા સિદ્દીકીની ગોળી મારીને હત્યા કરવામાં આવ્યાના ૬૦ કલાક પછી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચને ઘટનાસ્થળેથી લગભગ ૧૦૦ મીટરના અંતરેથી એક બૅગ મળી આવી હતી. બૅગમાંથી તુર્કી પિસ્તોલ અને કારતૂસો ભરેલી મૅગેઝિન મળી હતી. કહેવાય છે કે બૅગમાંથી સિદ્દીકી પર ગોળીબાર કરનારા મુખ્ય શૂટર શિવકુમાર ગૌતમનું આધાર કાર્ડ પણ મળ્યું હતું. આ આધાર કાર્ડ બનાવટી હોવાની શક્યતાને પગલે પોલીસ તપાસ કરી રહી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ બૅગમાંથી મળી આવેલી અત્યાધુનિક પિસ્તોલ જેવાં શસ્ત્રોનો ઉપયોગ તુર્કી લશ્કર અને સિક્યોરિટી એજન્સીના જવાનો દ્વારા કરવામાં આવે છે. આ કેસમાં પકડાયેલા અન્ય બે શૂટર ગુરમેલ સિંહ અને ધર્મરાજ કશ્યપ પાસેથી પણ બે પિસ્તોલ હસ્તગત કરાઈ હતી, જેમાંથી એક ઑસ્ટ્રેલિયન બનાવટની ગ્લૉક પિસ્તોલ હોવાનું કહેવાય છે. આ શસ્ત્રો ફરાર આરોપી શુભમ લોણકર મારફત મોહમ્મદ ઝીશાન અખ્તરે શૂટરોને પૂરાં પાડ્યાં હતાં. શુભમ અમદાવાદની સાબરમતી જેલમાં બંધ ગૅન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઈના સીધા સંપર્કમાં હોવાનું કહેવાય છે.

લૉરેન્સ બિશ્નોઈ જેલમાં બેઠાં બેઠાં સૂત્રસંચાલન કરતો હોવાનું માનવામાં આવે છે. તે વિદેશી શસ્ત્રોના સોદાગરોના સંપર્કમાં હોવાનું

(જુઓ પાનું ૪) ▶▶

## શુભમ લોણકર વિરુદ્ધ લૂકઆઉટ સર્ક્યુલર જારી

મુંબઈ: રાષ્ટ્રવાદી કૉંગ્રેસ (એનસીપી)ના નેતા બાબા સિદ્દીકીની હત્યાના કેસમાં ફરાર આરોપી શુભમ લોણકર વિરુદ્ધ ક્રાઇમ બ્રાન્ચે લૂકઆઉટ સર્ક્યુલર જારી કર્યું છે. બાબા સિદ્દીકીની હત્યામાં સંડોવાયેલા શૂટરોને શસ્ત્રો પૂરાં પાડયાંનો શુભમ પર આરોપ છે. આ કેસમાં શુભમ ઉપરાંત ઝીશાન અખ્તર અને શિવકુમાર ગૌતમ ફરાર છે.

બાબા સિદ્દીકી ૧૨ ઑક્ટોબરે રાતે મીટિંગમાં હાજરી આપ્યા બાદ પોતાના બે અંગરક્ષકો સાથે ઘરે જવા નીકળ્યા હતા, ત્યારે નિર્મલનગર વિસ્તારમાં પુત્ર ઝીશાન સિદ્દીકીની ઓફિસ પર તેમના પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. છાતીમાં ત્રણ ગોળી વાગવાથી સિદ્દીકીનું મૃત્યુ

(જુઓ પાનું ૪) ▶▶

## વીઆઈપીઓની સુરક્ષાની ફરી સમીક્ષા: સિક્યોરિટી વિભાગની વિશેષ મીટિંગ

મુંબઈ: બાન્દ્રામાં સુરક્ષા પૂરી પાડવામાં આવ્યા છતાં બાબા સિદ્દીકીની ગોળી મારી હત્યા કરવામાં આવ્યા પછી મુંબઈ પોલીસે વીઆઈપીઓની સુરક્ષાની ફરી સમીક્ષા કરવાનો નિર્ણય લીધો છે. આ માટે સિક્યોરિટી વિભાગના અધિકારીઓની વિશેષ મીટિંગ યોજાઈ હતી, જેમાં વીઆઈપીઓને સુરક્ષા પૂરી પાડવામાં નડતી મુશ્કેલીઓની પણ પોલીસ દ્વારા રજૂઆત કરાઈ હતી. પોલીસ સુરક્ષા વચ્ચે બાબા સિદ્દીકીની હત્યા થતાં વીઆઈપી અને વીવીઆઈપીઓની સુરક્ષાનો પ્રશ્ન ફરી નિર્માણ થયો હતો. પરિણામે પોલીસના સિક્યોરિટી વિભાગ દ્વારા એક મીટિંગનું આયોજન કરી વીઆઈપીઓની સુરક્ષાની ફરી સમીક્ષા કરવાનો

(જુઓ પાનું ૪) ▶▶

# વીકએન્ડમાં વરસાદ પડશે: બે દિવસ યલો એલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ સહિત દેશમાંથી નૈર્ઋત્યના ચોમાસાની સત્તાવાર રીતે વિદાય થઈ ચૂકી છે, છતાં મુંબઈમાં હજી થોડા દિવસ વરસાદી માહોલ રહેવાનો છે. વીકએન્ડમાં મુંબઈ વીજળીના ગડગડાટ સાથે વરસાદ પડવાનો અંદાજો હવામાન ખાતાએ વ્યક્ત કર્યો છે. એ સાથે જ થાણે અને પાલઘર માટે યલો એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે.

મુંબઈમાંથી ૧૫ ઑક્ટોબરના ચોમાસાએ વિદાય લઈ લીધી છે. છતાં બે-ત્રણ દિવસથી ફરી વાદળિયું વાતાવરણ જણાઈ રહ્યું છે. દિવસ દરમિયાન ગરમી અને ઉકળાટનો અનુભવ થઈ રહ્યો છે ત્યારે હવામાન ખાતાએ ૧૯ અને ૨૦ ઑક્ટોબર માટે મુંબઈ, થાણે અને પાલઘર માટે યલો એલર્ટ જાહેર કરીને વીજળીના ગડગડાટ સાથે કલાકના ૩૦થી ૪૦

(જુઓ પાનું ૪) ▶▶

## સોમી અલીનું લૉરેન્સ બિશ્નોઈને જેલમાંથી ઝૂમ મીટિંગ કરવા આમંત્રણ



મુંબઈ: અભિનેતા સલમાન ખાનની એક્સ ગર્લફ્રેન્ડ અને અમુક ફિલ્મોમાં કામ કરી ચૂકેલી સોમી અલીએ ચોંકાવી નાખનારી પોસ્ટ કરી છે. મુંબઈથી યુએસ શિફ્ટ થઈ ચૂકેલી સોમીએ સાબરમતી જેલમાં આરોપી લોરેન્સ બિશ્નોઈ સાથે ઝૂમ મીટિંગ કરવાની ઈચ્છા જતાવી છે. તેણે પોતાના ઈન્સ્ટા પર બિશ્નોઈને ઈનવાઈટ કરતો મેસેજ કર્યો છે.

સોમીએ લખ્યું છે કે લોરેન્સભાઈ મને ખબર છે અને મેં જોયું પણ છે કે તમે જેલમાંથી ઝૂમ કોલ કરી શકો છો. તો મહેરબાની કરી મારી સાથે પણ વાત કરો. આખી દુનિયામાં આપણી ફેવરિટ જગ્યા રાજસ્થાન છે. અમે તમારા ગામમાં આવી મંદિરમાં પૂજા કરવા માગીએ છીએ, પણ પૂજા પહેલા આપણી એક વાત થઈ જાય. મારો વિશ્વાસ કરો આ વાત તમારા ફાયદામાં રહેશે. તમારો નંબર આપો તો મહેરબાની.

સોમીની આવી પોસ્ટ ખૂબ જ વાયરલ થઈ રહી છે. સલમાન સાથે ૧૯૯૯માં સંબંધોનો અંત આણી સોમી વિદેશ ચાલી ગઈ હતી. તેણે અગાઉ પર સલમાનને સપોર્ટ કરતા કહ્યું હતું કે શિકાર કરવો સ્વીકાર્ય નથી પણ તે સમયે સલમાન નાની વયનો હતો. હવે આટલાં વર્ષો સુધી તેને હેરાન કરવો બરાબર નથી અને કોઈનો જીવ લેવો પણ યોગ્ય નથી. તાજેતરમાં જ બિશ્નોઈ ગેંગે અજિત પવારની એનસીપીના નેતા બાબા સિદ્દીકીની હત્યાની જવાબદારી લીધી છે. અગાઉ સલમાનના ઘર પર ફાયરિંગ પણ કર્યું હતું. ■

# આઈપીએસ અધિકારી ભાગ્યશ્રી નવટકે વિરુદ્ધ એફઆઈઆર

**ક્રેડિટ સોસાયટી સંબંધિત કૌભાંડમાં સીબીઆઈની કાર્યવાહી**



મુંબઇ: મહારાષ્ટ્રમાં ક્રેડિટ સોસાયટી સંબંધિત કૌભાંડમાં સંડોવાયેલી આઇપીએસ ઓફિસર ભાગ્યશ્રી નવટકે વિરુદ્ધ સીબીઆઈ કડક કાર્યવાહી કરવા જઈ રહી છે. સીબીઆઈએ ભાગ્યશ્રી નવટકે વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરી છે. ટૂંક સમયમાં તેની પૂછપરછ કરવામાં આવશે અને આ કૌભાંડના સંદર્ભમાં તેનું નિવેદન નોંધવામાં આવશે.

ઑગસ્ટમાં પુણે પોલીસે આઇપીએસ ભાગ્યશ્રી નવટકે વિરુદ્ધ બનાવટી અને ગુનાહિત કાવતરાના આરોપમાં એફઆઈઆર દાખલ કરી હતી. ભાગ્યશ્રીએ ૨૦૨૦-૨૧ વચ્ચે જલગાંવ સ્થિત ભાઈચંદ હીરાચંદ રાયસોની સ્ટેટ કોઓપરેટિવ ક્રેડિટ સોસાયટી સાથે સંકળાયેલા રૂ. ૧,૨૦૦ કરોડના કૌભાંડની તપાસનું નેતૃત્વ કર્યું હતું. હવે તે પોતે પણ આ જ તપાસમાં ફસાઈ ગઈ છે. મહારાષ્ટ્ર સરકારે ઑગસ્ટ ૨૦૨૪માં આ મામલે સીબીઆઈ તપાસની ભલામણ કરી હતી.

આઇપીએસ અધિકારી ભાગ્યશ્રી નવટકે પુણેમાં ઈઓડબ્લ્યુ વિભાગમાં ડીસીપી રહી ચૂક્યા છે.

એફઆઈઆરમાં કહેવામાં આવ્યું છે કે આવા ગુનાઓની તપાસ માટે પ્રચલિત પ્રક્રિયાને અનુસર્યા વિના સંબંધિત ગુનાની તપાસ આર્થિક અપરાધ શાખા દ્વારા કરવામાં આવી હતી. આ સિવાય પુણે સીમાની બહાર એક જ જગ્યાએ સંયુક્ત ટુકડી મોકલીને દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જણાય છે. પિંપરી, ચિંચવડ અને પુણેમાં ગુનાઓની તપાસમાં દખલગીરી કરીને અને પ્રભાવ પાડીને અન્યાયી રીતે ગુનાઓ નોંધવાની ફરજ પાડવામાં આવી છે. ગુનો નોંધવામાં આવ્યો તે પહેલાં ફરિયાદીઓને ઇરાદાપૂર્વક અને ખાસ કરીને પુણે અને આસપાસના વિસ્તારોમાંથી પસંદ કરવામાં આવ્યા હતા. આ કેસમાં જોવા મળ્યું છે કે પસંદગીના આરોપી બનાવવા, મોટા પાયે ગુનો દર્શાવવો, ગંભીર પુરાવા પ્રત્યે જાણીજોઈને બેદરકારી, સત્તાવાર નિયમોમાં છેડછાડ કરવી અને પસંદગીની ચાર્જશીટ મોકલવા જેવા ઘણા કૃત્યો કરવામાં આવ્યા છે.

સીઆઈડીએ સૌપ્રથમ આ કૌભાંડની તપાસ કરી અને પ્રક્રિયાગત ક્ષતિઓ ઓળખી. સીઆઈડીના રિપોર્ટના આધારે મહારાષ્ટ્રના ગૃહ વિભાગના નિર્દેશો પર નવટકે અને અન્ય અજાણ્યા લોકો સામે કેસ નોંધવામાં આવ્યો છે.■

# સમીર વાનખેડેની રાજકારણમાં એન્ટ્રી: ચૂંટણી લડવાની જાહેરાત



મુંબઈ: ચૂંટણી પંચે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીની જાહેરાત કરી દીધી છે, હવે રાજ્યના રાજકારણમાં વધુ ગરમાવો આવશે. એવામાં એક અહેવાલ મુજબ ઇન્ડિયન રેવન્યુ સર્વિસ (આઈઆરએસ)ના વિવાદિત અધિકારી સમીર વાનખેડે હવે મહારાષ્ટ્રના રાજકારણમાં પ્રવેશવા જઈ રહ્યા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર સમીર વાનખેડે શિવસેના (એકનાથ શિંદે)માં જોડાઈ શકે છે. એવી પણ અટકળો છે કે સમીર વાનખેડે મુંબઈની ધારાવી વિધાનસભા સીટ પરથી ચૂંટણી લડી શકે છે. સમીર વાનખેડે ૨૦૦૮ બેચના આઈઆરએસ અધિકારી છે. ૨૦૨૧ સુધી, તેઓ એનસીબીના ઝોનલ ડાયરેક્ટરના પદ પર હતા. સમીર વાનખેડે ઘણા સમયથી ચર્ચામાં છે, હવે તેની રાજકારણમાં એન્ટ્રી થશે એવી શક્યતા છે. તે ધારાવી વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડીને પોતાની રાજકીય ઇનિંગની શરૂઆત કરશે. રાજકારણમાં પ્રવેશતા પહેલા સમીર વાનખેડે એ આઈઆરએસના પદ પરથી રાજીનામું આપવું પડશે અને રાજીનામું કેન્દ્ર સરકારના ગૃહ વિભાગે સ્વીકારવું પડશે, ત્યાર બાદ જ તેમનો રાજકારણમાં પ્રવેશનો રસ્તો સાફ થશે. ૪૪ વર્ષીય સમીર વાનખેડે ૨૦૦૮ બેચના આઈઆરએસ અધિકારી છે. ૨૦૨૧ સુધી, તેણે મુંબઈમાં નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો (એનસીબી) ના ઝોનલ ડિરેક્ટર તરીકે કામ કર્યું. એનસીબીમાં જોડાતા પહેલા વાનખેડે એનઆઈએ અને એર ઈન્ટેલિજન્સ યુનિટ સાથે કામ કર્યું હતું.

સમીર વાનખેડેએ ડ્રગના દાણચોરો અને તેમના નેટવર્કને ટાર્ગેટ કરીને દરોડા પાડવા, ગુપ્તચર કામગીરી અને ગુપ્ત તપાસમાં સક્રિયપણે કામગીરી કરી હતી. તેમની ૧૫ વર્ષની કારકિર્દી દરમિયાન, તેમને ૧૭,૦૦૦ કિલો નાર્કોટિક્સ અને ૧૬૫ કિલો સોનું જપ્ત કરવાનો શ્રેય જાય છે. ■

## મહાવિકાસ આઘાડી તેમના મુખ્ય પ્રધાનનો ચહેરો ફાઇનલ નથી કરી શકતી: શિંદે સેના

મુંબઈ: મહારાષ્ટ્રની ચૂંટણી પહેલાં સત્તાધારી ગઠબંધન અને તેના પ્રતિસ્પર્ધીઓ દ્વારા બેઠક વચ્ચે શિંદે સેનાાન પ્રવક્તા સંજય શિરસાટે ગુરુવારે એમવીએ એકતા પર શંકા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે તે ચૂંટણી પછી અકબંધ રહેશે કે નહીં તેની ખાતરી નથી.

એમવીએના ભાગીદારો કોંગ્રેસ, શિવસેના (યુબીટી)અને એનસીપી (શરદ પવાર) હજુ સુધી તેમના મુખ્ય પ્રધાનપદના ઉમેદવાર અંગે સર્વસંમતિ સુધી પહોંચી શક્યા નથી અને દાવો કર્યો હતો કે દરેક પક્ષો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેના મુખ્ય પ્રધાનના ચહેરાની જાહેરાત કરી રહ્યા છે.

પત્રકારો સાથે વાત કરતાં એકનાથ શિંદેની આગેવાની હેઠળની સેનાના નેતાએ દાવો કર્યો હતો કે એમવીએ કેમ્પમાં મુખ્ય પ્રધાન

(જુઓ પાનું ૪) ▶▶

## મહારાષ્ટ્રમાં ૨૮૮ વિધાનસભા બેઠકમાંથી ૨૦૦ પર એમવીએમાં સર્વસંમતિ: પવારનો દાવો

પુણે : એનસીપી (એસપી)ના વડા શરદ પવારે ગુરુવારે જણાવ્યું હતું કે ત્રણ મહા વિકાસ આઘાડી (એમવીએ) સાથીઓએ આગામી મહિનાની ચૂંટણી માટે મહારાષ્ટ્રમાં કુલ ૨૮૮ માંથી ૨૦૦ વિધાનસભા બેઠક પર અત્યાર સુધી સર્વસંમતિ સાધી છે. મહારાષ્ટ્રના સતારા જિલ્લાના કરાડ ખાતે પત્રકારો સાથે વાત કરતા, તેમણે કહ્યું કે જ્યાં કૉંગ્રેસને ભાજપના હાથે પરાજયનો સામનો કરવો પડ્યો હતો તે હરિયાણાની ચૂંટણી ના પરિણામોની મહારાષ્ટ્રની ચૂંટણી પર કોઈ અસર નહીં થાય. હું સીટ વહેંચણીની ચર્ચામાં સીધો સામેલ નથી.

એનસીપી એસપી રાજ્ય એકમના વડા જયંત પાટીલ વાતચીતમાં અમારી પાર્ટીનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. તેમણે શેર કરેલી માહિતી મુજબ, કુલ ૨૮૮ બેઠકોમાંથી આશરે

(જુઓ પાનું ૪) ▶▶

## વિમાનોને ધમકીનો સિલસિલો યથાવત્

### મુંબઈ આવતી બે ઈન્ટરનેશનલ ફ્લાઈટને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી

મુંબઈ: ડોમેસ્ટિક એરલાઈન્સની ફ્લાઈટ્સને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળવાનો સિલસિલો ચોથા દિવસે પણ ચાલુ રહ્યો હતો. ગુરુવારે પણ અગાઉની જેમ વિસ્તારાની એક અને ઈન્ડિગોની એક એમ બે ઈન્ટરનેશનલ ફ્લાઈટને નિશાન બનાવવામાં આવી હતી. અગાઉ બુધવારે ઈન્ડિગો, સ્પાઈસ જેટ અને અકાસાની કુલ મળી સાત ફ્લાઈટને પણ આવી જ બૉમ્બની ધમકી મળી હતી. એની પહેલા સોમવાર અને મંગળવારે ભારતીય એરલાઈન્સ દ્વારા સંચાલિત અંદાજે એક ડઝન ફ્લાઈટ્સને આવી જ ધમકીઓ મળી હતી.

એરલાઇને આપેલી માહિતી અનુસાર બોઇંગ ૭૮૭ વિમાનને બૉમ્બની ધમકી મળ્યા બાદ ગુરુવારે મુંબઈ જઈ રહેલી ૧૪૭ ઉતારુ સાથેની વિસ્તારા ફ્લાઇટને તાત્કાલિક સુરક્ષા તપાસ માટે લઇ જવામાં આવી હતી.

એ જ સમયે, તુર્કીના ઇસ્તંબૂલ શહેરથી મુંબઈ આવતી ઈન્ડિગો ફ્લાઇટને પણ

(જુઓ પાનું ૪) ▶▶

## ધનંજય મુંડેના પત્ની કાર અકસ્માતમાં બચી ગયાં

પુણે: રાજ્યના કેબિનેટ પ્રધાન ધનંજય મુંડેના પત્ની ગુરુવારે વહેલી સવારે કારમાં સોલાપુર-પુણે હાઇવે પરથી જઇ રહ્યાં હતાં ત્યારે કાર સાથે ખાનગી બસ ટકરાઇ હતી. નસીબજોગે અકસ્માતમાં મુંડેનાં પત્ની બચી ગયા હતા.

સોલાપુર-પુણે હાઇવે પર સોર્તાપુરવાડી નજીક ગુરુવારે વહેલી સવારે પાંચ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો, એમ ઉરુલી કાંચન પોલીસ સ્ટેશનના અધિકારીએ કહ્યું હતું.

ખાનગી બસની સ્પીડ ઓછી થતાં કાર પાછળથી તેની સાથે ટકરાતાં નજીવો અકસ્માત થયો હતો, જેમાં રાજશ્રી મુંડે બચી ગયાં હતાં. તેમને કોઇ ઇજા થઇ નહોતી. (પીટીઆઇ)■

## લાડકી બહેનોને ૨૫૦૦ રૂપિયાનું દિવાળી બોનસ?

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવા માટે ‘મુખ્ય પ્રધાન મારી લાડકી બહેન’ યોજના અમલમાં મૂકી છે. આ યોજના માટે ૪૬ હજાર કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યમાં અત્યાર સુધીમાં બહેનોના ખાતામાં ૨ કરોડ ૨૬ લાખથી વધુ રકમ જમા થઇ ચૂકી છે. દરમિયાન હવે લાડકી બહેનોને સરકાર તરફથી દિવાળી બોનસ મળશે તેવા અહેવાલો પણ વહેતા થયા છે. અહેવાલો અનુસાર, કેટલીક પસંદગીની મહિલાઓને જ દિવાળી બોનસ મળશે. તો શું આ સમાચાર સાચા છે? શું આ અંગે ખરેખર કોઈ સરકાર તરફથી કોઈ નિર્ણય લેવામાં આવ્યો છે ખરો?

અઢી લાખ રૂપિયા સુધીની વાર્ષિક આવક ધરાવતી ૨૧ - ૬૫ વર્ષની ઉંમરની મહિલાઓને મહારાષ્ટ્ર સરકાર દ્વારા દર મહિને દોઢ હજાર રૂપિયા આપવામાં આવે છે. જુલાઈથી રાજ્ય સરકારે મુખ્ય પ્રધાન લાડકી બહેન યોજના અમલમાં મૂકી છે. અત્યાર સુધીમાં પાત્ર મહિલાઓના ખાતામાં પૈસાના પાંચ હપ્તા જમા થયા છે. દરમિયાન મહિલા અને બાળ વિકાસ પ્રધાન અદિતિ તટકરેના કાર્યાલય સાથેની વાતચીત મુજબ લાડકી બહેન યોજના હેઠળ પાત્ર મહિલાઓને દિવાળી બોનસ આપવાનો કોઈ સરકારી નિર્ણય લેવાયો નથી. અદિતિ તટકરેના કાર્યાલયે જણાવ્યું હતું કે બોનસ અંગેના અહેવાલો ખોટા છે અને સરકાર દ્વારા આવી કોઈ જાહેરાત નથી કરવામાં આવી. ■

## આચારસંહિતાનું ઉલ્લંઘન: મહાયુતિ સરકાર સામે ચૂંટણી પંચ કાર્યવાહી કરશે

મુંબઇ: મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીની આચારસંહિતા જારી થયા બાદ પણ મહાયુતિ સરકારે મંગળવારે ૨૦૦થી વધુ સરકારી નિર્ણયો જારી કર્યા છે. કેન્દ્રીય ચૂંટણી પંચની પ્રેસ કોન્ફરન્સ બાદ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી એસ. ચોકલિંગમ મહારાષ્ટ્ર સરકાર સામે તપાસ શરૂ કરવા જઈ રહ્યું છે અને ત્યાર બાદ આગળની કાર્યવાહી કરશે. ચોકલિંગમે એમ પણ જણાવ્યું હતું કે આમાં કોઇ પક્ષપાત કરવામાં આવશે નહીં. નોંધનીય છે કે ૧૫ ઓક્ટોબરે ચૂંટણી પંચે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરી હતી.

એમ જાણવા મળ્યું છે કે આચારસંહિતા લાગુ થયા બાદ પણ વિધાન સભ્યોને ભંડોળ ફાળવણી સાથે વહીવટી પ્રોજેક્ટને મંજૂરી, બદલીઓ અને નિમણૂકો માટેના સરકારી નિર્ણયો જારી કરવામાં આવ્યા હતા. મહારાષ્ટ્ર સરકારે તેની સત્તાવાર વેબસાઇટ પર લગભગ

(જુઓ પાનું ૪) ▶▶

## નોકરીવાંચ્છુઓ સાથે ₹ ૧.૩૧ કરોડની ઠગાઇ

થાણે: નવી મુંબઈમાં નોકરીવાંચ્છુઓ સાથે રૂ. ૧.૩૧ કરોડની છેતરપિંડી આચરવા પ્રકરણે પોલીસે છ જણ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. આરોપીઓએ ૨૦ યુવાનોનો સંપર્ક સાધ્યો હતો અને તેમને ભારતીય રેલવેમાં નોકરી અપાવવાનું આશ્વાસન આપ્યું હતું. સપ્ટેમ્બર, ૨૦૨૨થી એપ્રિલ, ૨૦૨૩ દરમિયાન તેમણે નોકરીવાંચ્છુઓ પાસેથી ડિજિટલ પેમેન્ટ્સ તેમ જ રોકડથી રૂ. ૧.૩૧ કરોડ સ્વીકાર્યા હતા, એમ ખારઘર પોલીસ સ્ટેશનના અધિકારીએ કહ્યું હતું. એક આરોપીએ એકઠા કરાયેલા નાણાંનો દુરુપયોગ કર્યો હતો. તેણે નાણાં અંગત ખર્ચ માટે તથા કોલ્હાપુરમાં ઘર બાંધવા માટે વાપર્યાં હતાં. નવી મુંબઈના ખારઘર વિસ્તારમાં રહેનારા પીડિતોએ નોકરી અંગે તપાસ કરી અને બાદમાં તેમણે આરોપીઓનો સંપર્ક સાધ્યો હતો. (પીટીઆઇ)■

## થાણે પાલિકાની સ્કૂલના ૪૧ વિદ્યાર્થીને ખોરાકી ઝેરની અસર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: થાણે મહાનગરપાલિકા સંચાલિત સ્કૂલમાં ભણતા ૪૧ વિદ્યાર્થીઓને મધ્યાન ભોજન લીધા બાદ તેમનામાં ખોરાકી ઝેરના લક્ષણો જણાતાં તેમને તરત હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

થાણે પાલિકા પ્રશાસનના અધિકારીના જણાવ્યા મુજબ દીવા-આગાસન વિસ્તારમાં સ્કૂલ નંબર ૮૮માં બપોરના મધ્યાન ભોજન લીધા બાદ વિદ્યાર્થીઓએ પેટમાં ગડબડ હોવાની ફરિયાદ કરી હતી. એક બાદ એક ૪૧ વિદ્યાર્થીઓએ ફરિયાદ કરતા તેમને તરત હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હાલ તેમની તબિયત સ્થિર છે. કલવામાં આવેલી થાણે પાલિકા સંચાલિત છત્રપતિ શિવાજી મહારાજ હૉસ્પિટલની ડૉક્ટરોની ટીમને પ્રાથમિક સારવાર આપવા માટે સ્કૂલમાં મોકલવામાં આવ્યા હતા. બાદમાં ૪૧ વિદ્યાર્થીઓને હૉસ્પિટલમાં અંડર ઓબ્ઝરવેશન હેઠળ રાખવામાં આવ્યા હોવાનું પાલિકાના ડેપ્યુટી કમિશનર (હેલ્થ) ગોદેપુરેએ જણાવ્યું હતું.

થાણે પાલિકા કમિશનર સૌરભ રાવે જણાવ્યું હતું કે બપોરના સ્કૂલના પાંચમાથી સાતમા ધોરણના બાળકોને મધ્યાન ભોજનમાં ખીચડી ખાવા માટે આપવામાં આવી હતી. ખીચડી ખાધા બાદ બાળકોએ પેટમાં તકલીફ હોવાની ફરિયાદ કરી હતી. જોકે હવે બાળકોની તબિયત સ્થિર છે.


વધુમાં કમિશનરે કહ્યું હતું કે ફૂડ એન્ડ ડ્રગ એડમિસ્ટ્રેશન (એફડીએ)ના અધિકારીઓએ રસોડા સહિત અન્ય રસોઈના સામાન અને સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું અને બાદમાં તેઓ ખીચડીના નમૂના એકત્રિત કર્યા હતા. તપાસ બાદ યોગ્ય પગલા લેવામાં આવશે. ■

## વિરોધ છતાં અભ્યાસક્રમમાં અંગ્રેજીને ‘વિદેશી ભાષા’ તરીકે વર્ગીકૃત

મુંબઇ: સ્કૂલ શિક્ષણ માટે રાજ્ય અભ્યાસક્રમ ફ્રેમવર્કના પ્રથમ ડ્રાફ્ટને મે મહિનામાં રજૂ કરવામાં આવ્યો ત્યારે ઘણી ટીકાઓ થયા પછી, મહારાષ્ટ્ર સ્ટેટ કાઉન્સિલ ફોર એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગે સુધારેલું અંતિમ સંસ્કરણ બહાર પાડ્યું છે. પ્રથમ ડ્રાફ્ટમાં મનુસ્મૃતિનો સંદર્ભ હતો અને સમર્થ રામદાસ સ્વામી દ્વારા ભગવદ ગીતા અને મનચે શ્લોક જેવા ધાર્મિક ગ્રંથોનો સમાવેશ કરવાની દરખાસ્ત હતી, જેના કારણે તે વિવાદાસ્પદ બન્યો હતો. મહારાષ્ટ્રના શાળા શિક્ષણ પ્રધાન, દીપક કેસરકરે લોકોને ખાતરી આપી હતી કે તમામ ઇનપુટ્સને ધ્યાનમાં લીધા પછી એક સુધારેલું સંસ્કરણ પ્રકાશિત કરવામાં આવશે. લોકોને તેમના પ્રતિસાદ ઓનલાઈન સબમિટ કરવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા.

ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં કેસરકરની આગેવાની હેઠળની શ્રેણીબદ્ધ બેઠકો બાદ અંતિમ રાજ્ય અભ્યાસક્રમ ફ્રેમવર્ક-એસઈ ને સ્ટિયરિંગ કમિટી દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. રાજ્ય અભ્યાસક્રમ ફ્રેમવર્કના અંતિમ સંસ્કરણમાં વિદ્યાર્થીઓને આઇઇએલટીએસ, ટોફેલ, જીઆરઇ અને જીમેટ જેવી આંતરરાષ્ટ્રીય અંગ્રેજી ભાષા પરીક્ષાઓ માટે તૈયાર કરવામાં મદદ કરવા માટે ’એડવાન્સ્ડ અંગ્રેજી’ નામનો નવો વિષય રજૂ કર્યો છે. વિદ્યાર્થીઓ હવે અભ્યાસક્રમના ભાગરૂપે સ્ટાન્ડર્ડ અંગ્રેજી અને એડવાન્સ્ડ અંગ્રેજી વચ્ચે પસંદગી કરી શકે છે. ■

પ્રકરણ ૯૦



# વેર - વિખેર

■ કિરણ રાયવડેરા

'એનું નામ કુમાર ચક્રવર્તી છે.' વાતની શરૂઆત કરતાં વિક્રમે કુમારના દેખાવ, ઊંચાઈ વગેરે વિશે વિગતો કબીરને આપી.

કબીરે સેલ કાઢી લાલબઝાર ફોન લગાડ્યો.

'કમિશનર શ્રીવાસ્તવ પ્લીઝ...'

થોડી પળો પછી કબીર કમિશનર રવિ શ્રીવાસ્તવ સાથે વાત કરી રહ્યો હતો.

'હાય, તને ખબર પડી ને? હવે સાંભળ બાકીની વાત આપણે પછી કરશું... પણ હાલ પૂરતી એક ફેવર કરીશ? કુમાર ચક્રવતી નામની એક દાઢીવાળી વ્યક્તિ જગમોહન પર હુમલો કરીને ફરાર થઈ છે. કદાચ એ હાવડા, સિયાલદાહ અથવા ઍરપોર્ટથી કોલકાતાથી બહાર ભાગી જવાની કોશિશ કરશે.' પછી એક નજર ઘડિયાળ પર નાખતા કબીર બોલ્યો, 'જો થોડી ઝડપ કરીએ તો કદાચ આ માણસ ગિરફતાર થઈ શકે...'

'ડોન્ટ વરી, કબીર, જગમોહન માટે કંઈ પણ કરવા તૈયાર છું. મને એક કલાક આપ...' કમિશનરે ફોન મૂકી દીધો.

'ઓ.કે. જો આ કુમાર ચક્રવર્તી ખરેખર કોલકાતા છોડીને ભાગવાની કોશિશ કરશે તો પકડાઈ જશે...' કબીરે કહ્યું.

'કુમાર પકડાઈ જાય એનો અર્થ એ નથી કે ખૂન એણે કર્યું છે. રિવોલ્વર તો ગાયત્રીના હાથમાં હતી.' જતીનકુમાર બોલી ઊઠ્યા.

'જમાઈબાબુ, જે આપણે નરી આંખે જોઈએ છીએ એ હોતું નથી. હાથમાં રિવોલ્વર હોવાનો અર્થ એ નથી કે ખૂન ગાયત્રીએ જ કર્યું છે. માની લ્યો કે ગાયત્રીની જ ગોળી જગ્ગેને વાગી છે તો પણ કુમાર ચક્રવર્તીનો શું રોલ હતો એ તો આપણે સમજી લેવું જોઈએ.' જતીનકુમાર સામે જોયા વિના કબીરે પ્રત્યુત્તર આપ્યો.

એ જ સમય ઑપરેશન થિયેટરની લાલ બત્તી બંધ થઈ અને વિશાળ દરવાજો ખૂલ્યો. બધાં એક સાથે દરવાજા તરફ આગળ વધ્યાં. ઓ.ટી.માંથી બે ડોક્ટરે બહાર નીકળ્યા.

'મિ. વિક્રમ દીવાન, મારું નામ ડો. મહેતા અને આ મારા સાથી ડોક્ટર કરમાકર.' વિક્રમે બંને સામે ક્ષીણ સ્મિત વેર્યું. 'મિ. દીવાન, ગોળી તો અમે કાઢી લીધી છે.' પણ અનફોર્ચ્યુનેટલી ઘણું બ્લિડિંગ થઈ ગયું છે. લીવરને પણ થોડું ડેમેજ થયું છે. હજી કંઈ ચોક્કસપણે કહી શકાય નહીં.'

'પપ્પા આઉટ ઓફ ડેન્જર છે એમ કહી શકાય?' કરણે પૂછ્યું.

'આ તબક્કે કંઈ પણ કહેવું મુશ્કેલ છે. ૭૨ કલાક પછી જ કોઈ નિર્ણય લઈ શકાય. કદાચ જરૂર પડે તો બીજું ઑપરેશન પણ કરવું પડે પણ આ ૭૨ કલાક એમના માટે બહુ જ ક્રિટિકલ ગણાય.' કહીને બંને ડોક્ટરોએ વિદાય લીધી.

'૭૨ કલાક... માય ફૂટ... દરેક ડોક્ટર ૭૨ કલાક જ કેમ કહેતા હશે? કોણ જાણ કેમ ૭૩મા કલાકથી પેશન્ટ સાજોસમો થઈને ઘર ભેગો થઈ જશે.' કરણ ચિડાઈ ગયો.

'કરણ, કામ ડાઉન, આ સમય ઉશ્કેરાવાનો નથી.' વિક્રમે એને ટપાર્યો.

'આપણી આ જ તકલીફ છે.' જતીનકુમાર બોલ્યા, બધાં વારંવાર ઉશ્કેરાઈ જઈએ છીએ. છેલ્લા બે-ત્રણ દિવસથી સસુરજી સામે આપણે ઉશ્કેરાટનું જ પ્રદર્શન કરીએ છીએ. બિચારાને એક પળ પણ શાંતિથી જીવવા ન દીધા. બધાંએ લાવ... લાવ... કર્યું.' જતીનકુમાર બોલ્યે જતા હતા.

'ઓહ,' કબીરને વાતચીતમાં રસ પડવા લાગ્યો:

'જમાઈબાબુ, તમે અટકી કેમ ગયા? પ્લીઝ કેરી ઓન, ધીઝ ઈઝ વેરી ઈન્ટરેસ્ટિંગ!'

'અરે શું કહું તમને? કોઈએ તમારા મિત્રને છોડ્યા નથી. સાચું પૂછો તો એમાં મારું નામ પણ આવી જાય છે. પણ બિચારા ભગવાનના માણસ હતા.' જતીનકુમારે માથે હાથ મૂકીને શોક પ્રગટ કરવાની મુદ્રામાં કહ્યું.

'એક્સ્યુઝ મી, જમાઈબાબુ, તમારા સસરા અને મારા મિત્ર હજી જીવે છે.' કબીરને ગુસ્સો તો ખૂબ ચડ્યો પણ આ માણસ પાસે માહિતીનો મસાલો છે અણસાર એને આવી ગયો હતો.

'હા... હા... સોરી, ભગવાનનું માણસ છે તમારા મિત્ર... પણ મારા ગળાના સમ, અમે કોઈએ એનું લોહી પીવામાં બાકી નહોતું રાખ્યું... ભલે ગાયત્રીએ ગોળી છોડી હોય પણ એક વાત નોંધી લેજો કે અહીં હાજર રહેલી દરેક વ્યક્તિ આ જ કામ કરવા ઈચ્છતી હતી. ફરક બસ એટલો જ છે કે આ કૃત્ય ગાયત્રીએ કર્યું છે.'

'જમાઈબાબુ, તમે તમારી હદ વટાવી રહ્યા છો.' વિક્રમ દાંત પીસીને બોલ્યો.

'જુઓ, કબીરભાઈ, જુઓ, તમારા મિત્રના આ બે લાડકા દીકરાઓ... બાપ પાછળ મગરમચ્છનાં આંસુ સારે છે. અરે તમારા આંસુ પર તો મગરમચ્છને પણ શરમ આવે.' જતીનકુમાર અટકે તેમ નહોતા.

'તમને તો હું જોઈ લઈશ.' કરણ મુક્કો ઉગામીને બોલ્યો: જુઓ, કબીરભાઈ, જુઓ, બસ આ રીતે બધા જ તમારા મિત્ર જગ્ગેને ધમકી આપતા હતા. કોઈ બાકી નહોતું રહ્યું. એમાંય આ નાના સાળાબાબુ તો પોતાની પત્ની માટે પચ્ચીસ લાખ ન મળતાં બાપને જ હું જોઈ લઈશ'ની ધમકી આપી આવ્યા હતા. પૂછો... પૂછો એને જો હું ખોટું બોલતો હોઉં તો...'

જતીનકુમારને જાણે લાગ મળી ગયો હતો.

કરણ જતીનકુમાર તરફ ધસવા ગયો પણ કબીરે એને અટકાવી દીધો, કરણ, બીહેવ યોરસેલ્ફ, આ હોસ્પિટલ છે.' કરણ સમસમીને રહી ગયો. દૂર બેઠેલી પ્રભા દોડતી આવી ગઈ.

'શું થયું... શું થયું... તારા પપ્પાને ઠીક છે ને?'

'કબીરભાઈ, આ છે મારા સાસુમા, આમ ખૂબ જ ભલા બાઈ પણ પતિને ધમકી આપવામાં તો એ પણ આગળ પડતાં જ હતાં.' જતીનકુમાર હવે વિફર્યા હતા. રેવતીએ એમને અટકાવ્યા, તમે શું બોલો છો એનું તમને ભાન છે?'

'જમાઈરાજ, મેં તમારું શું બગાડ્યું છે?' પ્રભાએ જમાઈને પ્રશ્ન કર્યો.

'ઈનફ' કબીરે ઊંચા સાદે કહ્યું, મને આ જગ્યાએ કોઈ સીન ન જોઈએ. વિક્રમ, કરણ, તમારા બંનેના વ્યવહારથી હું ખરેખર ખૂબ જ નિરાશ થયો છું. આઈ થીન્ક વી નીડ ટુ ટોક... આપણે વાત કરવી પડશે.'

વિક્રમ અને કરણ બંને નીચે જોવા લાગ્યા.

'એટલું જ નહીં કબીરભાઈ, તમને ખબર ન હોય તો તમને કહી દઉં. તમારા મિત્ર તો જીવવા જ નહોતા માગતા. એ તો ગયા અઠવાડિયે આત્મહત્યા કરવા નીકળ્યા હતા. ત્યાં ગાયત્રીએ એમને ન બચાવ્યા હોત તો એ હમણાં જીવતા જ ન હોત...' જતીનકુમારે હોસ્પિટલની કોરિડોરમાં જ બોમ્બ ફોડી નાખ્યો. તમને વિશ્વાસ ન આવતો હોય તો કરણને પૂછી જોજો. એની પાસે મારા સસરાની ડાયરી પડી છે.'

બધા સ્તબ્ધ થઈ ગયા હતાં.

કબીરને પણ કળ વળતા થોડી વાર લાગી.

જગમોહન આત્મહત્યા કરવાનો વિચાર કરી શકે? ઓહ ગોડ, ઘણી વાર મિત્રોથી ઝાઝો સમય દૂર રહીએ તો બંને પક્ષે નુકસાન થઈ શકે છે. કદાચ હું જગ્ગે સાથે નિયમિત સંપર્કમાં હોત તો જગમોહનની આ સ્થિતિ ન થાત...! જાણે ગુનો કર્યો હોય એવી લાગણી કબીરે અનુભવી.

કબીરે જતીનકુમાર સામે જોયું. આ માણસ બધી વાતનો ઘટસ્ફોટ આજે જ શા માટે કરતો હતો? એ શું બધાંને ફસાવવા માગતો હતો? કે પછી દીવાન પરિવારના દરેક સભ્ય સાથે એ પોતાનું વેર વાળતો હતો? ગમે તે કહો, આ માણસ દેખાય છે એટલો બેવકૂફ નથી.

'કરણ, તારા પપ્પાએ આપઘાત કરવાની કોશિશ કરી હતી અને તેં અમને કહ્યું પણ નહીં?' પ્રભા કરણની સામે નારાજગી દર્શાવતી હતી. કરણ જવાબ ન આપી શક્યો.

'એની વે હમણાં જૂની વાત ઉખેડીને ફાયદો નથી.' કબીરે હસ્તક્ષેપ કર્યો, આમેય જગ્ગેના ખૂનના પ્રયાસને અને એના આપઘાતના કેસ વચ્ચે કોઈ સંબંધ નથી દેખાતો. હવે કોઈ મને એક વાત સમજાવશે કે જો ગાયત્રીએ જગ્ગેનો જીવ બચાવ્યો હોય તો એ એને મારવાની કોશિશ શા માટે કરે?'

કોઈ કાંઈ બોલ્યું નહીં.

'વિક્રમ, આઈ થીન્ક, ક્યાંક કોઈ ગરબડ છે. ગાયત્રીએ ગુનો કર્યો હોય તો એને સજા મળવી જોઈએ પણ મારા મત મુજબ ગાયત્રીએ હત્યા કરવાની કોશિશ કરી હોય એ થિયરીમાં ઘણાં છિદ્રો છે.' કબીર બોલ્યો. અચાનક એને ગાયત્રીને મળવાની ઈચ્છા થઈ આવી.

વિક્રમે કંઈ જવાબ ન આપ્યો.

'કોઈ પણ હત્યામાં બે વસ્તુ ખૂબ જ મહત્ત્વની હોય છે. એક તો ખૂનીનો આશય, હેતુ, મોટિવ... આ કેસમાં જગમોહનને મારવા પાછળ ગાયત્રીનો શું હેતુ હોઈ શકે?' પછી થોડી ક્ષણો બાદ કરતાં ઉમેર્યું: અને બીજી વસ્તુ હથિયાર... યસ, ગાયત્રી પાસે હથિયાર મળી આવ્યું છે એ હકીકત છે. વિક્રમ મારે ગાયત્રીને મળવું છે.'

કરણ સામે જોયું વિક્રમે...

'ઓ.કે. અંકલ, હું તમને પોલીસ સ્ટેશને લઈ જાઉં છું વિક્રમભાઈ ભલે અહીં રહેતા...' કરણે કહ્યું.

'હા, અહીં વિક્રમે રહેવું પડશે. પ્રભાભાભી, પૂજા અને રેવતી તમે ઘરે જાઓ. કંઈ હશે તો અમે તમને ઈન્ફોર્મ કરી દઈશું. જય અહીં વિક્રમ સાથે રહેશે. અને જમાઈબાબુ અને કરણ મારી સાથે પોલીસ સ્ટેશને આવશે.' કબીરે ફટાફટ નિર્ણય લઈ લીધો. કોઈએ વિરોધ કર્યો નહીં.


વિક્રમ કબીરને બાજુમાં લઈને બોલ્યો: 'અંકલ, તમે જમાઈબાબુની વાતને કાને ધરતા નહીં, તમે એમને ઓળતા નથી.'

'વિક્રમ, હમણાં હું એક પોલીસ ઓફિસર છું અને મને કોઈને ઓળખવામાં રસ નથી. આ કેસ પર પ્રકાશ ફેંકી શકે એવી દરેક વ્યક્તિની વાતમાં મને રસ પડશે.'

વિક્રમનું મોઢું પડી ગયું. થોડી મિનિટોમાં વિક્રમ અને જયને હોસ્પિટલમાં રાખીને બધાં રવાના થઈ ગયા.

****************

એક કલાક બાદ કબીર લાલબઝારના




ઈન્ટરોગેશન સેલમાં ગાયત્રીની સામે બેઠો હતો. ગાયત્રીને પહેલાં અલીપુર પોલીસ સ્ટેશને એરેસ્ટ કરીને લાવવામાં આવી હતી, પણ આ હાઈપ્રોફાઈલ કેસ હોવાને કારણે કમિશનર ખુદ રસ લેતા હતા. એટલે ગાયત્રીને પૂછપરછ માટે લાલબઝાર પોલીસ હેડ ક્વાટર લઈ આવવામાં આવી હતી.

ગાયત્રીની આંખ રડી રડીને સૂઝી ગઈ હતી.

'ગાયત્રી, આપણે જિંદગીમાં પહેલીવાર મળી રહ્યા છીએ.' કબીરે વાતની શરૂઆત કરી, પણ સમહાવ આઈ ફીલ આઈ ટ્રસ્ટ યુ. જે થયું એ તું મને વિગતવાર જણાવ.'

ગાયત્રીએ પોતે રૂમમાં સૂતી હતી ત્યારે બહાર કોઈના પગલાંનો અવાજ સાંભળીને બહાર આવી ત્યારથી વાતની શરૂઆત કરી, 'બહાર અવાજ સાંભળ્યો કે મેં રિવોલ્વર ઉપાડી.'

'એક મિનિટ, મને એકહે કે આ રિવોલ્વર કોની છે? એ તારી તો ન હોઈ શકે...!' કબીરે પૂછ્યું.

'અંકલ, આ કાકુની પિસ્તોલ છે. એ ચોરાઈ ગઈ હતી. મને એ કરણભાઈના ડ્રોઅરમાં કાકુની ડાયરી શોધતા મળી આવી હતી. કાકુનો બચાવ કરી શકું એ માટે મેં રિવોલ્વર મારી પાસે રાખી હતી. એ જ વખતે મેં આ દાઢીવાળા માણસને કાકુના રૂમમાં પ્રવેશતો જોયો.'

'પછી?'

'રૂમમાં જોયું તો કાકુ સામે દીવાલને અઢેલીને ઊભા હતા અને દાઢીવાળો શખ્સ હાથમાં ગન લઈને કાકુ પર ગોળી છોડવાની તૈયારીમાં જ હતો. મને શું શૂઝયું કે મેં ગોળી છોડી દીધી. એ ગોળી કાકુને વાગી ગઈ...' ગાયત્રીની આંખો ફરી ભરાઈ આવી.

'પેલા દાઢીવાળા માણસે ગોળી ચલાવી હતી?' કબીરે પૂછ્યું.

'ખાતરીપૂર્વક ન કહી શકું.' ગાયત્રીએ જવાબ આપતા કહ્યું, બધું એટલું ઝડપથી બની ગયું કે કાકુને જમીન પર ફસડાતા જોઈને પેલો માણસ બારી તરફ દોડ્યો. હું કંઈ કરું એ પહેલાં તો એ બારીની બહાર કદાચ પાઈપ વાટે નીચે ઊતરી ગયો.'

'ઓ.કે. એ માણસને તે પહેલાં ક્યારેય જોયો હતો?'

'ના...' ગાયત્રીએ એકાક્ષરી જવાબ આપ્યો.

'જગમોહન, એ શખ્સ અને તારા સિવાય એ રૂમમાં બીજું કોઈ હતું?' કબીરે પૂછ્યું.

'ના, પણ હું જ્યારે કાકુની રૂમમાં પ્રવેશતી હતી ત્યારે મને પાછળ કોઈના ચાલવાનો અવાજ આવતો હતો પણ હું જોઈ ન શકી. પછી ગોળી ચલાવ્યા બાદ સૌથી પહેલાં પૂજાભાભી કમરામાં દાખલ થયાં હતા એટલે ખ્યાલ આવી ગયો કે પૂજાભાભી મારી પાછળ જ હતાં.'

'ઓ.કે.' તો આનો અર્થ એ છે કે પેલી અજાણી વ્યક્તિ જગ્ગેનું મર્ડર કરવા આવી હતી. જગ્ગેને બચાવવા જતાં તારી બુલેટ એને જ વાગી ગઈ. બરાબર...?' કબીરે તારણ કાઢ્યું.

'હા...' ગાયત્રીનો અવાજ તૂટતો હતો. પછી ધ્રુસકે ધ્રુસકે રડતાં એ બોલી :

'અંકલ, પ્લીઝ... મને અહીંથી બચાવો. અહીં મારો દમ ઘૂંટાય છે. જો હું કાકુને મારવા ઈચ્છતી તો એમનો જીવ શા માટે બચાવું?' ગાયત્રી કહેતી હતી.

'આઈ અન્ડરસ્ટેન્ડ... ગાયત્રી' પણ હવે એક જ ઉપાય છે. કોઈ પણ રીતે પેલો દાઢીવાળો જો મળી જાય તો તને અહીંથી બહાર કાઢી શકું. એ માણસ પોતાનો ગુનો કબૂલી લે તો તારી સામેનો કેસ નબળો પડી જાય. તો તું બચી શકે. પણ જો એ નહીં મળે તો પબ્લિક પ્રોસિક્યુશનની કોશિશ એ જ પુરવાર કરવાની રહેશે કે તેં જાણી જોઈને, ઈરાદાપૂર્વક ખૂન કર્યું છે. જો એવું થાય તો મુશ્કેલી ઊભી થાય કેમકે તારી પાસેથી હથિયાર મળી આવ્યું છે.'

'કબીર અંકલ, તો પેલા માણસને શોધોને...' ગાયત્રી કરગરતી હતી.

'ડોન્ટ વરી, અહીંના ઉચ્ચ અધિકારીઓ આ કામમાં લાગ્યા છે. કદાચ થોડી વારમાં કોઈ ખબર આવશે જ.' કબીરે ઘડિયાળ સામે જોયું. કમિશનર સાથેના વાતચીતને દોઢ કલાક થઈ ગયો હતો.

ત્યાં જ કબીરના સેલનો રિંગટોન રણકી ઊઠ્યો:

'યસ... કબીર હીયર.'

'કબીર, એ દાઢીવાળાનો પત્તો તો લાગ્યો...' કમિશનરે વાત શરૂ કરી.કબીરનો શ્વાસ અધ્ધર થઈ ગયો.

'હાવડા સ્ટેશન પર એ ચાદર ઓઢીને એક બાંકડા પર બેઠો હતો. મારા માણસોને શક જતાં એની પૂછપરછ કરી તો એ દોડ્યો.'

'ઓહ નો... પછી? એ પકડાયો કે નહીં?' કબીરે ઉત્કંઠાથી પૂછ્યું.

'કબીર, એ એટલો ડરી ગયો હતો કે એ પાટા પર કૂદીને સામેના પ્લેટફોર્મ પર જવા માગતો હતો. પણ એ પહેલાં જ સામેથી આવતી એક લોકલ ટ્રેન સાથે એ અથડાઈને દૂર એવો ફંગોળાઈ ગયો કે એનું માથું ફાટી ગયું '

'પછી?'

'મારા માણસોએ એને રેલવેની હોસ્પિટલે પહોંચાડ્યો પણ એની સારવાર શરૂ થાય એ પહેલાં જ હી વોસ ડેડ -એ મરી ગયો.' (ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે.
ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ
funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| कुँजडा | ઝવેરી |
| कोचवान | ટપાલી |
| जुलाहा | ગાડીવાન |
| जौहरी | કાછિયો |
| डाकिया | વણકર |

### ઓળખાણ પડી?



૭ ઓસ્કર એવોર્ડ મેળવનારી કઈ હોલીવૂડ ફિલ્મમાં કામ કરવાની ઑફર દિલીપ કુમારે ઠુકરાવી હતી એની ઓળખાણ પડે છે?

અ) SPARTACUS બ) WESTSIDE STORY ક) LAWRENCE OF ARABIA ડ) MY FAIR LADY

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ છૂ | ૨ ટાં | ૩ છ | ૪ વા | યાં | | ૫ મ | ૬ ઝ | ૭ ધા | ૮ ર |
| ૯ ટ | ક | ટ | ક | | ૧૦ ચ | | ૧૧ ટ | પ | ક |
| છા | | કું | | ૧૨ ગ | ર | મ | | | ઝ |
| ૧૩ ટ | ૧૪ કો | | ૧૫ ખ | મ | ણ | | ૧૬ હ | ૧૭ રે | ક |
| | ૧૮ ર | ૧૯ મ | ત | વી | ર | | ૨૦ મ | તી | |
| ૨૧ આ | | ૨૨ ના | ર | | ૨૩ જ | લ | દ | | ૨૪ ગ |
| ૨૫ શી | ત | | ૨૬ ના | ૨૭ મુ | | | ૨૮ મ | ૨૯ રી | ઝ |
| ર્વા | | ૩૦ ઉ | ક | ળા | ટ | | | ૩૧ ત | લ |
| દ | | પા | | ક્ષ | | ૩૨ સુ | ૩૨અ વા | સ | |
| | ૩૩ અ | ન | વ | ર | ત | | ૩૪ હ | ર | ખ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | | ૪ | | |
| | | | | ૫ | | | | | ૬ |
| ૭ | ૮ | | ૯ | | | ૧૦ | | ૧૧ | |
| | | | ૧૨ | | | | ૧૩ | | |
| ૧૪ | | | | | | | ૧૫ | | |
| | | | ૧૬ | | ૧૭ | ૧૮ | | | |
| ૧૯ | ૨૦ | | | ૨૧ | | ૨૨ | | | ૨૩ |
| ૨૪ | | | ૨૫ | | | | | | |
| ૨૬ | | ૨૭ | | ૨૮ | ૨૯ | | ૩૦ | ૩૧ | |
| ૩૨ | | | | ૩૩ | | | | | |

**આડી ચાવી**

૧. નોતરું (૪)
૩. ઉજાસ (૪)
૫. પરમ, શ્રેષ્ઠ, દૂર (૨)
૭. બાણ (૨)
૯. ફૂલ તો ---જ ને! (૪)
૧૧. વજન, બોજ (૨)
૧૨. પ્રમાણિક (૫)
૧૪. પાકી નિષ્ઠા કે આસ્થાવાળું (જો.છૂ.) (૩)
૧૫. ખેરવવું, પાડવું, ગેરવવું (૩)
૧૭. તમા, દરકાર, ગરજ (૩)
૧૯. એક બંગાળી મીઠાઈ (૫)
૨૨. સ્થાનિક, ગામઠી, દેશી (૪)
૨૪. સત્ત્વ, સહાય, મદદ (૨)
૨૫. મુસ્લિમોનો તહેવાર (૨)
૨૬. આકાશ, આભ (૩)
૨૮. ગાવું તે (૨)
૩૦. આડંબર વિનાના, સીધા (૨)
૩૨. ઝેર (૩)
૩૩. ઉત્સાહિત (૬)

**ઊભી ચાવી**

૧. નાઉમેદ, આશાભંગ (૩)
૨. ત્રાસેલું (૨)
૩. અભિલાષા, ઉમેદ (૪)
૪. ચર્ચા, શાસ્ત્રાર્થ, ચડસાચડસી (૨)
૫. પરોપકાર, મોક્ષ, પરમતત્ત્વ (૪)
૬. ખુશ થવું (૪)
૮. પ્રવાહ, વહેણ, તીક્ષ્ણતા (૩)
૯. 'ક્યું'નું સ્ત્રી લિંગ (૨)
૧૦. જ્યારે (૨)
૧૩. રક્ષક, ચોકીદાર (૪)
૧૪. સંસાર રૂપી સાગર (૬)
૧૬. સારાપણું, નેકી, સાલસાઈ (૩)
૧૮. ---જેવા ટાટા ગયા (૩)
૨૦. સંગીતની બારાખડી (૪)
૨૧. ઈદ ઉજવવાની જગા (૪)
૨૩. ચોર (૨)
૨૭. પાણીની પાઈપ, દમયંતિનો પતિ (૨)
૨૯. પુરુષ (૨)
૩૦. એક સરિસૃપ (૨)
૩૧. દાદર, દરાજ, બહુ સરસ (૨)

### ગુજરાત મોરી મોરી રે

કિશોર કુમારે ગુજરાતી ફિલ્મો માટે કેટલાક ગીતો ગાયા છે. કલ્યાણજી આનંદજીના સ્વરાંકનમાં તેમણે ગાયેલું 'ચાલતો રહેજે' કઈ ફિલ્મનું છે એ જણાવો.

અ) વારસદાર બ) મોતી વેરાણા ચોકમાં ક) કુળવધૂ ડ) કરિયાવર

### જાણવા જેવું

અમિતાભ - જયા બચ્ચનની 'મિલી' એસ. ડી. બર્મનની સંગીતકાર તરીકે અંતિમ ફિલ્મ હતી. બર્મનદાએ સ્વરબદ્ધ કરેલું છેલ્લું ગીત હતું 'બડી સુની સુની હૈ, ઝિંદગી અય ઝિંદગી' જે કિશોર કુમારે ગાયું હતું. બધા ગીત રેકોર્ડ થાય એ પહેલા બર્મનદાનું અવસાન થવાથી આર. ડી. બર્મને તૈયાર થયેલી ધૂન પરથી ગીતો રેકોર્ડ કર્યાં હતા.

### સુડોકુ-૭૦૧૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૮ | ૨ | | ૪ | ૬ | | ૯ |
| ૯ | | ૭ | | | | ૨ | | ૮ |
| | ૨ | | | | | | ૭ | |
| ૮ | | | ૩ | | ૭ | | | ૪ |
| | ૩ | | | | | | ૮ | |
| ૪ | | | ૬ | | ૫ | | | ૨ |
| | ૪ | | | | | | ૧ | |
| ૫ | | ૯ | | | | ૪ | | ૬ |
| ૬ | | ૩ | ૯ | | ૨ | ૮ | | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૦૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૯ | ૧ | ૮ | ૬ | ૪ | ૨ | ૭ | ૩ |
| ૩ | ૭ | ૪ | ૨ | ૯ | ૫ | ૧ | ૬ | ૮ |
| ૬ | ૨ | ૮ | ૭ | ૩ | ૧ | ૯ | ૪ | ૫ |
| ૮ | ૫ | ૨ | ૯ | ૪ | ૭ | ૬ | ૩ | ૧ |
| ૧ | ૩ | ૯ | ૬ | ૨ | ૮ | ૭ | ૫ | ૪ |
| ૪ | ૬ | ૭ | ૫ | ૧ | ૩ | ૮ | ૨ | ૯ |
| ૯ | ૮ | ૬ | ૩ | ૫ | ૨ | ૪ | ૧ | ૭ |
| ૭ | ૪ | ૫ | ૧ | ૮ | ૬ | ૩ | ૯ | ૨ |
| ૨ | ૧ | ૩ | ૪ | ૭ | ૯ | ૫ | ૮ | ૬ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

'રોકી' ફિલ્મમાં પહેલી વાર હીરો બનેલો સંજય દત્ત કઈ ફિલ્મમાં બાળ કલાકાર તરીકે જોવા મળ્યો હતો એ આપેલા વિકલ્પમાંથી શોધી કાઢો.

અ) મુજે જીને દો બ) પડોસન ક) રેશમા ઔર શેરા ડ) હીરા

### નોંધી રાખો

તમે કેટલા વ્યસ્ત છો એ તો મહત્ત્વ ધરાવે જ છે, પણ તમે કઈ બાબતે વ્યસ્ત છો એનું મહત્ત્વ વિશેષ છે. એના આધારે સામી વ્યક્તિ તમારું મૂલ્યાંકન કરતી હોય છે.

### માઈન્ડ ગેમ

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ધર્મેન્દ્ર સાથે 'જીવન મૃત્યુ'થી કારકિર્દીનો પ્રારંભ કરનારી રાખીએ કઈ ફિલ્મમાં ડબલ રોલ કર્યો હતો એ કહી શકશો?

અ) તપસ્યા બ) દાગ
ક) દૂસરા આદમી ડ) શર્મિલી

### ગયા શુક્રવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ઢોલી તારો ઢોલ બાજે | હમ દિલ દે ચુકે સનમ |
| ઉડી ઉડી જાય | રઈસ |
| હો આવી ગઈ રાત | લવયાત્રી |
| ઓ શેરોવાલી | સુહાગ |
| જય અંબે જગદંબે | ક્રાંતિવીર |

ગુજરાત મોરી મોરી રે
રાતી

ઓળખાણ પડી?
સરસ્વતીચંદ્ર

માઈન્ડ ગેમ
મારવાડ ફેસ્ટિવલ

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
ગીતા દત્ત

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.


(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) સુરેખા દેસાઈ (૫) ભારતી બુચ (૬) સુભાષ મોમાયા (૭) નિખિલ બંગાળી (૮) અમીશી બંગાળી (૯) લજિતા ખોના (૧૦) મહેશ દોશી (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) મીનળ કાપડિયા (૧૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૫) ભાવના કર્વે (૧૬) અશોક સંઘવી (૧૭) મનીષા શેઠ (૧૮) ફાલ્ગુની શેઠ (૧૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૦) મહેન્દ્ર લોઢાવિયા (૨૧) દેવેન્દ્ર સંપટ (૨૨) વિણા સંપટ (૨૩) અંજુ ટોલિયા (૨૪) જયવંત પદમશી ચિખલ (૨૫) હર્ષા મહેતા (૨૬) ભારતી બુચ (૨૭) શિલ્પા શ્રોફ (૨૮) જ્યોત્સના ગાંધી (૨૯) રમેશ દલાલ (૩૦) હિના દલાલ (૩૧) ઈનાક્ષી દલાલ (૩૨) પ્રવીણ વોરા (૩૩) રજનીકાંત પટવા (૩૪) સુનીતા પટવા (૩૫) શીરીન ઔરંગાબાદવાલા (૩૬) પુષ્પા ખોના (૩૭) નિતીન બજરિયા (૩૮) નૂતન વિપીન (૩૯) ખુશરૂ કાપડિયા (૪૦) ગીતા ઉદેશી (૪૧) પ્રતિમા પમાણી (૪૨) ધીરેન્દ્ર ઉદેશી (૪૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૪) તાહેર ઔરંગાબાદવાલા (૪૫) જગદીશ ઠક્કર (૪૬) મહેશ સંઘવી (૪૭) કિશોર બી. સંઘરાજકા (૪૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૯) હિંમત પી. ખોલીયા (૫૦) નયના ગિરીશ મિસ્ત્રી

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)** ૧) સાવન ભાદો, ૨) મંગલ સૂત્ર, ૩) નેશનલ એવૉર્ડ, ૪) સલમાન ખાન ૫) ઉત્સવ, ૬) જેમિની ગણેશન, ૭) રાકેશ રોશન- શત્રુઘ્ન સિન્હા- કબીર બેદી

**ક્વિઝ (બ)** ૧ ) શાહરુખ ખાન - અપુન બોલા તું મેરી લૈલા.... ૨) આમિર ખાન -- આતી ક્યાં ખંડાલા .... ૩) સલમા આગા -- દિલ કે અરમાં આંસુઓ મેં બેહ ગયે.... ૪) સલમાન ખાન --ચાંદી કી ડાલ પર સોને કા મોર... ૫) અમિતાભ -- રંગ બરસે ભીગે ચુનરવાલી... ૬) શ્રી દેવી -- રંગ ભરે બાદલ સે તેરે નૈનો કે કાજલ..... ૭) હેમા માલિની -- પીનેવાલો કો પીને કા બહાના ચાહિયે...

# મૅટિની




# રતન ટાટાની બાયોપિક બનવી જ જોઈએ...

**લેજન્ડરી ઉદ્યોગપતિ રતન નવલ ટાટાના પ્રેરણાદાયી જીવન પરથી ચિત્રપટ બનવું જ જોઈએ અને એ દિશામાં એક પગલું પણ માંડવામાં આવ્યું છે.**

## વિશેષ
હેમા શાસ્ત્રી

રતન નવલ ટાટા...

ટાટા ઉદ્યોગ સમૂહના મહારથી તો ખરા જ, પણ જાહેરજીવનનું એક એવું વ્યક્તિત્વ જેનું અંગત તેમજ વ્યવસાયિક જીવન અનેક લોકો માટે પ્રેરણાદાયી સાબિત થઈ શકે. મહારાષ્ટ્ર સરકારે એમને 'ભારતરત્ન'થી નવાજવાની વિનંતી કરી છે અને કેન્દ્ર સરકાર એ વિશે નિર્ણય ક્યારે લેશે એની રાહ જોવી રહી. દરમિયાન આવા વિરલ વ્યક્તિત્વના જીવન અને કવન પરથી બાયોપિક બનવી જોઈએ એવો વિચાર વહેતો થયો છે. 'ઝી મીડિયા' તરફથી મિસ્ટર ટાટાને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા બાયોપિક બનાવવાની ઘોષણા કરવામાં આવી છે. સાથે સોશિયલ મીડિયા પર સતત એક્ટિવ રહેતા નેટિઝનોએ યુવાન અને પ્રૌઢ રતન ટાટાના રોલ માટે કયા કલાકારની વરણી કરવી એ વિશે પોતપોતાના અભિપ્રાય વહેતા મૂક્યા છે. કોઈએ યંગ ટાટા માટે જીમ સરભ (પદ્માવત- ગંગુબાઈ કાઠિયાવાડી ઈત્યાદિ)નું નામ સૂચવ્યું છે તો પ્રૌઢ ટાટા માટે નસીરુદીન શાહ અને બમન ઈરાનીના નામ પણ સજેસ્ટ કરવામાં આવ્યાં છે. જોકે, આ બંને કલાકાર કરતાં પ્રૌઢ રતન ટાટાના રોલ માટે રણવીર સિંહ અથવા રિતિક રોશનની વરણી બહેતર રહેશે એવી પણ દલીલ થઈ શકે છે. આ પસંદગી માટે એક કારણ એ અપાય છે કે રણવીર અને રિતિકના ચહેરા મોહરા રતન ટાટાની નિકટના છે. બીજું કારણ એ કે બંને હીરો બાયોપિકમાં (રણવીર '૮૩ અને રિતિક 'સુપર ૩૦') પોતાનું હુન્નર દેખાડી ઉજળા સાબિત થયા છે. આ ઉપરાંત પંકજ ત્રિપાઠીના નામનો પણ વિચાર કરી શકાય, જેમણે આપણા દિવંગત વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીની બાયોપિક 'મૈં અટલ હૂં'માં વાજપેયીનો રોલ કર્યો હતો.



નસીરુદ્દીન શાહ



રિતિક રોશન



રણવીર સિંહ

બાયોપિક બનાવતી વખતે એનું ડિરેક્શન પણ કોઈ અનુભવી મેકરને સોંપવાનો આગ્રહ રાખવામાં આવે છે. દમદાર બાયોપિક ડિરેક્ટર તરીકે કેતન મહેતા, શેખર કપૂર, રાજકુમાર સંતોષી, રાકેશ ઓમપ્રકાશ મેહરા, વિકાસ બહલ, સંજય લીલા ભણસાલી વગેરે મજબૂત દાવેદાર કહી શકાય. રતન ટાટાના જીવનમાં એટલી બધી વૈવિધ્યપૂર્ણ અને નાટ્યાત્મક ઘટનાઓ બની છે કે ન પૂછો વાત.

સૌપ્રથમ વાત કરીએ ૧૯૯૧ની. ટાટા ગ્રૂપના સર્વેસર્વા ૮૧ વર્ષના જેઆરડી ટાટાએ ચેરમેન તરીકે ૫૩ વર્ષના રતન ટાટાની પસંદગી કરી. પસંદગીનું કારણ પૂછવામાં આવતા જેઆરડીએ જવાબ આપ્યો કે 'હી હેઝ અ મોડર્ન માઈન્ડ' - એની વિચારસરણી આધુનિક છે. આ આધુનિક વિચારસરણીને કારણે જ ટાટા ગ્રૂપ આંતરરાષ્ટ્રીય સ્તરે પાંખ ફેલાવી ઉડ્ડયન કરી શક્યું છે. ફિલ્મની પટકથાનો આ ગર્ભ બની શકે. રતન ટાટાનું અંગત જીવન પણ નાટ્યાત્મક પ્રસંગોથી છલકાય છે. 'ક્યારેય સ્વદેશ પાછો નહીં ફરું' એવા દ્રઢ નિર્ધાર સાથે અમેરિકા ગયેલા રતન ટાટા એમનો ઉછેર કરનારાં દાદી નવાજબાઈ માંદા પડ્યાં અને એમણે 'ડીકરા, પાછો આવી જા' એવો મેસેજ મોકલ્યો અને અમેરિકન ડ્રીમનું ફીંડલું વાળી રતન ટાટાએ સ્વદેશાગમન કર્યું. આજીવન અપરિણીત રહેલા મિસ્ટર ટાટાએ ખુદ ભૂતકાળમાં કહ્યું હતું કે ચાર વાર મેરેજ થતાં થતાં રહી ગયાં. ટૂ વ્હિલર ચલાવનારાઓને પરવડે અને 'મારે પણ એક કાર હોય' એવું સપનું સાકાર થાય એ માટે 'નેનો' કાર પ્રોજેક્ટ કેવી રીતે અવતર્યો અને કેમ નિષ્ફળ ગયો તેમજ જરૂરિયાતમંદને આર્થિક મદદ નહીં પણ આર્થિક રીતે પગભર કરવાની સતત કોશિશ, એકવીસમી સદીના યંગસ્ટર્સ સાથે કનેક્ટેડ રહેવા માટે સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન, શ્વાન માટે અફાટ પ્રેમ - લાગણી, તબીબી ક્ષેત્રમાં સંશોધન માટે વ્યવસ્થા... રતન ટાટાના જીવનના એવા અનેક અદ્ભુત પહેલું - પ્રસંગ છે જે રસાળ પટકથા માટે 'એક જુઓ અને એક ભૂલો' બરાબર છે.

ટૂંકમાં અહીં પટકથા - સ્ક્રીનપ્લે માટે ભરપૂર સામગ્રી છે. ચીવટથી પટકથા તૈયાર કરી શકે એવા ઘણા અનુભવી તેમજ તરવરિયા કલમકારોની ફોજ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હાજર છે. આ બાયોપિકનું ટાઈટલ શું હોઈ શકે? 'આપરું અણમોલ રતન'. શું કહેવું છે?

એક રસપ્રદ જાણકારી એ છે કે ૨૦૨૨માં રતન ટાટા પર બાયોપિક બનાવવાની દિશામાં ચક્રો ગતિમાન થયાં હતાં. સુધા કોંગરા નામની મહિલા દિગ્દર્શક રતન ટાટા પર બાયોપિક માટે પ્લાનિંગ કરી રહી છે તેમજ આર. માધવન કે અભિષેક બચ્ચન ટાટાનો રોલ કરશે એવી અટકળો વહેતી થઈ હતી. જોકે, વાત કંઈ આગલ વધી નહીં અને અંતે દિગ્દર્શિકાએ જ ચોખવટ કરી દીધી કે 'મને રતન ટાટા માટે ખૂબ આદર છે, પણ આ ક્ષણે એમની બાયોપિક બનાવવાની મારી કોઈ યોજના નથી.' આ ખુલાસામાં 'આ ક્ષણે' મહત્ત્વના શબ્દો છે અને રતન ટાટાના અવસાન પછી આ પોસ્ટ ફરી વહેતી થઈ છે.

બમન ઈરાની - રતન ટાટા

'એક મિનિટ ગેમ' શૉના સંચાલક તરીકે શરૂઆત કર્યા પછી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા ઉમંગ કુમારે 'મેરી કોમ' બાયોપિક બનાવી નામના મેળવી હતી. ૨૦૧૯માં ઉમંગ કુમારે 'પીએમ નરેન્દ્ર મોદી' નામની બાયોપિક બનાવી હતી. આ ફિલ્મમાં નરેન્દ્ર મોદી તરીકે વિવેક ઓબેરોય હતો. પશ્ચિમ બંગાળના સિંગુરમાં નિષ્ફળતા બાદ સાણંદમાં 'નેનો કાર'ના ઉત્પાદન માટે નરેન્દ્ર મોદીએ રતન ટાટાને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. ફિલ્મમાં રતન ટાટાનું પાત્ર પણ હતું જે બમન ઈરાનીએ ભજવ્યું હતું. કદાચ બમન પારસી હોવાથી એની પસંદગી કરવામાં આવી હોવાની શક્યતા નકારી ન શકાય. અલબત્ત, ફિલ્મમાં બમન ઈરાનીને રતન ટાટાનું વ્યક્તિત્વ અને એમની બોલવાની છટા સુપેરે નિભાવવામાં સફળતા મળી હતી.

સિમી ગરેવાલના 'રાંદેવુ' ટોક શૉમાં રતન ટાટાએ હિન્દી ફિલ્મોમાં હિંસાનો અતિરેક હોવાનું જણાવી કોમેન્ટ કરી હતી કે 'હિન્દી ફિલ્મોમાં જેટલો કેચઅપ ઢોળાયેલો જોવા મળે છે એ મુંબઈની બધી રેસ્ટોરાંમાં વાપરવામાં આવતા કેચઅપ કરતાં વધારે છે.' એમનો નિર્દેશ ફિલ્મોમાં હિંસાને કારણે વહેતા લોહી તરફ હતો. હિન્દી ફિલ્મો માટે ખાસ પ્રીતિ નહીં ધરાવતા રતન ટાટાએ ફિલ્મ નિર્માણમાં હાથ અજમાવી જોયો હતો. ૧૯૯૬ની હોલીવૂડ ફિલ્મ 'ફિયર' પરથી પ્રેરણા લઈ 'ટાટા બીએસએસ' બેનર હેઠળ બનેલી 'ઐતબાર' (૨૦૦૪)ને વ્યાવસાયિક સફળતા નહોતી મળી. ફિલ્મ નિર્માણમાં એમનો આ પહેલો અને છેલ્લો પ્રયાસ સાબિત થયો. ટેલિવિઝન પર કેટલીક હિન્દી ફિલ્મો જોવાને કારણે પોતાનું હિન્દી સુધર્યું હોવાની કબૂલાત એમણે સિમી ગરેવાલના ઈન્ટરવ્યૂમાં કરી હતી ખરી. જોકે, એમના નિકટવર્તી અને યંગ દોસ્ત એવા શાંતનુ નાયડુએ એક ઈન્ટરવ્યૂમાં મિસ્ટર ટાટાને હોલીવૂડ એક્શન ફિલ્મો પસંદ હોવાનું જણાવી એમને પસંદ એવી બે ફિલ્મના નામ પણ આપ્યાં હતાંઃ 'ધ અધર ગાય્ઝ' (૨૦૧૦) અને 'ધ લોન રેંજર' (૨૦૧૩). ■

## સ્ટાર-યાર-કલાકાર
સંજય છેલ

# ફિલ્મોં મેં બદલતે રિશ્તે... કલ-આજ ઔર કલ?

એક ૮-૯ વરસની બાળકી ચાલુ કોર્ટમાં જઇને જજને કહે છે કે મારે મારાં મા-બાપથી ડિવોર્સ જોઇએ છે,

કારણ કે એ લોકો સતત ઝગડીને છૂટાછેડાની વાતો કરે રાખે છે!'

આ એક જૂની હોલિવૂડની ફિલ્મનું દ્રશ્ય છે. આજે ત્યાં તો ઠીક, પણ બોલિવૂડમાં આવું દશ્ય કલ્પી શકાય?

ના કારણ કે આજે આપણી ફિલ્મોમાં પતિ-પત્ની, મા-બાપ, ભાઇ-ભાઇ કે ભાઇ-બહેનના સંબંધોનું મૂલ્ય કેટલું રહ્યું છે?

આગાઉ ૧૯૫૦-૬૦-૭૦ના દાયકામાં અશોક કુમાર કે બલરાજ સહાની કે સુનિલ દત્ત જેવા કલાકારો હંમેશાં મોટા ભાઇ કે ઘરના મોભી બનતા, મીના કુમારી આદર્શ પત્ની બનતી, નંદા હંમેશા ભાભી કે બહેન બનતી, લલિતા પવાર વઢકણી સાસુ બનતી, નિરૂપા રોય પ્રેમાળ મા બનતી, નાઝિર હુસૈન દીકરીનો દુઃખી બાપ બનતો, કારણ કે ઘરપરિવારની વાર્તાઓ બનતી. દિવાળીમાં ભૈયા-દૂજ અને દિવાળી કે નયા સાલ જેવી ફિલ્મો આવતી અને હવે ભાઇબીજ પર ફિલ્મ બને?. રાખડીના અવસરે 'ભૈયા મેરે, રાખી કે બંધન કો નિભાના' જેવાં ગીતો બને? હા, હમણાં રજૂ થયેલી અક્ષયકુમારની ફિલ્મ 'રક્ષાબંધન', જે એક સુખદ અપવાદ જેવી પારિવારિક ફિલ્મ હતી, પણ એને જોવા લોકો જ ગયા નહીં! 'ભાભી કી ચુડિયા' જેવી ફિલ્મો અગાઉ હિટ થતી, પહેલાં તો મા-બાપથી વિછૂટા પડેલા સંતાનો, વરસો બાદ પાછા મળતાં એવી લોસ્ટ એંડ ફાઉંડની ફોર્મ્યુલાવાળી 'અમર -અકબર..' કે 'પરવરિશ' જેવી ફોર્મ્યૂલા ફિલ્મો બનતી.









૧૯૫૦-૬૦ના દાયકામાં રાજ કપૂર-દેવ આનંદ-દિલીપ કુમારથી લઇને ૧૯૭૦-૮૦ના દશકામાં રાજેશ ખન્ના-ધર્મેંદ્ર- જીતેંદ્રની ફિલ્મોમાં પારિવારિક સંબંધોની વેલ્યુ હતી, પણ ૧૯૭૫માં અમિતાભની 'શોલે' સુપર હિટ થઇ પછી મારધાડ-બદલાવાળી ફિલ્મોમાં પરિવાર કે સંબંધો ધીમે ધીમે બેકગ્રાઉંડમાં જતા રહ્યા, પણ ફરી ૧૯૯૦ના દાયકામા સલમાન-શાહરૂખ-આમિરના સુવર્ણકાળમાં કે ઇવન હ્રિતક રોશનના શરૂઆતના સમયમાં સંબંધો અને ફીલગુડ ફેમિલી ફિલ્મો ટકી ગઇ, પણ એ ય છેલ્લાં ૧૦ વરસમાં પછી ધીમે ધીમે આથમવા માંડી. રાજેશ ખન્નાની ૧૯૮૩ની 'અવતાર' (કે એની નવી આવૃત્તિ-'બાગબાન') કે 'ભાઇ હો તો ઐસા', 'ભાઇ-ભાઇ', 'પ્યારી બહેના', 'ઘર ઘર કી કહાની', 'સૂર્યવંશી' કે 'હમ સાથ સાથ હૈ', 'હમ આપ કે હૈં કૌન?' જેવી ફિલ્મો બનવી બંધ થઇ ગઇ. પારિવારિક સંબંધોનાં તાણાવાણાં હવે સાસ-બહુની સિરિયલોમાં ઘેરબેઠાં દેખાવા માંડ્યા, જેને માત્ર ટાઇમપાસ કરવા ગૃહિણીઓ જ જુએ છે.

પહેલાં પ્રણય-ત્રિકોણ પર ફિલ્મો બનતી. એક પ્રૌઢ પણ સુંદર હેમા માલિનીના પ્રેમમાં કમલ હાસન પડી જાય છે અને કમલ હાસનનો બાપ, પ્રૌઢ પણ રૂઆબદાર રાજકુમાર, હેમામાલીનીની દીકરી- પદ્મિની કોલ્હાપુરીના પ્રેમમાં પડી જાય છે. પછી સંબંધોની એવી ગૂંચવણ ઊભી થાય છે કે હવે હેમામાલિની રાજકુમારની વેવાણ કહેવાય કે રાજકુમારના દીકરાની વહુ? એ જ રીતે કમલ હાસન, પદ્મિનીનો સાવકો ભાઇ ગણાય કે એનો સાવકો દીકરો? ફિલ્મનું નામ હતુંઃ 'એક નઇ પહેલી'. ૮૦ના દાયકામાં રજૂ થયેલી એ બોલ્ડ ફિલ્મ ત્યારે ૪ -૪ સ્ટાર હોવા છતાંયે ફ્લોપ ગયેલી, પણ આજે આવા આડા-ઊભા સંબંધોવાળી અજીબ ફિલ્મ, બોલ્ડ અને બિંદાસ દશ્યો સાથે આવે તો ચાલી જાય. આજે ફિલ્મોમાં પાત્રોના સંબંધો એટલા કોમ્પ્લિકેટેડ બની ગયા છે કે ૧૫-૨૦ વરસ અગાઉ રજૂ થયેલી શાહરૂખ-રાણી-પ્રીતિ-અભિષેકની 'કભી અલવિદા ના કહેના' કે ૮૦ની યશ ચોપરાની- 'સિલસિલા' કે મહેશ ભટ્ટની -'અર્થ' જેવી લગ્નેતર સંબંધોની ફિલ્મ સાવ નિર્દોષ લાગે...છેક ૧૯૯૦ની ફિલ્મ 'ઘાયલ'માં નાનો ભાઇ સની દેઓલ, મોટા ભાઇ રાજ બબ્બરની હત્યાનો બદલો લે છે એવી કથા હતી કે પછી બહેન પરના અત્યાચાર માટે બદલો લેવા નીકળતા ભાઇની અનેક ફિલ્મો આવતી અને આજે વોટ્સ-એપના ફેમિલી ગ્રુપમાં ને વિડિયો કોલના જમાનામાં સાચી લાગણી ખોવાઇ ગઇ છે 'લવ યુ' કે 'સ્માઇલી' જેવા ઇમોજીઝના સિંબોલ્સમાં... અરે, અમારી પોતાની લખેલી ને નિર્દેશિત ફિલ્મ 'ખૂબસૂરત'(૧૯૯૯)માં એક ભાગેડુ માણસ સંજય દત્ત, કઇ રીતે સંયુક્ત પરિવારને જોડે છે એની વાત હતી, જે નવા નવા મલ્ટિપ્લેક્સની શરૂઆતની હિટ ફિલ્મોમાંની એક હતી. હવે પરિવારનું સ્થાન મિત્રોના ગ્રુપે લીધું છેઃ 'દિલ ચાહતા હૈ', '૩ ઇડિયટ', 'ઝિંદગી ના મિલેગી દોબારા' કે 'છિછૌરે' જેવી ફિલ્મોમાં મિત્રોનાં બોંડિંગ કે પ્રેમની વાર્તાઓ આવવા માંડી. પહેલાં 'લવ સ્ટોરી'માં, 'યે શાદી નહીં હો સકતી'નો મોટો ઈશ્યુ હતો..હવે તો પરણ્યા વિના જ લિવ- ઇન રિલેશનશિપમાં સાથે જીવતાં કપલ્સ, ગમે ત્યારે છૂટા પડીને બીજા પ્રેમી કે પ્રેમિકાને રાતોરાત બદલતા છે. હવે તો છૂટાં પડેલા અપરિણીત પ્રેમીઓ, બીજા સાથે સંબંધ રાખીને એમની સાથે પરણ્યા વિના પાછાં ફરીથી જૂના પ્રેમી પાસે ફરીથી પરણ્યા વિના સાથે રહેવા તૈયાર હોય છે (જેમ કે-'મનમર્ઝીયાં', 'ગહેરાઇયા'.. વગેરે). આજકાલ લોકો મોબાઇલ પર એકલા ફિલ્મો જોતા હોય છે એટલે સપરિવાર ફિલ્મ જોવામાં જે બે આંખની શરમ નડતી એ નથી બચી. મોબાઇલ ફોને અને નેટફ્લિક્સ, હોટસ્ટાર વગેરે ઓ.ટી.ટી. પરની ચિત્ર- વિચિત્ર વેબ-સિરીઝોએ એક પ્રકારની ગુપ્ત કે વિચિત્ર કે કદાચ વિકૃત આનંદ લેવાની વૃત્તિ વધારી દીધી છે. હવે તો એક છોકરો બીજા છોકરાને ચાહે એ કોઇ છોકરી, બીજી છોકરીને ચાહે એવા ગે-લેસ્બિયન સંબંધોની વાતો પર ફિલ્મો બનવા માંડી છે. અફકોર્સ, સમાજમાં પણ સંબંધો, સંસ્કારો, નીતિ નિયમોની વ્યાખ્યાઓ બદલાઇ ચૂકી છે. હવે સરહદો વચ્ચેના સંઘર્ષ, ખૂફિયા ડિટેક્ટીવો, વીરશૂરાની બાયોપિક્સ, સાયંસ ફિક્શનોના જમાનામાં નિર્દોષ પ્રેમ, પરિવાર વગેરે પાછળ ધકેલાઇ ગયા છે. હજી આવનારા સમયમાં શું યંત્રમાનવ, મંગળ-ચંદ્ર પરનાં પાત્રો પર ફિલ્મો બનશે?

વળી એક જમાનામાં હિંદુ-મુસ્લિમ-ખ્રિસ્તીઓની સર્વધર્મ એકતાની કે દેશ એક પરિવાર છે- એવી કથાવાળી 'અમર અકબર એંથની' કે 'ધર્મપુત્ર' કે 'ધૂલ કા ફૂલ' જેવી ફિલ્મો બનતી જેમાં 'તું હિંદુ બનેગા ના મુસલમાન બનેગા ઇંસાન કી ઓલાદ હૈ, ઇંસાન બનેગા..' જેવાં આદર્શવાદી ગીતો લખાતાં, પહેલા 'પડોસી' જેવી વી.શાંતારામની ફિલ્મો બનતી અને આજે પાડોસમાં કોણ રહે છે- કે કયા ધર્મ જાતિ ભાષના લોકોને ઘર ખરીદવા અપાશે એવા નિયમો આવી ગયા છે.. અગાઉ 'મેરે મહેબૂબ' કે 'દિદારે યાર' કે 'નિકાહ' જેવી મુસ્લિમ સામાજિક સોશ્યલ બનતી ને ચાલતી, પણ આજે એવી ફિલ્મો બને? બને તો રિલીઝ થાય?

વેલ, સમય સાથે સિનેમા બદલાય છે.. બદલાયા કરે છે. ■

# અરીસામાં મોઢું ને સંસારમાં સુખ હોતું જ નથી એ માત્ર ભ્રમ છે !




## સાત્વિકમ્ શિવમ્
અરવિંદ વેકરિયા

મુંબઈ સુખરૂપ પહોંચી ગયા. હવે મુંબઈમાં 'હાઉસ ફૂલ'ની હારમાળા તુટતી જતી હતી. મને હતું કે આ નાટક અવિરત ચાલતું રહેશે, પણ મુંબઈમાં 'માઉસ ટ્રેપ' બનવું કઠિન છે. લોકોની યાદદાસ્ત બહુ ઓછી છે. મારા અનુભવે મને લાગ્યું છે થિયેટરનાં અભાવે કદાચ નાટકની જા.ખ. બે અઠવાડિયા છાપામા ન દેખાય તો પ્રેક્ષકો માની લે છે કે 'નાટકનું શટર પડી ગયું.'. 'ખુબ ચાલશે' એવી મારી ધારણાનો પણ અંત આવવાનો જ હતો. ભ્રમ ઉપર જીવી ન શકાય. અરીસામાં મોઢું અને સંસારમાં સુખ હોતું જ નથી,ફક્ત ભ્રમ છે.

જોકે, પહેલાં આવતાં પ્રોફિટમાં અને હાલના પ્રોફિટમાં થોડો ફરક પડેલો પણ લોસ તો નહોતો. ભટ્ટસાહેબનું માનવું હતું કે આવેલા નફામાંથી એકાદ બે શો ટ્રાય કરી નાટકને વધાવી' લેવાનું. અગાઉ પણ મેં એમના સ્વભાવની વાત કરી હતી. ભાગ્ય રેખા' એક જ શોમાં એમણે બંધ કરી દીધું હતું. અભય શાહ- ધનજી સોલંકી સાથે છૂટા-છવાયા ઘણા શો કર્યા. અગાઉ એમના કિશોર કુમાર સાથેના અનુભવો મેં વાચકો સાથે શેયર પણ કરેલા. હવે એમણે નૂતન સાથે ઓરકેસ્ટ્રા શરૂ કરેલો. મને પહેલીવાર ખબર પડી કે નૂતન ગાયિકા પણ છે. મેં તો માત્ર એક અદભુત અદાકાર તરીકે જ જોઈ હતી. અભયભાઈએ કહ્યું ત્યારે જાણ્યું. એની સાદગી વિષે વાત કરતાં મને કહેલું કે અમે હિંમતનગરથી નૂતનજીનો શો પતાવી અમદાવાદ પાછા ફરી રહ્યાં હતા ત્યારે એમણે કહ્યું કે મને ભૂખ લાગી છે શાહજી!' ગાડી ઊભી રાખી તપાસ કરી તો ત્યાં માત્ર વડા-પાંવ મળતા હતાં. નુતને કહ્યું કે 'બેસ્ટ...ચલેગા ... બે લઇ લો! ' કોઈ હોટલમાં જવાની જીદ નહિ. અભયભાઈ કહે, 'સાલું મને ખરાબ લાગ્યું પણ એમણે એ ખાઈને ઉપરથી મારો આભાર પણ માન્યો.' એ ઉપરાંત એમણે નૂતનની સાદગી અને એ કેવી પ્રોફેશનલ હતી એની ઘણી વાતો કરી, એ ફરી કોઈ વાર ! નૂતનનાં શો શરૂ થયા અને એ પહેલા કિશોરકુમારના શો બંધ થયા એ વચગાળાનાં સમયમાં ભટ્ટસહેબે મારું નાટક ગોઠવીને પોતાની પ્રવૃત્તિ ચાલુ રાખી. હવે જયારે નૂતનના કાર્યક્રમો થવા લાગ્યાં ત્યારે અમારાં શોને બ્રેક લાગવા માંડી. આ તો એવું કે જો આંધળા માણસને દેખાવા માંડે તો સૌથી પહેલાં એ પોતાની લાકડી ફેંકી દે છે, જેણે હંમેશાં એને સાથ આપ્યો હોય છે. જો કે અભયભાઈએ સાવ હાથ ઊંચા નહોતાં કર્યા, પણ પહેલાં જે રોજ 'દોરડે વાતું' થતી એમાં ખોટ દેખાવા લાગેલી.

### ઉત્પલ ભાયાણી : સ્નેહપૂર્ણ આદરાંજલિ

*ઉમદા વ્યક્તિ... રંગભૂમિના ખરા અભ્યાસુ, જેમણે નાટ્ય-સમીક્ષાનાં અનેક પુસ્તકો આપણને- નાટ્યરસિકોને આપ્યા ત્રણ-ત્રણ દાયકા સુધી રંગભૂમિની એમની આવી અક્ષર- સેવા અવિરત રહી. 'ઈમેજ' અને 'પરિચય ટ્રસ્ટ પબ્લિકેશન'નાં પાયાના પથ્થર અને સાક્ષર ડૉ. સુરેશ દલાલના જમણા હાથ સમા ઉત્પલ ભાયાણીની પુણ્યતિથિ ૧૬ ઓક્ટો-૨૦ના હતી. જેમની ભાષામાં સભ્યતા હોય એના જીવનમાં ભવ્યતા હોય. નત મસ્તક વંદન.!*



ઉત્પલ ભાયાણી

એક રાત્રે મને એમનો ફોન આવ્યો,'દાદુ, એક શો માટે તારે મહુવા આવવું પડશે, મારી ઈજ્જતનો સવાલ છે.' હવે જે દિવસ એમણે કહ્યો એ દિવસે સનત વ્યાસ, ભૈરવી શાહ અને રાજેશ મહેતા ફ્રી નહોતા. એ આડો દિવસ (રવિવાર નહિ) હતો, છતાં પૂછેલું અને મારે 'નાં' પડવાનો સવાલ નહોતો. મેં અભયભાઈને આ વાત કરી. ઈજ્જત'નાં નામે એમણે જીદ ચાલુ રાખી.

'મેં કહ્યું કે ત્રણ-ત્રણ રિપ્લેસમેન્ટ કરવા એ સહેલું કામ નથી. તો મને કહે, 'તમે સહેલા થઇ જાવ પછી કોઈ કામ અઘરું નથી. તું મને આજે જ આંગડિયામાં નાટકની સ્ક્રીપ્ટ મોકલી આપ. જયેન્દ્ર મહેતા અને જેમિની ત્રિવેદીને હું તૈયાર કરાવી લઈશ.. રાજેશ મહેતા માટે હું જોઉં છું.'

બીજે દિવસે જ મેં મારા કલાકારોનો દાણો ડાબી જોયો, કદાચ આવે. પરંતુ એમના માટે શક્ય નહોતું. બે જણાને તો એ તૈયાર કરાવી દેવાનાં હતા. રાજેશ મહેતાનાં રોલ માટે મેં ઘનશ્યામ નાયક (નટુ કાકા) ને વાત કરી, મારો પ્રોબ્લેમ કહ્યો. એક વાત સારી હતી કે 'એમણે વાત મધરાત...' નાટક જોયું હતું. અમારો સંબંધ કૌટુંબિક હતો. હું માનું છું કે સંબંધો જેટલા જૂના થાય એટલાં સમૃદ્ધ થવા જોઈએ, વૃદ્ધ નહિ. કદાચ એ જ કારણ હશે કે એમણે તરત કહ્યું, 'દાદુ, તારો પ્રોબ્લેમ એ મારો પ્રોબ્લેમ. દોસ્ત, સંબંધ જતાવવો કે બતાવવો નહિ પણ જાળવી રાખવો મહત્ત્વપૂર્ણ છે. તારી મુશ્કેલી મારે મારી રીતે સોલ્વ કરવી એ અગત્યનું છે.'

મેં આ વાત અભયભાઈને કરી દીધી. અને આંગડીયામાં સ્ક્રીપ્ટ પણ મોકલાવી દીધી.

મારાં ઘરમાં જ મેં ઘનશ્યામભાઈને રિહર્સલ કરાવી તૈયાર કરી લીધા. ગુજરાત માટે મારા નાટક માટે ઘણી મહેનત કરેલી. મહુવા માટે એમણે કહેલું કે 'ઇજ્જતનો સવાલ' છે તો મારે શક્ય બને તો પ્રમાણિક બની એમને મદદ કરવી જોઈએ. પ્રમાણિકતા રાખવી એ કોઇના ઉપર ઉપકાર નથી પણ પોતાના હિતની સારી વિચારધારા છે.

ભાવનગર થઈ અમે મહુવા પહોંચી ગયા. જયેન્દ્ર મહેતા અને જેમિની ત્રિવેદી લ ગ ભ ગ ડાયલોગ સાથે તૈયાર હતા. બે-ચાર રીડિંગ અને થોડી મુવમેન્ટ બતાવી હું રિલેક્ષ થયો. શો મહુવાનાં 'ગીરનાર' સિનેમા થિયેટરમાં હતો.( અત્યારે છે કે નહિ એ જાણ નથી) શો શરૂ થઇ ગયો. અચાનક છેલ્લા સીનમાં એવું બન્યું કે...

***************

*ઘર ન હતું તો બધાને આકાશ ઓછા પડ્યા, ઘર મળ્યું તો માણસોને ખાટલા ઓછા પડ્યા, એ માગે એવું આપવાનું બધ કર હે ઈશ્વર! આભ દઈશ તો કહેશે તારલા ઓછા પડયા.* ■

*****************

### ડબ્બલ રિચાર્જ

*જો નસીબમાં અંધારું લખ્યું હોય તો 'રોશની' નામની છોકરી પણ દગો દઈ જતી રહે છે.*

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક

# મહેફિલ- એ-મલ્ટિસ્ટારર


### હિન્દી ફિલ્મમાં ચોપડા બંધુઓની 'વક્ત'થી કલાકારોના શંભુમેળાની હાજરીનો થયેલો પ્રારંભ 'સિંઘમ અગેન' સુધી અવિરત ચાલ્યો છે.


'ઝાઝા હાથ રળિયામણા' એ કહેવત કોઈ પણ ફિલ્મને લાગુ પડે છે, કારણ કે એક ફિલ્મ બનાવવા ઝાઝા નહીં, ઝાઝા ઝાઝા બધા હાથની હાજરી પડે છે. જોકે, કેટલાક ફિલ્મ મેકરોએ હીરો - હીરોઈનની પસંદગીમાં શંભુમેળાની હાજરીને મહત્ત્વ આપ્યું છે. આ પ્રયોગને સફળતા મળી છે- નિષ્ફળતાનો સામનો પણ કરવો પડ્યો છે. ફિલ્મ ઈતિહાસના અભ્યાસુઓનું માનવું છે કે બી. આર. ચોપડા નિર્મિત 'વક્ત'થી ત્રણ કે તેથી વધુ હીરો લોકોને લઈ ફિલ્મ બનાવવાના દોરની વ્યવસ્થિત શરૂઆત થઈ. દિવાળીમાં રોહિત શેટ્ટીની 'સિંઘમ અગેન' રિલીઝ થઈ રહી છે જે મલ્ટિસ્ટારર હારમાળાનો નવો મણકો છે. આ ફિલ્મમાં અજય દેવગન, અક્ષય કુમાર, રણવીર સિંહ, ટાઈગર શ્રોફ, અર્જુન કપૂર, જેકી શ્રોફ, કરીના કપૂર ખાન અને દીપિકા પાદુકોણ જેવાં હીરો - હીરોઈનનો કાફલો હાજર છે.

'વક્ત'થી મલ્ટિસ્ટારર દોરની વ્યવસ્થિત શરૂઆત થઈ એ પહેલાં રિલીઝ થયેલી બે ફિલ્મનો ખાસ ઉલ્લેખ કરવો જોઈએ, જે રૂઢ અર્થમાં મલ્ટીસ્ટારર નહોતી, પણ એ બે એવા વિશિષ્ટ પ્રયોગ સાબિત થયા જેનું પુનરાવર્તન ફરી થયું જ નહીં. પહેલી છે મેહબૂબ ખાન દિગ્દર્શિત 'અનમોલ ઘડી' (૧૯૪૬) જેમાં નૂરજહાં, સુરૈયા અને સુરેન્દ્ર હતાં. નૂરજહાં - સુરૈયાની આ એકમાત્ર હિન્દી ફિલ્મને જોરદાર સફળતા મળી હતી. ફિલ્મ રિલીઝ થયાના એક વર્ષ પછી નૂરજહાં પાકિસ્તાન ચાલ્યાં ગયાં અને સિનેરસિકો બે સિંગિંગ સ્ટારના પુનરાવર્તનથી વંચિત રહી ગયા. બીજી છે મેહબૂબ ખાનની જ અંદાઝ' (૧૯૪૯). હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સુવર્ણ દોરના ત્રણ મોટાં માથાં - ત્રણ બિગ સ્ટાર્સ દિલીપ કુમાર, રાજ કપૂર અને નરગિસને પ્રેમ ત્રિકોણની કથામાં ચમકાવવાનું સાહસ મેહબૂબ ખાને કર્યું. આ ફિલ્મને પણ જબરજસ્ત આવકાર મળ્યો અને 'અંદાઝ' પહેલા પગ જમાવવાની કોશિશ કરી રહેલા ત્રણેય કલાકાર બિગ સ્ટાર બની ગયા અને તેમને કે દિલીપ - રાજને સાથે લેવાનું નિર્માતાની આર્થિક પહોંચ બહાર નીકળી ગયું. પ્રસ્તુત છે કેટલીક મલ્ટિસ્ટારર ફિલ્મના ઉદાહરણ.

વક્ત (૧૯૬૫): બી. આર. ચોપડા નિર્મિત અને યશ ચોપડા દિગ્દર્શિત ખોવાયેલા - મળી ગયા ફોર્મ્યુલાની આ ફિલ્મની સફળતાએ મલ્ટિસ્ટારરના દરવાજા ખોલી આપ્યા. બલરાજ સાહની, સુનીલ દત્ત, રાજકુમાર, શશી કપૂર, સાધના, શર્મિલા ટાગોર જેવા અગ્રણી કલાકારોનો શંભુમેળો એકઠો કરી પ્રભાવી ફિલ્મ બનાવી શકાય એ યશ ચોપડાએ સિદ્ધ કર્યું. આ ફિલ્મ પછી વધુ મેકરોને મલ્ટિસ્ટારર ફિલ્મ બનાવવાની પ્રેરણા મળી એ હકીકત છે.


નાગિન




કલ આજ ઔર કલ (૧૯૭૧): આર. કે. બેનરની આ ફિલ્મથી રણધીર કપૂરની હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એન્ટ્રી થઈ એ તો ખરું જ, પણ એથીય વિશેષ મહત્ત્વની વાત એ હતી કે પ્રખ્યાત કપૂર પરિવારની ત્રણ પેઢી આ ફિલ્મમાં સાથે જોવાનો લહાવો સિને રસિકોને મળ્યો. અંગત જીવનમાં દાદા (પૃથ્વીરાજ કપૂર), પિતા (રાજ કપૂર) અને પુત્ર (રણધીર કપૂર) ફિલ્મમાં પણ એ જ રીતે હાજર હતા. જોકે, 'સલીમ કી મુહબ્બત તુમ્હે મરને નહીં દેગી ઔર હમ તુમ્હેં જીને નહીં દેંગે' ડાયલોગ જેમની એક મહત્ત્વની ઓળખ હતી એ પાપાજી - પૃથ્વીરાજ કપૂરની આ અંતિમ ફિલ્મ સાબિત થઈ, કારણ કે એ રિલીઝ થઈ એના એક વર્ષ પછી એમનું અવસાન થયું હતું.

નાગિન (૧૯૭૬): રિલીઝ થતાની સાથે જ ભુલાઈ ગયેલી એક ફિલ્મ (કહાની હમ સબ કી) બનાવનારા રાજકુમાર કોહલીએ જબજસ્ત ડેરિંગ કરી મલ્ટિસ્ટારર બનાવવાનું બીડું ઝડપ્યું. મહિલા પ્રધાન ફિલ્મમાં કામ કરવા ટોચના સ્ટારને રાજી કરવો એ આજના સમયમાં પણ લોઢાના ચણા ચાવવા જેવું ભગીરથ કાર્ય છે. મિસ્ટર કોહલીએ તો લગભગ ૫૦ વર્ષ પહેલાં સુનીલ દત્ત, જિતેન્દ્ર, ફિરોઝ ખાન, સંજય ખાન, વિનોદ મેહરા અને કબીર બેદી જેવા નામી કલાકારોને નાગકન્યા પર આધારિત ફિલ્મમાં રીના રોય સાથે કામ કરવા મનાવી લીધા એ બદલ એમને સલામ મારવી જોઈએ. એટલું જ નહીં, રાજકુમાર કોહલીએ મુમતાઝ, રેખા અને યોગિતા બાલીને સુધ્ધાં પોતાની મહત્ત્વાકાંક્ષી ફિલ્મમાં સમાવી લીધા. ૪ હીરો - ૪ હીરોઈન ધરાવતી આ ફિલ્મના દર્શકોએ રીતસરના ઓવારણાં લીધા અને વર્ષની આ સૌથી સફળ ફિલ્મ સાબિત થઈ.

અમર -અકબર - એન્થની (૧૯૭૭): મસાલા ફિલ્મોના માસ્ટર મનમોહન દેસાઈની 'અમર અકબર એન્થની'ને દર્શકોએ ગજબનાક વહાલ કર્યું. ઓલ ટાઈમ ક્લાસિક ફિલ્મ તરીકે સ્વીકારાયેલી આ ફિલ્મમાં અમિતાભ બચ્ચન, વિનોદ ખન્ના, રિશી કપૂર, પરવીન બાબી, નીતુ સિંહ અને શબાના આઝમી જેવા ક્રીમ કલાકારોનું મંડળ હાજર હતું. તર્કને કૂવામાં પધરાવી બનાવેલી આ ફિલ્મથી દર્શકોનું મનોરંજન તો થયું જ, પણ દરેક કલાકાર સિને રસિકોના સ્મરણમાં રહ્યો એ મનમોહન દેસાઈની કાબેલિયત હતી.

જાની દુશ્મન (૧૯૭૯): 'નાગિન'ને મળેલી ફાંકડી સફળતાને પગલે નિર્માતા - દિગ્દર્શક રાજકુમાર કોહલીએ વધુ એક હોરર ફિલ્મ 'નાગિન' કરતાં મોટા કાફલા સાથે ફિલ્મ બનાવવાનું સાહસ કર્યું. રાક્ષસની કથા ધરાવતી હોરર ફિલ્મમાં સુનીલ દત્ત, સંજીવ કુમાર, જિતેન્દ્ર, શત્રુઘ્ન સિન્હા, વિનોદ મેહરા, રીના રોય, રેખા, નીતુ સિંહ અને બિંદિયા ગોસ્વામી જેવા લોકપ્રિય કલાકારોને ભેગા કરી મિસ્ટર કોહલીએ બોક્સ ઓફિસ પર ફરી ઝળહળતી સફળતા મેળવી.

ધ બર્નિંગ ટ્રેન (૧૯૮૦): 'વક્ત'ના નિર્માતા બી. આર. ચોપડાના પુત્ર રવિ ચોપડા મલ્ટિસ્ટારર બનાવાવમાં પિતાશ્રી કરતા એક ડગલું આગળ વધ્યા. ૧૯૭૦માં હોલીવૂડમાં 'ડિઝાસ્ટર ફિલ્મો' (આવી પડેલી કે આવનારી મોટી આપત્તિ કથાના કેન્દ્રમાં હોય એવી ફિલ્મો)ની બોલબાલા હતી. એમાંથી પ્રેરણા લઈ રવિ ચોપડાએ એક્શન થ્રિલર બનાવી. એમાં ધર્મેન્દ્ર, જિતેન્દ્ર, વિનોદ ખન્ના, વિનોદ મેહરા, હેમા માલિની, પરવીન બાબી, નીતુ સિંહ, નવીન નિશ્ચલ જેવા કલાકારોનો કાફલો ઊભો કરી દીધો. જોકે, ફિલ્મ મેકિંગની જરૂરિયાત અને નામી કલાકારોની હાજરીને કારણે બજેટ બહુ વધી ગયું. પરિણામે ફિલ્મ સફળ થવા છતાં જંગી કમાણી ન કરી શકી. ■

---

## ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

### પત્નીઓના ઝઘડામાં પતિઓનો ખો નીકળી જશે!


દિવ્યા ખોસલા કુમાર

જ્યારે એક જ શુક્રવારે બે ફિલ્મ અને એ પણ મોટી ફિલ્મો અથડાય ત્યારે તકલીફ તો પડવાની જ. આ તકલીફ બોક્સ ઓફિસ કલેક્શન પર પડે તો સમજી શકાય છે, પરંતુ જો અથડાયેલી બે ફિલ્મોના પ્રોડ્યુસર્સ સોશિયલ મીડિયા પર ઝઘડી પડે ત્યાર ગામને જબરું જોણું થાય... ગયા શુક્રવારે કરણ જોહરની પ્રોડ્યુસ કરેલી 'જીગરા' રિલીઝ થઇ અને તેની સાથે સાથે ટી-સિરીઝની 'વિકી વિદ્યા કા વો વાલા વિડિયો' પણ રજૂ થઈ. ચાલો, ફિલ્મો તો એક સાથે આવે ને જાય, પણ ટી-સિરીઝના સર્વેસર્વા એવા ભૂષણ કુમારની પત્ની દિવ્યા ખોસલા કુમારે પોતાની ઇન્સ્ટા સ્ટોરીમાં સિટી મોલ -પીવીઆરના 'જીગરા'ના એક શોનો ફોટો મૂક્યો, જેમાં બધી જ સીટો લગભગ ખાલી હતી ને લખ્યું કે આલિયામાં ખરેખર 'જીગર' છે ..આલિયાએ જ બધીજ ટિકિટો ખરીદી લીધીને જાહેર કર્યું કે કલેકશન સારુ છે, પણ જુઓ તો ખરા થિયેટર તો ખાલી છે!

દિવ્યાની આ સ્ટોરીના જવાબમાં જીગરાના પ્રોડ્યુસર કરણ જોહરે પોતાની પોસ્ટમાં કશુંક એવું લખ્યું જેનો મતલબ એ નીકળે છે કે, 'મૂર્ખાઓને આપવાનો શ્રેષ્ઠ જવાબ મૌન છે ! .' બાદમાં દિવ્યાએ સ્પષ્ટતા કરી કે એની એ સ્ટોરી એટલા માટે ન હતી કે બંને ફિલ્મ એક દિવસે રિલીઝ થઇ, પરંતુ એટલા માટે હતી કે આલિયા ભટ્ટે તેની ફિલ્મ 'સાવી'ની સ્ટોરી કોપી કરીને ફિલ્મ બનાવી...!

ખેર, આ ઝઘડો તો ચાલુ રહેશે, પરંતુ પત્નીઓના ઝઘડામાં તેમના પતિઓ એટલેકે ભૂષણ કુમાર અને રણબીર કપૂરનો ખો નીકળી જવાનો છે. કારણ? રણબીરની એનિમલ'ની ઝળહળતી સફળતા પછી તેનો બીજો ભાગ બનવાનો છે 'એનિમલ પાર્ક' જેના પ્રોડ્યુસર ભૂષણ કુમાર જ છે...!

### 'વો વાલા વિડિયો' ખરેખર ચોરીવાળો નીકળ્યો!



જો 'જીગરા'ને વિવાદનો સામનો કરવો પડી રહ્યો છે તો તેની સાથે જ રિલીઝ થયેલી 'વિકી વિદ્યા કા વો વાલા વિડિયો' પણ વિવાદથી પર નથી. ફિલ્મની રિલીઝ પહેલાં જ તેના પર સ્ટોરી ચોરવાનો આરોપ લાગી ગયો હતો , જેને ફિલ્મના ડિરેક્ટર રાજ શાંડિલ્યે નકાર્યો હતો, પરંતુ આ ફિલ્મના એક સીનમાં મેડોક ફિલ્મ્સની 'સ્ત્રી' ફિલ્મ સાથેની સરખામણી સામે આવી છે , જેને કારણે શાંડિલ્યએ જખ મારીને માફી માગવી પડી છે !

આ સીનમાં રાજકુમાર રાવને એવું કહેતો જોવા મળે છે કે 'ઓ સ્ત્રી પરસો આના!' હવે આ સીધેસીધો રેફરન્સ મેડોક ફિલ્મ્સની સફળ ફ્રેન્ચાઇઝી 'સ્ત્રી' સાથે જોડાયેલો છે. હવે થયું એવું કે ફિલ્મ તો રિલીઝ થઇ ગઈ ત્યાર પછી એવું કંઈક બન્યું કે અચાનક રાજ શાંડિલ્યે મેડોક 'ફિલ્મ્સ' ની આ સંવાદ અને સીનનો ઉપયોગ કરવા માટે બિનશરતી માફી માગી લીધી ને સીન ડિલિટ કરવાની ખાતરી પણ આપી દીધી. તો શું મેડોક 'ફિલ્મ્સે' કાયદાકીય કાર્યવાહીની ચેતવણી ઉચ્ચાર્યા બાદ આવું પગલું લેવામાં આવ્યું કે પછી ડિરેક્ટર રાજ શાંડિલ્યને આપણા કવિ 'કલાપી' ની પેલી જાણીતી પંક્તિ : 'હા ,પસ્તાવો વિપુલ ઝરણું...'ની યાદ કોઈએ અપાવી ?!

### સ્ટેન્ડ અપ કોમેડી... જાવેદ અખ્તરનો તીખો ટોણો



સ્ટેન્ડ અપ કોમેડી એ ભલેને વિદેશી વિચાર હોવાનું કહેવાય પણ આપણે ત્યાં ગુજરાતીમાં ડાયરાઓમાં વર્ષોથી પેટ દુઃખાડી દે એવા જોક્સ વર્ષોથી કહેવાય છે તો હિન્દીમાં ટીવી પર વર્ષો પહેલાં શેખર સુમન 'મુવર્સ એન્ડ શેકર્સ' નામનો આવો સ્ટેન્ડ અપનો સફળતા શો કરી ચૂક્યો છે.

ખેર, આજકાલ જે કોમેડીના નામે અપશબ્દો પીરસાઈ રહ્યા છે તેના તરફ ઘણાને વાંધો છે. અપશબ્દોનીએ ભરમાર હોવાથી આવા ટીવી શો ઘરમાં મુક્ત મને કે પછી ઈયરફોન લગાડ્યા વગર આ સ્ટેન્ડ અપ કોમેડિયન્સને સાંભળી શકાતા નથી.

હાલમાં ત્રણ જાણીતા સ્ટેન્ડ અપ કોમેડિયનોએ મશહૂર શાયર જાવેદ અખ્તરનો ઇન્ટરવ્યૂ કર્યો એમાં એ વિશે એમને પૂછવામાં આવ્યું તો જાવેદસાહેબે એનો અર્થપૂર્ણ જબરદસ્ત જવાબ આપતાં કહ્યું કે, 'દુનિયાના કોઇપણ ખૂણે પછી તે બિહાર હોય, ઓડિશા હોય કે મેક્સિકો હોય, ભોજન ફિક્કું હોય ત્યારે લોકો તેમાં સ્વાદ લાવવા સાઈડમાં ખાસ લીલું મરચું ખાતા હોય છે. એ જ રીતે જો તમારી કોમેડીમાં ફિસ્સી નહીં હોય - સ્વાદ હશે તો તમારે પણ અપશબ્દો બોલવાની જરૂર નહીં રહે!'■

**કટ એન્ડ ઓકે..**

*'સલમાનભાઈએ એમના ફેન્સમાં પોતાનું સન્માન જાળવવા માટે લોરેન્સ બિશ્નોઈને સામી અને એનાથી પણ મોટી ધમકી આપવી જોઈએ!'*
*- રામ ગોપાલ વર્મા*

---




મહેશ નાણાવટી

# ડોક્યુમેન્ટરીઓના રમૂજી 'દસ્તાવેજ'

ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં 'સમંદર મેં ક્લોઝ-અપ' નામનો એક રૂઢિપ્રયોગ છે. એની પાછળની કહાણી બડી દિલચસ્પ છે.

આ એ દિવસોની વાત છે જ્યારે 'ફિલ્મ ડિવિઝન' નામના સરકારી તંત્ર દ્વારા સરકારી ડોક્યુમેન્ટ્રીઓ બનતી હતી. એમાં અનેક વાર એવું થતું કે જે તે સરકારી ખાતાના તજજ્ઞ એટલે કે એક્સ્પર્ટ હોય એ જ ડિરેક્ટર હોય! 'ફિલ્મ ડિવિઝન' તરફથી તો કેમેરામેન, ગ્રાઉન્ડ રેકોર્ડિસ્ટ, સ્પોટ-બોય વગેરે આપવામાં આવતાં.

આવી જ એક ડોક્યુમેન્ટ્રી સરકારના 'ફિશરિઝ ડિપાર્ટમેન્ટ' યાને કે મત્સોદ્યોગ મંત્રાલય દ્વારા બનેલી, પરંતુ એમાં કંઈક વધારાનું શૂટિંગ કરવાની જરૂર જણાઈ એટલે ફિલ્મ ડિવિઝનમાં કેમેરામેન તરીકે નોકરી કરતાં એક ડી. બી. મૂર્તિને મોકલવામાં આવ્યા.

મૂર્તિ પહોંચ્યા ત્યારે એક મોટરબોટ મુંબઈના બંદરગાહ ઉપર તૈયાર હતી. એમાં ડોક્યુમેન્ટ્રીના ડિરેક્ટર ઉપરાંત બે ત્રણ માછીમાર બનેલા એક્ટરો પણ હતા. મોટર બોટ ઉપડી... દરિયામાં આગળ આગળ જવા લાગી.

કેમેરામેન મૂર્તિએ પૂછ્યું : 'હજી કેટલા આગળ જવાનું છે?' ડિરેક્ટર સાહેબ કહે :'ઔર આગે જાના હૈ... અગાઉ શૂટિંગ થયું હતું ત્યારે થોડા શોટ્સ લેવાના રહી ગયા હતા એટલે એ જ ઠેકાણે જવું પડશે.'

આખરે પૂરા એક કલાકની દરિયાઈ મુસાફરી પછી પેલા સરકારી ડિરેક્ટર બોલ્યા: 'યહાં રોકો...' મોટરબોટ થંભી ગઈ. ડિરેક્ટર સાહેબ કહે છે 'યહાં ઇન દોનો આર્ટિસ્ટોં કા બારી બારી સે ક્લોઝ-અપ લેના હૈ. આ સાંભળીને કેમેરામેન મૂર્તિ પૂછે છે: 'બેકગ્રાઉન્ડ મેં ક્યા દિખાના હૈ?'

જવાબમાં પેલા ફિશરિઝ ડિપાર્ટમેન્ટના અધિકારી કહે છે 'બેક ગ્રાઉન્ડ મેં સ્કાય રહેગા!'

મૂર્તિએ આ સાંભળીને પોતાનું કપાળ કૂટ્યું! કેમ કે જો ક્લોઝ-અપ જ લેવાના હતા અને બેકગ્રાઉન્ડમાં આકાશ જ બતાડવાનું હતું તો એ કામ કોઈપણ મકાનના ધાબા ઉપર જઇને થઇ શક્યું હોત!

એટલે જ જ્યારે કોઈ ફિલ્મનું યુનિટ છેક ઇંગ્લેન્ડ, સ્વિટ્ઝરલેન્ડ કે પેરિસમાં જઈને આખરે મામૂલી ડ્રોઇંગરૂમનાં જ દૃશ્યો શૂટ કરે છે તો એને કહેવાય છે: 'સમંદર મેં ક્લોઝ-અપ!'

ફિલ્મ ડિવિઝનની ડોક્યુમેન્ટ્રીનો એક કિસ્સો તો નાનકડી જોક જેવો છે. એમાં મામલો એવો હતો કે પશુપાલન વિશેની ડોક્યુમેન્ટ્રી માટે કોઈ ગાય-ભેંસના તબેલામાં જઈને શૂટિંગ કરવાનું હતું. કેમેરામેને હંમેશની ટેવ મુજબ ડિરેક્ટરને પૂછવાનું હોય છે : 'સર, કેમેરા કહાં લગાઉ?'

તો આ વખતના સરકારી અધિકારી કહે છે:

'કોઈ ભી સાફ-સુથરી જગા દેખકર લગા લો!' હવે તબેલામાં જ્યાં છાણ-પેશાબ અને ઘાસનો પથારો હોય ત્યાં 'સાફ-સુથરી' જગ્યા ક્યાં શોધવી? છેવટે કેમેરામેને વીસ કિલોનો કેમેરો પોતાના ખભે જ ઉપાડી લીધો!

સરકારી એક્સ્પર્ટ અધિકારીઓ કેટલા ડફોળ હોય છે એની સામે શીખાઉ સ્ટુડન્ટો કેટલા ચાલાક હોય છે તેનો એક મજેદાર કિસ્સો છે.


જેકી શ્રોફ

અમદાવાદની એક ડિઝાઈન ઈન્સ્ટિટ્યૂટ, જેનાં ફિલ્મ એન્ડ વિડિયો ડિપાર્ટમેન્ટમાં એક ડોક્યુમેન્ટ્રી બનાવવાની વર્કશોપ યોજાઈ હતી. એમાં યુજી અને પીજી એમ બંને પ્રકારના વિદ્યાર્થીઓ હતા. બંને ગ્રૂપો અલગ અલગ હતાં છતાં જોગાનુજોગે એવું બન્યું કે બંને બેચના એક-એક ગ્રૂપે 'ગુજરાતી દારૂબંધી' વિશે ડોક્યુમેન્ટ્રી બનાવવાનું નક્કી કર્યું. પીજી બેચના જે સ્ટુડન્ટો હતા એ તો અગાઉ એન્જિનિયરિંગ, આઈટી કે લિટરેચરમાં ડીગ્રી લઈને આવેલા મેચ્યોર સ્ટુડન્ટો હતા. જ્યારે યુજી બેચમાં હજી બારમું ધોરણ પાસ કર્યા પછી માત્ર દોઢ વર્ષ ડિઝાઈનિંગ શીખેલા સ્ટુડન્ટો હતા.

હવે બંને ટાઈપના સ્ટુડન્ટોનો અલગ અલગ એપ્રોચ જુઓ... પીજીવાળાએ આખી સમસ્યાનાં ગંભીર ડિસ્કશનો કરીને, મોટા મોટા ચાર્ટ બનાવીને અમુક સામાજિક અને કાયદાકીય 'ઈશ્યૂઝ' તારવીને અલગ કર્યા. આ સ્ટુડન્ટ્સ અમદાવાદમાં દારૂ સપ્લાય કરનારા બૂટલેગરો, ટપોરીઓ ઉપરાંત પોલીસોના ઈન્ટરવ્યૂ કરવા માગતા હતા, પણ સામેવાળાને જેવી ગંધ આવે કે 'આ તો પોલ-ખોલ ડોક્યુમેન્ટ્રી છે...' તો એ લોકો કંઇ બોલે જ નહીં!

બીજી બાજુ યુજી બેચના ટીન-એજરોએ શું કર્યું? ચાર પાંચ છોકરા- છોકરીઓએ એક ચોક્કસ વિસ્તારના પોલીસ સ્ટેશને જઇને કહ્યું કે 'સર, અમે દારૂથી થતા નુકસાન વિશે એક ડોક્યુમેન્ટ્રી બનાવીએ છીએ તો પોલીસ તરફથી શું કાર્યવાહીઓ છે અને સમાજને પોલીસ શું સંદેશો માગે છે એવું શૂટિંગ કરવું છે.'

પોલીસવાળા હોંશે હોંશે તૈયાર થઇ ગયા. એમનાં નિવેદનો વગેરે રેકોર્ડ થઈ ગયા પછી સ્ટુડન્ટો માટે ચા-પાણી મંગાવવામાં આવ્યાં. આ ચા-નાસ્તા દરમિયાન મોટા સાહેબની વિદાય પછી વિદ્યાર્થીઓએ હળવા મિજાજમાં જુનિયર સ્ટાફને પૂછવા માંડ્યું કે 'સર, ખરેખર પરિસ્થિતિ શું હોય છે? અમે તો ગુજરાત બહારના સ્ટુડન્ટો છીએ...'

અહીં ભજિયાં- દાળવડાંની મહેફિલ માણતા જુનિયર સ્ટાફે વટાણા વેરવા માંડયા. છોકરાઓ પણ ચાલાક, એટલે 'ક્યા બાત હૈ? સચ મેં? ઔર બતાઓ ના?' એમ કરી કરીને એમને ચગાવી માર્યા... હકીકતમાં તે વખતે ટ્રાઈપોડ ઉપર મુકી રાખેલો કેમેરો ચાલુ જ હતો!


જો કે શૈક્ષણિક સંસ્થાએ બનાવેલી એ ડોક્યુમેન્ટ્રી માત્ર અને માત્ર શિક્ષણના હેતુથી બની હતી એટલે કદી બહાર 'લીક' થઇ નહીં! બાકી જો થઇ હોત તો ખરા અર્થમાં 'જોવા જેવી' થઈ હોત!

હવે જો 'લીક' થયેલા ફૂટેજની વાત કરીએ તો ૧૯૯૮માં પોલિયોના ડોઝ માટેની એક જાહેર અપીલના શૂટિંગ વખતે જેકી શ્રોફને માંડ ચાર લાઈન બોલવાની હતી, છતાં એના વારંવાર પોતાની ભૂલ થતાંની સાથે તે જે 'ગાળો' બોલ્યા, એના એનજી શોટ્સ, (એટલે કે 'નોટ ગુડ' શોટ્સ) જેને કાઢીને રદ્દીમાં નાખી દેવાના હોય એને બદલે તેને જોડીને કોઈએ યુ-ટ્યુબ ઉપર ચડાવી દીધા છે! એ સેન્સર કરવાના જેકી શ્રોફના શોટ્સ આજે પણ તમે ત્યાં જોઈ શકો છો... વાયરલ થયેલાં એ શોટસ અત્યાર સુધીમાં ૩૫ લાખ લોકો તો જોઈ જ ચૂક્યા છે! ■

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# પિક્ચર અભી બાકી નહીં હૈ... મેરે દોસ્ત!

## ટ્રેલર પણ ફિલ્મની જેમ હિટ અને ફ્લોપ હોઈ શકે છે !







**દિવાળી** આવી રહી છે. દિવાળી જેવા તહેવાર માટે તો ફિલ્મમેકર્સ બોક્સઓફિસ કલેક્શન માટે પોતાની ફિલ્મ્સ ખાસ તૈયાર કરીને બેસે છે. મોટા ભાગે તહેવાર પર માસ એન્ટરટેઈનર ફિલ્મ્સ રિલીઝ થતી હોય છે. આ વખતે પણ આવી જ બે ફિલ્મ એટલે કે અનિઝ બઝમી દિગ્દર્શિત અને કાર્તિક આર્યન અભિનીત ભૂલભૂલૈયા ૩' અને રોહિત શેટ્ટી દિગ્દર્શિત મલ્ટીસ્ટારર 'સિંઘમ અગેઇન' રિલીઝ થવા જઈ રહી છે.

હિન્દી સિનેમામાં આજકાલ મલ્ટિસ્ટારર ફિલ્મ્સ ઓછી બને છે ત્યારે સિંઘમ અગેઇન' જેવી ફિલ્મ માટે દર્શકોમાં અતિ ઉત્સાહ હોવો જોઈએ ને? હા, હોવો તો જોઈએ, પણ આ મલ્ટિસ્ટારરના કારણે જ 'સિંઘમ અગેઇન' પ્રત્યે દર્શકોમાં નારાજગી છે.

એવું તો શું બન્યું?

થોડા દિવસ પહેલાં 'સિંઘમ અગેઈન'નું ટ્રેલર રિલીઝ થયું અને દર્શકોએ એમની ગમતી સિંઘમ ફ્રેન્ચાઈઝ અને કોપ યુનિવર્સની આ નવી ફિલ્મનું ટ્રેલર હોંશે હોંશે જોયું પણ ખરું, પણ એ જોયા પછી તરત જ યુટ્યૂબમાં કમેન્ટ્સમાં અને સોશિયલ મીડિયા પર બે વાત માટે એમનો રોષ ઠાલવી દીધો.




પહેલી વાત તો એ કે અજય દેવગણ, કરીના કપૂર, અક્ષય કુમાર, રણવીર સિંઘ, દીપિકા પાદુકોણ, ટાઇગર શ્રોફ, અર્જુન કપૂર, જેકી શ્રોફ જેવા એ લિસ્ટર કલાકારો એકસાથે ફિલ્મમાં આવવાના હોય ત્યારે દર્શકોમાં જે ઉત્સાહ હોવો જોઈએ એ ફિલ્મ માટે ઉત્સાહ પેદા કરનારા ટ્રેલરે જ ઓવરડોઝ થકી મારી નાખ્યો. દર્શકોએ ઇન્ટરનેટ પર એવી ફરિયાદ કરી છે કે 'આ કલાકારોને અમારે ફિલ્મમાં મોટા પડદે જોવા છે. એમની એન્ટ્રી સહિતની મહત્ત્વની ક્ષણો તમે બે-અઢી મિનિટના ટ્રેલરને બદલે પાંચ મિનિટનું ટ્રેલર બનાવી તેમાં બતાવી દો તો ફિલ્મ જોવા માટેની અમારી તાલાવેલી બચે જ શાની?'

દર્શકોની ફરિયાદ સાચી છે. કોણ કોને ક્યારે અને કઈ રીતે એન્ટ્રી મારીને બચાવવા આવશે એ સુધ્ધાં રોહિત શેટ્ટીએ વધુ પડતા જોશમાં ટ્રેલરમાં દેખાડી દીધું છે. અને બીજી વાત એ કે આ વધુ પડતા જોશના કારણે ફિલ્મની વાર્તા શું હશે એનો પણ ઘણોખરો અંદાજ ટ્રેલર પરથી આવી જાય છે એવી પણ ચર્ચા ડિજિટલ ચોરે છે.

એમ તો 'ભૂલભૂલૈયા ૩' માટે પણ પહેલી સાઈકોલોજિકલ થ્રિલર કોમેડી ફિલ્મને હોરર કોમેડીના નામ પર સ્લેપસ્ટિક કોમેડી બનાવી નાખ્યાનો એટલો જ મોટો દર્શકોનો આરોપ છે, પણ આપણો મુદ્દો અહીં ફિલ્મ નહીં, પણ ટ્રેલરનો છે.

ફિલ્મનું ટ્રેલર ફિલ્મ પહેલા દર્શકોમાં એ વિશે જિજ્ઞાસા વધે એ માટે બહાર પાડવામાં આવતું હોય છે. એ માટે તેને યોગ્ય રીતે ફિલ્મમાંથી એડિટ કરવું જરૂરી છે. એ એવી રીતે કટ થવું જોઈએ કે દર્શકોને જે-તે ફિલ્મ જોવાની વાટ રહે.

મનોરંજન દેવની કૃપાથી ટ્રેલર કટિંગ પણ સિનેમાની જ કળાનો અંશ છે. ફિલ્મની રિલીઝ પહેલાં બહાર પડતી દરેક પ્રમોશનલ વસ્તુઓમાં નાવીન્ય હોય તો દર્શકોને આકર્ષી શકાય. આજના ડિજિટલ યુગમાં તો ઇન્ટરનેટ પર ટ્રેલર ઉપરાંત ફિલ્મને લગતા અનેક વિડિયોઝ બહાર પાડવામાં આવે છે. ૭ નવેમ્બરથી સ્ટ્રીમ થનાર શો 'સિટાડેલ: હની બની'ના પ્રમોશન માટે તેના જ ક્રિએટર રાજ એન્ડ ડીકેના બીજા એક શો 'ધ ફેમિલી મેન'ના પાત્રો શ્રીકાંત અને જેકેને લઈને એક વિડિયો બહાર પાડવામાં આવ્યો છે. ફર્સ્ટ લૂક વિડિયોઝ કે મોશન પોસ્ટર્સ ઉપરાંત અનેક સામગ્રીઓમાં ફક્ત ઓછામાં વધુ આશા જગાડતાં દ્રશ્યો અને મ્યુઝિકથી દર્શકોને એમને જ ગમે એવું પીરસાતું હોય છે, પણ જયારે-જયારે ટ્રેલરમાં જ વાર્તા કહી દેવાની ભૂલ ફિલ્મમેકર્સથી થાય છે ત્યારે દર્શકો એ વાત પર વિરોધ દર્શાવવામાં અચકાતા નથી, કેમ કે તેમને માટે સિનેમા એટલે મોટી સ્ક્રીન પર એમણે ન ધાર્યું હોય એ જોઈને મજા કરવાનું માધ્યમ છે. તેનો મતલબ એ નહીં કે સિંઘમ અગેઇન' ફક્ત ટ્રેલરના કારણે નિષ્ફળ જશે, એ બિલકુલ સફળ જઈ જ શકે છે, પણ ટ્રેલરની બાબતે તો એ સફળ નથી જ થયું એ માનવું રહ્યું.

હમણાં જ રિલીઝ થયેલી કાજોલ અને કૃતિ સેનન અભિનીત 'દો પત્તી'ના ટ્રેલરમાં જ કૃતિ સેનને જોડકા બહેનોનાં બે પાત્ર ભજવ્યા છે એ કહી દેવામાં આવ્યું છે, છતાં તેની વાર્તા અકબંધ લાગે છે. શ્રીરામ રાઘવનની 'અંધાધૂન' (૨૦૧૮)ના ટ્રેલરમાં આયુષ્માન ખુરાનાનું પાત્ર અંધ છે કે નહીં એ હિન્ટ આપી દેવામાં આવી હતી, છતાં ફિલ્મની વાર્તા માટેની ઉત્સુકતા દર્શકોમાં જળવાઈ રહી હતી. વાસન બાલા દિગ્દર્શિત મર્દ કો દર્દ નહીં હોતા' (૨૦૧૮) ફિલ્મનું ટ્રેલર જોશો તો ખ્યાલ આવશે કે એ પરંપરાગત રીતથી કેટલું અલગ છે અને ટ્રેલર માટે જ અલગ શૂટ કરવામાં આવ્યું છે.

હોલિવૂડ તરફ નજર કરીએ તો 'ધ ગર્લ વિથ ધ ડ્રેગન ટેટૂ' (૨૦૧૧), 'ઇન્સેપ્શન' (૨૦૧૦), ૩૦૦' (૨૦૦૬), 'ધ ડાર્ક નાઈટ' (૨૦૦૮) કે ડેડપૂલ' સિરીઝના ટ્રેલર્સ અને પ્રમોશનલ વિડિયોઝમાં રસિક નાવીન્ય જોવા મળે છે.

ટ્રેલર બનાવવાની આ અનોખી કળા પર તો તેની અનેક રીતો અને ઉદાહરણો પર ચર્ચા કરી શકાય, પણ એ પછી ક્યારેક. જોકે, અહીં મૂળ વાત એટલી કે ફિલ્મમેકર્સે ફિલ્મ જેટલું જ ધ્યાન ટ્રેલર પર પણ આપવું જોઈએ. તેનું સૌથી મોટું કારણ એ કે ફિલ્મ કરતાં ફિલ્મના ટ્રેલરના જોનારની સંખ્યા વધુ હોય છે! ■

**લાસ્ટ શોટ**

*રિલીઝના ચોવીસ કલાકમાં સૌથી વધુ જોવાયેલા ટ્રેલરનો દાવો 'ભૂલભૂલૈયા ૩' અને 'સિંઘમ અગેઇન' બંનેની ટીમ સોશિયલ મીડિયા પર કરી રહી છે.*

# ક્વિઝ ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ) રેખા ઓ રેખા

**રૂપસુંદરી રેખા તાજેતરમાં ૭૦ વર્ષની થઈ- એના વિશે તમે કેટલું જાણો છો?**

૧) રેખાની પ્રથમ ફિલ્મ કઈ હતી?

૨) અનંત નાગ રેખાના હીરો હતા એ ફિલ્મ કઈ?

૩) રેખાને 'ઉમરાવ જાન' ફિલ્મ માટે કયો પુરસ્કાર મળ્યો હતો?

૪) 'બીબી હો તો ઐસી'માં રેખાના દિયરનું પાત્ર કોણે ભજવેલું?

૫) ગિરીશ કર્નાડ દ્વારા નિર્દેશિત રેખાની ફિલ્મ કઈ?

૬) રેખાના પિતાજીનું નામ શું ?

૭) 'ખૂન ભરી માંગ'માં રેખાના ત્રણ હીરો કોણ હતા?

## ક્વિઝ (બ)

**અહીં આપેલી ફિલ્મનું એક ગીત જે કલાકારે પોતે ગાયું છે એ કલાકારનું નામ તથા તે ગીત જાણાવો...**

૧) જોશ

૨) ગુલામ

૩) નિકાહ

૪) હેલો બ્રધર

૫)સિલસિલા

૬) ચાંદની

૭) હાથ કી સફાઇ



**જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'**

ફિલ્મનામા
નરેશ શાહ

# કાશ્મીરના ટેરરિઝમનો 'તનાવ'

## ઈઝરાયલી વેબસિરીઝ 'ફૌદા'માં પેલેસ્ટાઈન છે તો 'તનાવ'માં કાશ્મીર છે!

**કાશ્મીર, ૨૦૧૭.**

પાકી શંકાના આધારે એન્ટિ ટેરરિઝમ સ્કવોડની સ્પેશિયલ ટીમ દૂઆ-સલામ કરતાં ચાલ્યા જતાં પ્રોફેસરને આંતરીને ઈન્વેસ્ટિગેશન માટે લઈ જાય છે અને ઉચ્ચ ઓફિસરની મેચ્યોર્ડ પૂછપરછમાં પ્રોફેસર માત્ર એટલું કહે છે કે, ઉંમર રિયાઝ ઉર્ફે પેન્થર હજુ જીવે છે... સ્પેશિયલ સ્કવોડ માટે તો જાણે બોમ્બ ફૂટયો, કારણ કે ઓફિશિયલ રેકોર્ડ પ્રમાણે તો ઉંમર રિયાઝ એન્કાઉન્ટરમાં માર્યો ગયો હોય છે.

'પેન્થર' તરીકે ઓળખાતો ઉંમર રિયાઝ કાશ્મીર માટે જિહાદ ચલાવતો બંદો છે અને સ્પેશિયલ સ્કવોડના જ ઓફિસર કબીર ફારૂકીની ગોળીનું એ નિશાન બન્યો હોય છે, ભૂતકાળમાં. આતંકવાદને કંટ્રોલ કરવા માટે કામ કરતાં સંસ્થાનો અને સરકાર પણ એ ઈન્ફર્મેશનથી ચોંકી જાય છે કે ઉંમર રિયાઝ જીવે છે... તરત જ એટીએસની કામગીરી છોડી ચૂકેલાં કબીર ફારૂકીનો સંપર્ક કરવામાં આવે છે અને એને 'ઓપરેશન-પેન્થર'માં સામેલ કરવામાં આવે છે...

આ તરફ, ઓફિસર કબીર ફારૂકીનું દ્રઢપણે માનવું છે કે (જો) ઉંમર રિયાઝ જીવતો છે (તો)એ ચોક્કસ એના નાના ભાઈના નિકાહમાં ઉપસ્થિત થશે અને નિકાહ પ્રસંગે એટેક કરવા માટે એટીએસની ટીમ રૂપરેખા તૈયાર કરીને (નિકાહમાં) સામેલ થઈ જાય છે, પણ...

ખૂબ જ અલગ મૂડમિજાજની ફિલ્મો આપનારા તરીકે જાણીતા દિગ્દર્શક સુધીર મિશ્રા (યે સાલી જિંદગી, ખોયા ખોયા ચાંદ, ચમેલી, ઈસ રાત કી સુબહ નહીં) અને સચીન ક્રિશ્નએ ડિરેક્ટ કરેલી 'તનાવ' વેબસિરીઝની પ્રથમ પંદર મિનિટની આ કથા છે. સ્વાભાવિક છે કે







'તનાવ'ની પહેલી સિઝનના છ એપિસોડ એકદમ તણાવગ્રસ્ત જ બનવાના છે અને બન્યાં પણ છે, કારણ કે એ ખૂબ વખણાયેલી ઈઝરાયેલી ટીવી સિરીઝ 'ફૌદા'ની એશિયન રીમેક છે એટલે કે 'ફૌદા'માં પેલેસ્ટાઈન છે, એ 'તનાવ'માં કાશ્મીર છે. 'ફૌદા'ની ઓરિજિનલ કહાણીને આપણા અધીર ભટ્ટ અને ગગનસિંહ સેઠીએ અત્યંત ખૂબસૂરતીથી ભારતીય વાતાવરણમાં ઢાળી છે એટલે 'મની હાઈસ્ટ' પાછળ ઘેલાં થઈ ગયેલાં ચાહકોએ 'ફૌદા' ન જોઈ હોય તો 'તનાવ' એમને જરૂરથી ઉત્તેજીત કરશે.

દરઅસલ, 'ફૌદા' એક અરેબિક શબ્દ છે, જેનો અર્થ થાય છે: કેઓસ- અવ્યવસ્થા- અરાજકતા... દરેક દેશની સિસ્ટમમાં કે સિસ્ટમને કારણે કે સિસ્ટમ સામે એક પ્રકારનો અભાવ- અજંપો ને આક્રોશ લબકારાં લેતો હોય છે અને એ અરાજકતા ફેલાવવામાં નિમિત્ત પણ બનતો હોય છે.

'ફૌદા' અને 'તનાવ' તેની વાત કરે છે. 'ફૌદા'ની તો ચાર સીઝન બની ચૂકી છે અને તેણે આંતરરાષ્ટ્રીય પ્રશંસા પણ મેળવી છે. ભારતના પ્રોડકશન હાઉસ 'એપલોઝ એન્ટરટેન્મેન્ટે' તેના ઓફિશિયલ રાઈટ્સ લઈને 'તનાવ' વેબસિરીઝ બનાવી છે. પ્રથમ સીઝનના અંતમાં જ આપણને નેકસ્ટ સીઝનના સિનોપ્સીસ દેખાડવામાં આવેલા અને 'તનાવ'ની બીજી સીઝન હમણાં જ 'સોની લિવ'ના ઓટીટી પ્લેટફોર્મ પર રજૂ કરવામાં આવી છે.

રહી વાત 'તનાવ'ની બન્ને સિઝનની.

આ સીઝનનો સૌથી મોટો પ્લસ પોઈન્ટ એ છે કે તેનું મોટા ભાગનું શૂટિંગ કાશ્મીરમાં જ થયું છે. કાશ્મીરી બજારમાં થતું ફાયરિંગ, કિડનેપિંગ, ભાગાદોડી જોવામાં ખરેખર એક નવો જ રોમાંચ મળે છે. વેબસિરીઝનું કન્ટેન્ટ તો પાવરફૂલ છે જ, પણ રજત કપૂર, અરબાઝ ખાન, માનવ વીજ, ઝરીના વહાબ જેવા જાણીતા એકટર્સના પરફોર્મન્સીસ પણ કાબિલે દાદ છે.

ખાસ ઉલ્લેખ કબીર ફારૂકીનું પાત્ર ભજવતાં માનવ વીજ અને કાશ્મીરી અભિનેતા સુમિત કૌલનો કરવો પડે. સુમિત કૌલે 'તનાવ'માં ઉમર રિયાઝ પેન્થર'ના પાત્રમાં કમાલ કરી છે તો માનવ વીજ (લાલસિંહ ચઢ્ઢા, સમ્રાટ પૃથ્વીરાજ, ભારત, અંધાધૂંધ) સ્પેશિયલ સ્કવોડનો ધૂંધવાયેલાં ઓફિસર તરીકે પરફેક્ટ છે.


આ લખનારને તો માનવ વીજની સ્ક્રીન પ્રેઝન્સ સતત અનુરાગ કશ્યપની યાદ અપાવતાં રહ્યા હતા , પણ અંગત માન્યતાઓને છોડી દઈએ તો 'તનાવ'ના મોટાભાગના પરફેક્ટ કાસ્ટિંગ માટે કાસ્ટિંગ ડિરેક્ટર મુકેશ છાબરાના કામને બિરદાવવું પડે. પરફેક્ટ કાસ્ટિંગ, સયંમિત એક્ટિંગ, કાશ્મીરનું લોકલ અને ઓરિજિનલી સ્ટ્રોંગ (ફૌદાની) કહાણી... 'તનાવ'ને એક ઉત્તમ વેબસિરીઝ બનાવે છે. તમે ગેંગવોર અને મારધાડવાળી વેબસિરીઝને પસંદ કરતા હો તો 'તનાવ' વેબસિરીઝ સાર્થક એન્ટરટેન્મેન્ટ છે એમાં કોઈ શંકા રાખશો નહીં. ■

ફોકસ
રાજેશ યાજ્ઞિક

# સૌથી વધુ ફિલ્મો, સૌથી વધુ ડબલ રોલ ને ટ્રિપલ રોલ, એક જ વર્ષમાં સૌથી વધુ ફિલ્મો.....કોણ છે એ કલાકાર?!

ભારતીય સિનેમાના ઇતિહાસમાં એકએકથી ચડિયાતા કલાકારોએ લોક હૃદય પર રાજ કર્યું છે. હિન્દી ફિલ્મોમાં દિલીપ કુમાર, રાજેશ ખન્ના, અમિતાભ બચ્ચન અને શાહરુખ ખાનના નામ તરત યાદ આવે, તો દક્ષિણમાં પણ એમ જી રામચંદ્રન, રજનીકાંત, મોહનલાલ, કમલ હાસનના નામ પણ તરત યાદ આવે. એમાં કોઈ શંકા નથી કે આ બધાજ એકએક થી ચડિયાતા કલાકારો અને અતિ લોકપ્રિય સિતારા છે. પણ એક કલાકાર એવા છે, જે આ બધાને આંટી જાય તેવા સુપરસ્ટાર ગણાવાના હક્કદાર કહેવાય તેવા છે. તેમની ફિલ્મી કારકિર્દીનો ઇતિહાસ જોઈએ તો આપણે મોઢામાં આંગળા નાખી જઈએ. ઉદ્દગાર સારી પડે કે, હેં! કોઈ પોતાની કરિકિર્દીમાં આટલું બધું કામ કેવી રીતે કરી શક્યું હશે?!

આ કલાકારનું નામ છે પ્રેમ નઝીર. મલયાલમ ફિલ્મોના આ અભિનેતાના ચાહકો અગણિત હતા.તેમની જબરજસ્ત ફિલ્મી કારકિર્દી જાણવા જેવી છે. પ્રેમ નઝીરનો જન્મ ૭ એપ્રિલ ૧૯૨૭ના રોજ કેરળમાં ૨ ભાઈઓ અને ૬ બહેનોમાં થયો હતો. અહીં નોંધવું જોઈએ કે તેમની જન્મ તારીખ અને વર્ષ વિશે મતાંતર જોવા મળે છે. ક્યાંક તેમનો જન્મ ૧૯૨૬, તો ક્યાંક ૧૯૨૯ હોવાનું પણ કહેવાયું છે. ખેર, જે હોય તે, આપણે તો તેમની રસપ્રદ અભિનય યાત્રાને જાણીએ. પ્રેમ કોલેજ જતાંની સાથે જ થિયેટર ગ્રુપમાં જોડાઈ ગયા. ત્યારથી જ તેમની અભિનય કારકિર્દીની શરૂઆત પણ થઇ ગઈ. તેમના કોલેજના દિવસોમાં પ્રેમે એટલા બધાં નાટકોમાં ભાગ લીધો કે તેણે અભિનયમાં નિપુણતા મેળવી. તેમની કારકિર્દીનું પ્રથમ નાટક ધ મર્ચન્ટ ઓફ વેનિસ (૧૯૫૧) હતું, જેના માટે તેમને શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ મળ્યો હતો. તેના બીજા જ વર્ષે, એટલે કે ૧૯૫૨માં આવેલી ફિલ્મ મારુમકલથી પ્રેમે ફિલ્મોમાં પ્રવેશ કર્યો. પહેલી જ ફિલ્મમાં તેમને અબ્દુલ કાદરના નામે ક્રેડિટ મળી, જે તેમનું અસલી નામ હતું. તેણે આ વર્ષે રિલીઝ થયેલી તેની ફિલ્મ વિસાપિંટે વિલીથી લોકપ્રિયતા મેળવી હતી. અને આ ફિલ્મથી જ તેમને નામ મળ્યું 'પ્રેમ નઝિર'.


પ્રેમ નઝીર

પ્રેમનો અભિનય શરૂઆતથી જ એટલો અસરકારક હતો કે કરિકિર્દીની શરૂઆતથી જ તેમને ચાહકોનો પ્રેમ મળવા માંડ્યો. રોમેન્ટિક હીરો તરીકે તેમની ઓળખ સ્થાપિત થઇ, પણ સાથે લાગણી સભર પાત્રોમાં આંખો ભીની કરે તેવા અભિનયમાં પણ એટલા ખીલ્યા કે મહિલાઓમાં તેઓ ખૂબ લોકપ્રિય થયા. પ્રેમ નઝીરની સ્ટેજની પૃષ્ઠભૂમિ અને મલયાલમ ભાષા ઉપર અસાધારણ પ્રભુત્વએ તેમને તેમના પ્રેક્ષકોના દિલ જીતવામાં મદદ કરી. ૧૯૫૦ના અંત થી લઈને સાઠ અને સિત્તેરના દાયકામાં તેમણે મલયાલમ ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં રીતસરનું રાજ કર્યું. મલયાલમ સિનેમાને ભારતમાં એક પ્રતિષ્ઠાસભર સ્થાન અપાવવામાં તેમનો અમૂલ્ય ફાળો છે. નઝીર ફિલ્મ ઇરુટિંટે અથમાવુ (૧૯૬૭) દ્વારા ભારતના શ્રેષ્ઠ કલાકારોની હરોળમાં પહોંચી ગયા. એક ઉન્માદિત યુવાન - વેલાયધનની ભૂમિકા ભજવતા, પ્રેમ નઝીરે એક મહાન તીવ્ર નાટ્યાત્મક અભિનેતા તરીકેની તેમની પ્રતિભા લોકો સમક્ષ રજૂ કરી. ઘણા વિવેચકોએ આ ભૂમિકાને તેમની શ્રેષ્ઠ કૃતિ તરીકે અને અત્યાર સુધીના શ્રેષ્ઠ ઓનસ્કીન પ્રદર્શનમાંના એક તરીકે મૂલ્યાંકન કર્યું છે. તેમણે મલયાલમ સિનેમાની સૌ પ્રથમ ક્રાઇમ બેઝડ શ્રેણી સી.આઈ.ડી. માં પણ કામ કર્યું હતું.

પ્રેમ નઝીર એટલી હદે લોકપ્રિય હતા કે દરેકે દરેક ફિલ્મ નિર્માતા- દિગ્દર્શક તેમને પોતાની ફિલ્મમાં લેવા માગતા હતા. પ્રેમે એટલી ફિલ્મોમાં અભિનય કર્યો કે આપણને થાય, એમને શ્વાસ લેવાનો ક્યારે સમય મળતો હશે? ૧૯૭૯માં તેમની અધધ ૩૯ ફિલ્મો રિલીઝ થઈ હતી જે એક રેકોર્ડ છે.

તેમણે સૌથી વધુ, અર્થાત લગભગ ૭૦૦થી વધુ ફિલ્મોમાં અભિનય કરવાનો રેકોર્ડ પણ પોતાના નામે કર્યો હતો. આ દરમિયાન તેમણે લગભગ ૮૫ જેટલી હિરોઇનો સાથે કામ કર્યું, એ પણ પાછો એક રેકોર્ડ છે. સૌથી વધુ ડબલ રોલ, સૌથી વધુ ટ્રિપલ રોલ કરવાનો રેકોર્ડ પણ પ્રેમ નઝીર ધરાવે છે. તેમના નામે એક બીજો રેકોર્ડ છે, એક જ હિરોઈન, નામે શીલા, સાથે ૧૩૦ જેટલી ફિલ્મો કરવાનો. નવાઈ નથી કે તેમને લોકો અત્યંત પ્રેમથી નિત્યાહરિથાનાયકન (ધ એવરગ્રીન હીરો) તરીકે બોલાવતા.

પ્રેમ નઝીર, તેમના અભિનય કૌશલ્ય અને પરોપકારી પ્રયાસો બંને માટે પ્રખ્યાત છે. કેટલાક તો ત્યાં સુધી કહે છે કે એ ચર્ચાનો વિષય છે કે તેઓ એક અભિનેતા તરીકે વધુ ઉત્તમ હતા કે માનવતાવાદી તરીકે વધુ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. તેઓ એવા અભિનેતા હતા જેમની ફિલ્મ ફ્લોપ થાય તો તરત જ નિર્માતાને બીજી ફિલ્મ શરૂ કરવા કહેતા. તે પોતાના વ્યસ્ત શેડ્યૂલમાંથી તારીખો કાઢીને તે નિર્માતાની ફિલ્મો કરતા હતા, જેથી તે ખોટની ભરપાઈ કરી શકે. દિગ્દર્શક શશીકુમારની મદદથી, પ્રેમ નઝીરે મલયાલમ ઉદ્યોગના દરેક નાદાર નિર્માતાઓને નાણાકીય મદદ પૂરી પાડી, જેથી તેઓ તેમની કારકિર્દી ફરી શરૂ કરી શકે. ■

# પાંચ હીરોના ઝીરો, ૧૩૬ વર્ષ જૂના વર્લ્ડ રેકૉર્ડની બરાબરી

બેન્ગલૂરુ: ભારતે ૧૯૩૨માં ટેસ્ટ-ક્રિકેટ રમવાની શરૂઆત કરી ત્યાર બાદ ૧૯૩૩માં ઘરઆંગણે પહેલી વાર (મુંબઈમાં આઝાદ મેદાનના એસ્પ્લેનેડ મેદાન પર, ઇંગ્લૅન્ડ સામે) ટેસ્ટ રમાઈ હતી અને ત્યારથી માંડીને અત્યાર સુધીમાં (ગુરુવાર, ૧૭મી ઑક્ટોબર પહેલાં) ૭૫ રન ભારતનો ઘરઆંગણે ટેસ્ટનો સૌથી નીચો ટીમ-સ્કોર હતો, પરંતુ ગુરુવારે એ સ્કોર ભૂતકાળ બની ગયો હતો. થેન્ક્સ ટુ રોહિત શર્મા ઍન્ડ કંપની, ભારતીય ટીમ ન્યૂ ઝીલૅન્ડ સામે પ્રથમ ટેસ્ટના બીજા દિવસે પહેલા દાવમાં માત્ર ૪૬ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી અને હવે ઘરઆંગણે આ ભારતનો લોએસ્ટ સ્કોર છે. ખાસ કરીને, ભારતના પાંચ બૅટર ઝીરોમાં આઉટ થયા હતા. ટેસ્ટજગતના ૧૪૭ વર્ષના ઇતિહાસમાં બીજી વાર બન્યું છે જેમાં ટોચના આઠમાંથી પાંચ બૅટર શૂન્યમાં વિકેટ ગુમાવી બેઠા છે. એ રીતે, ભારતીય ટીમે ૧૩૬ વર્ષ જૂના વિશ્વ વિક્રમની બરાબરી કરી છે.



ગુરુવારે બેન્ગલૂરુમાં ઝીરોમાં આઉટ થયેલા (ડાબેથી) વિરાટ કોહલી, સરફરાઝ ખાન, કેએલ રાહુલ, રવીન્દ્ર જાડેજા અને આર. અશ્વિન. ભારતે ૧૫ રનમાં છેલ્લી સાત વિકેટ ગુમાવી હતી. ૧૨ વર્ષમાં પહેલી વાર એક દાવમાં ભારતની તમામ ૧૦ વિકેટ પેસ બોલર્સે લીધી છે. (પીટીઆઇ)

ભારતીય ટીમે ૪૬ રનમાં ઑલઆઉટ થઈ ગયા પછી ન્યૂ ઝીલૅન્ડે ત્રણ વિકેટે ૧૮૦ રન બનાવ્યા હતા. ડેવૉન કૉન્વે (૯૧ રન, ૧૦૫ બૉલ, ત્રણ સિક્સર, અગિયાર ફોર) નવ રન માટે સેન્ચુરી ચૂકી ગયો હતો. જોકે કિવીઓની ટીમે ૧૩૪ રનની જે સરસાઈ લીધી એમાં તેનું સૌથી મોટું યોગદાન હતું.

ભારતના પાંચ સ્ટાર બૅટર (કોહલી, સરફરાઝ, રાહુલ, જાડેજા, અશ્વિન) ઝીરોમાં આઉટ થયા હતા. આવું ટેસ્ટના ઇતિહાસમાં અગાઉ ૧૮૮૮માં (૧૩૬ વર્ષ પહેલાં) બન્યું હતું જેમાં મૅન્ચેસ્ટરમાં ઇંગ્લૅન્ડ સામે ઑસ્ટ્રેલિયાના ટોચના આઠમાંથી પાંચ બૅટર (ઍલેક બૅનરમન, પર્સી મૅક્ડોનેલ, હૅરી ટ્રૉટ, જ્યોર્જ બૉનર અને સૅમી વૂડ્સ) ખાતુ ખોલાવતાં પહેલાં જ આઉટ થઈ ગયા હતા.

ટેસ્ટના ઇતિહાસમાં કોઈ ટીમે બૅટિંગ પસંદ કરી હોય અને આખી ટીમ સસ્તામાં આઉટ થઈ ગઈ હોય એવા ઊડીને આંખે વળગે એવા કિસ્સાઓમાં ભારતના ૪૬ રન ચોથા નંબરે છે. આ પ્રકારના પહેલા ત્રણ લોએસ્ટ સ્કોર આ મુજબ છે: ઑસ્ટ્રેલિયા સામે સાઉથ આફ્રિકાના ૩૬ રન, ઑસ્ટ્રેલિયા સામે ન્યૂ ઝીલૅન્ડના ૪૨ રન અને સાઉથ આફ્રિકા સામે ન્યૂ ઝીલૅન્ડના ૪૫ રન. ભારતના ૪૬ રન એશિયા ખંડના મેદાનો પર રમાયેલી તમામ ટેસ્ટ મૅચોમાં લોએસ્ટ સ્કોર છે. એ સાથે, વેસ્ટ ઇન્ડિઝના ૫૩ ઑલઆઉટ (૧૯૮૬માં ફૈસલાબાદમાં પાકિસ્તાન સામે)નો રેકૉર્ડ તૂટ્યો છે. ભારતના ૪૬ રન ન્યૂ ઝીલૅન્ડ સામે સૌથી નીચો ટેસ્ટ સ્કોર છે. ■

## ભારતના ૪૬ રન: ટેસ્ટ જગતમાં ફૉર્થ-લોએસ્ટ અને એશિયામાં લોએસ્ટ સ્કોર

### ભારતની કમનસીબ ઈનિંગ્સનો સ્કોર બોર્ડ

યશસ્વી કૉ. એજાઝ બો. ઑ'રુરકી...૧૩
રોહિત બો. સાઉધી...૨
કોહલી કૉ. ફિલિપ્સ બો. ઑ'રુરકી...૦
સરફરાઝ કૉ. કૉન્વે બો. હેન્રી...૦
પંત કૉ. લૅથમ બો. હેન્રી...૨૦
રાહુલ કૉ. બ્લન્ડેલ બો. ઑ'રુરકી...૦
જાડેજા કૉ. એજાઝ બો. હેન્રી...૦
અશ્વિન કૉ. ફિલિપ્સ બો. હેન્રી...૦
કુલદીપ કૉ. (સબ) બ્રેસવેલ બો. હેન્રી...૨
બુમરાહ કૉ. હેન્રી બો. ઑ'રુરકી...૧
સિરાજ અણનમ...૪
વધારાના રન...૪
કુલ સ્કોર...૩૧.૨ ઓવરમાં ૪૬ રન

**કયા સ્કોર પર કોણ આઉટ થયું?**

૧-૯ (રોહિત), ૨-૯ (કોહલી), ૩-૧૦ (સરફરાઝ), ૪-૩૧ (યશસ્વી), ૫-૩૩ (રાહુલ), ૬-૩૪ (જાડેજા), ૭-૩૪ (અશ્વિન), ૮-૩૯ (પંત), ૯-૪૦ (બુમરાહ) અને ૧૦-૪૬ (કુલદીપ). ■

## કેદારની ટીમ લેજન્ડ્સ લીગમાં ચૅમ્પિયન

શ્રીનગર: કેદાર જાધવના સુકાનમાં સધર્ન સુપરસ્ટાર્સ ટીમે બુધવારે અહીં ફાઇનલમાં ઇરફાન પઠાણના સુકાનવાળી કોનાર્ક સૂર્યાઝ ઑડિશાની ટીમને ટાઇ પછીની સુપર ઓવરમાં હરાવીને ટ્રૉફી જીતી લીધી હતી. શ્રીનગરના બક્ષી સ્ટેડિયમમાં ૩૦,૦૦૦ પ્રેક્ષકોએ આ રોમાંચક મુકાબલો માણ્યો હતો.

સધર્નની ટીમે ટૉસ જીત્યા બાદ ઝિમ્બાબ્વેના હૅમિલ્ટન માસાકાદઝા (૮૩ રન, ૫૮ બૉલ, પાંચ સિક્સર, આઠ ફોર)ની ધમાકેદાર ઇનિંગ્સની મદદથી ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૬૪ રન બનાવ્યા હતા જેમાં પવન નેગીના ૩૩ રન અને માર્ટિન ગપ્ટિલના ૨૭ રન પણ હતા. દિલશાન મુનાવીરાએ નવ રનમાં ચાર વિકેટ લીધી હતી.

કોનાર્કની ટીમે પણ ૨૦ ઓવરમાં યુસુફ પઠાણ (૮૫ રન, ૩૮ બૉલ, આઠ સિક્સર, છ ફોર)ની દમદાર ઇનિંગ્સની મદદથી તેમ જ કેવિન ઓબ્રાયનના ૧૭ રનની મદદથી નવ વિકેટે ૧૬૪ રન બનાવ્યા હતા. સધર્નના હમીદ હસન, અબ્દુર રઝાક, નેગી અને ચતુરંગા ડિસિલ્વાએ બે-બે વિકેટ લીધી હતી.

સુપર ઓવરમાં કોનાર્કના સુકાની ઇરફાન પઠાણ અને તેના મોટા ભાઈ યુસુફે કુલ ૧૪ રન બનાવ્યા હતા. ૧૫ રનના લક્ષ્યાંક સામે સધર્ન વતી ગપ્ટિલે પહેલા બે બૉલમાં સિક્સર ફટકારી હતી.

દિવેશ પઠાણિયાએ તેને આઉટ કર્યો હતો, પણ સધર્ને પાંચ જ બૉલમાં ટાર્ગેટ મેળવીને વિજેતાપદ મેળવ્યું હતું. આ ટૂર્નામેન્ટમાં ક્રિસ ગેઇલ, ઇયાન બેલ તેમ જ શિખર ધવન પણ રમ્યા હતા. ■

## ભારતીય ટેસ્ટ ટીમને વધુ એક ઝટકો! પંતને સર્જરીવાળા ઘૂંટણ પર બૉલ વાગ્યો



બેન્ગલૂરુ: ટીમ ઇન્ડિયા માટે ગુરુવારનો દિવસ કોઈ રીતે સારો ન રહ્યો. પહેલા તો ઘરઆંગણે ભારતનો સૌથી નીચો ટેસ્ટ-સ્કોર (૪૬/૧૦) નોંધાયો અને ત્યાર બાદ બીજા દિવસની રમત ન્યૂ ઝીલૅન્ડના સન્માનજનક સ્કોર (૧૮૦/૩) સાથે પૂરી થઈ એ પહેલાં સ્ટાર ખેલાડી અને વિકેટકીપર રિષભ પંત અચાનક મેદાન પરથી જતો રહ્યો હતો.

વાત એવી છે કે ન્યૂ ઝીલૅન્ડની ઇનિંગ્સની ૩૭મી ઓવરના છેલ્લા બૉલમાં પંતને ઘૂંટણમાં ઈજા થઈ હતી.

રવીન્દ્ર જાડેજાએ ૩૭મી ઓવર કરી હતી. તેના અંતિમ બૉલમાં ઓપનર ડેવૉન કૉન્વે (૯૧ રન) સ્ટ્રાઇક પર હતો. જાડેજાએ એ બૉલ કૉન્વેના ફૂટમાર્કની નજીક ફેંક્યો હતો. બૉલ અચાનક ઝડપથી ફરી ગયો હતો. કૉન્વેએ શૉટ મારવાની કોશિશ કરી, પણ એમાં તે નિષ્ફળ રહેતા બૉલ સ્ટમ્પ્સની નજીક થઈને વિકેટકીપર રિષભ પંત તરફ ગયો હતો. પંત સ્ટમ્પિંગના પ્રયાસમાં બૉલ નહોતો પકડી શક્યો અને બૉલ તેના જમણા ઘૂંટણની કિનારી પર લાગ્યો હતો. બૉલ વાગતાં જ પંત નીચે પડ્યો હતો અને દુખાવાને કારણે ખૂબ પરેશાન લાગ્યો હતો. રમત અટકાવી દેવામાં આવી અને તરત જ ટીમ ઇન્ડિયાના ફિઝિયોથેરપિસ્ટ મેદાન પર દોડી આવ્યા હતા. પંત ઊભો નહોતો થઈ શક્તો.

ફિઝિયોના કહ્યા મુજબ પંતે એ પગનું પૅડ ઉતારી નાખ્યું હતું. પંત આ ઈજાને કારણે ત્યારે વધુ રમી નહીં શકે એવું લાગતાં તરત જ રિઝર્વ વિકેટકીપર ધ્રુવ જુરેલને બોલાવવામાં આવ્યો હતો. જુરેલ પૅડ પહેરીને ગણતરીની ક્ષણોમાં મેદાન પર પહોંચી ગયો હતો.

દરમ્યાન પંત ટીમના સપોર્ટ સ્ટાફની મદદથી મેદાનની બહાર ગયો હતો. વધુ ખેદજનક વાત એ છે કે પંતને જમણા ઘૂંટણમાં ઈજા થઈ છે અને બે વર્ષ પહેલાં કાર-અકસ્માતમાં તેને જમણા ઘૂંટણમાં ગંભીર ઈજા થઈ હતી અને તેણે એની સર્જરી કરાવી હતી.

ગુરુવારનો બીજો દિવસ પૂરો થઈ ગયો, પરંતુ શુક્રવારના ત્રીજા દિવસે શરૂઆતથી જ પંત વિકેટકીપિંગ કરવા પાછો મેદાન પર આવશે કે કેમ એમાં શંકા છે.

ગુરુવારે સવારે ભારતની ટીમ માત્ર ૪૬ રનમાં ઑલઆઉટ થઈ ગઈ એમાં પંતના ૨૦ રન સેકન્ડ-હાઇએસ્ટ હતા. એ ૨૦ રન તેણે ૭૮ મિનિટ સુધી ક્રીઝ પર ઊભા રહીને ૪૯ બૉલમાં બે ફોરની મદદથી બનાવ્યા હતા. ■

## ટેસ્ટ ક્રિકેટમાં ભારતના સૌથી નીચા સ્કોર કયા છે જાણો છો? ચાલો, એક નજર કરી લઈએ...



ડેવૉન કૉન્વેએ મિડ-ઑફમાં સરફરાઝ ખાનનો અફલાતૂન કૅચ પકડ્યો હતો.

બેન્ગલૂરુ: ભારતીય ટેસ્ટ ટીમ પોતાના સૌથી નીચા ટેસ્ટ-સ્કોર (૩૬/૧૦)માં ઑલઆઉટ થઈ ગઈ એને માંડ ચાર વર્ષ થયા છે ત્યાં ટીમ ઇન્ડિયાએ ઘરઆંગણે લોએસ્ટ સ્કોરની નામોશી જોવડાવી છે.

ગઈ કાલે ન્યૂ ઝીલૅન્ડ સામેની પ્રથમ ટેસ્ટમાં બૅટિંગ લીધા પછી ભારતીય ટીમ માત્ર ૪૬ રનમાં ઑલઆઉટ થઈ ગઈ જે ઘરઆંગણે ભારતનો નવો સૌથી નીચો સ્કોર છે.

પાંચ બૅટર ઝીરોમાં આઉટ થઈ ગયા જેને કારણે હોમ-ગ્રાઉન્ડ પર ભારતીય ટીમ પહેલી વાર ૫૦ રન પણ ન બનાવી શકી.

ન્યૂ ઝીલૅન્ડ સામેની ઘરઆંગણાની ટેસ્ટમાં ભારતીય ટીમના પાંચ બૅટર ખાતુ પણ ન ખોલાવી શક્યા એવું પચીસ વર્ષે ફરી બન્યું છે. ૧૯૯૯માં મોહાલી ટેસ્ટમાં પણ કિવીઓ સામે આવું બન્યું હતું.

ઘરઆંગણે ભારતનો અગાઉનો લોએસ્ટ ટેસ્ટ સ્કોર ૩૭ વર્ષ પહેલાં નોંધાયો હતો જેમાં ભારતીય ટીમ નવેમ્બર, ૧૯૮૭માં દિલ્હીમાં ૭૫ રનમાં આઉટ થઈ હતી. ■

### ભારતના લોએસ્ટ સ્કોર આ મુજબના છે...

**ઘરઆંગણે:** (૧) ૩૧.૨ ઓવરમાં ૪૬ રન, ૨૦૨૪માં બેન્ગલૂરુમાં ન્યૂ ઝીલૅન્ડ સામે (૨) ૩૦.૪ ઓવરમાં ૭૫ રન, ૧૯૮૭માં દિલ્હીમાં વેસ્ટ ઇન્ડિઝ સામે (૩) ૨૦ ઓવરમાં ૭૬ રન, ૨૦૦૮માં અમદાવાદમાં સાઉથ આફ્રિકા સામે (૪) ૨૭ ઓવરમાં ૮૩ રન, ૧૯૯૯માં મોહાલીમાં ન્યૂ ઝીલૅન્ડ સામે (૫) ૩૩.૩ ઓવરમાં ૮૮ રન, ૧૯૬૫માં બ્રેબૉર્ન સ્ટેડિયમમાં ન્યૂ ઝીલૅન્ડ સામે.

**વિદેશમાં:** (૧) ૨૧.૨ ઓવરમાં ૩૬ રન, ૨૦૨૦માં ઍડિલેઇડમાં ઑસ્ટ્રેલિયા સામે (૨) ૧૭ ઓવરમાં ૪૨ રન, ૧૯૭૪માં લૉર્ડ્સમાં ઇંગ્લૅન્ડ સામે (૩) ૨૧.૩ ઓવરમાં ૫૮ રન, ૧૯૪૭માં (ઓવર દીઠ આઠ બૉલનો નિયમ) ઑસ્ટ્રેલિયા સામે (૪) ૨૧.૪ ઓવરમાં ૫૮ રન, ૧૯૫૨માં મૅન્ચેસ્ટરમાં ઇંગ્લૅન્ડ સામે (૫) ૩૪.૧ ઓવરમાં ૬૬ રન, ૧૯૯૬માં ડરબનમાં સાઉથ આફ્રિકા સામે. ■

## હરમનપ્રીત કૌર જ કૅપ્ટન: રિચા બારમાની પરીક્ષાને કારણે કિવીઓ સામે નહીં રમે

નવી દિલ્હી: ભારતીય મહિલા ટીમ ટી-૨૦ વર્લ્ડ કપમાંથી વહેલી આઉટ થઈ ગઈ એમ છતાં હરમનપ્રીત કૌરને જ ન્યૂ ઝીલૅન્ડ સામેની આગામી વન-ડે સિરીઝ માટેની ટીમનું સુકાન સોંપવામાં આવ્યું છે. શ્રેણી ૨૪મી ઑક્ટોબરે શરૂ થશે. ૨૧ વર્ષની વિકેટકીપર રિચા ઘોષ બારમા ધોરણની પરીક્ષા આપવાની હોવાથી આ સિરીઝમાં નહીં રમે. બોલર પૂજા વસ્ત્રાકરને આરામ અપાયો છે અને આશા શોભનાને ઈજાને કારણે ટીમમાં નથી સમાવવામાં આવી.

ભારતની મહિલા ટીમ યુએઇમાં ચાલી રહેલા ટી-૨૦ વર્લ્ડ કપની સેમિ ફાઇનલમાં પણ નહોતી પહોંચી શકી.

ન્યૂ ઝીલૅન્ડ સામેની મૅચો અમદાવાદમાં રમાશે અને એ સાથે આવતા વર્ષે ભારતમાં રમાનારા મહિલાઓના વન-ડે વર્લ્ડ કપ માટેની તૈયારી પણ શરૂ કરી દીધી કહેવાશે.





ભારતીય ટીમ: હરમનપ્રીત કૌર (કૅપ્ટન), સ્મૃતિ મંધાના (વાઇસ-કૅપ્ટન), શેફાલી વર્મા, ડી. હેમલતા, દીપ્તિ શર્મા, જેમાઇમા રૉડ્રિગ્સ, યસ્તિકા ભાટિયા (વિકેટકીપર), ઉમા ચેટ્રી (વિકેટકીપર), સાયલી સતગરે, અરુંધતી રેડ્ડી, રેણુકા સિંહ ઠાકુર, તેજલ હસબનીસ, સાઇમા ઠાકોર, પ્રિયા મિશ્રા, શ્રેયંકા પાટીલ અને રાધા યાદવ.

## શૂટિંગના વર્લ્ડ કપમાં ભારતને મળ્યો એક સિલ્વર અને એક બ્રૉન્ઝ

નવી દિલ્હી: પાટનગર દિલ્હીમાં નિશાનબાજીનો આઇએસએસએફ વર્લ્ડ કપ ચાલી રહ્યો છે અને એમાં બુધવારે અખિલ શોરેન ૫૦ મીટર રાઇફલ-થ્રી પૉઝિશન્સ કૅટેગરીમાં બ્રૉન્ઝ મેડલ જીત્યો ત્યાર બાદ ગુરુવારે ભારતને વધુ બે ચંદ્રક મળ્યા હતા જેમાં એક સિલ્વર અને એક બ્રૉન્ઝ મેડલ હતો.

વિવાન કપૂરે મેન્સ ટ્રૅપ ઇવેન્ટમાં રજતચંદ્રક જીતી લીધો હતો, જ્યારે અનંત જીત નારુકાએ મેન્સ સ્કીટ હરીફાઈમાં કાંસ્યચંદ્રક મેળવ્યો હતો. એ સાથે, વર્લ્ડ કપના આ તબક્કામાં ભારતે ચાર મેડલ જીતી લીધા છે.



વિવાન કપૂર જીત્યો રજત અને નારુકાને મળ્યો કાંસ્ય. (પીટીઆઇ)

વિવાને ૪૪ શૉટ્સ સાથે બીજું સ્થાન મેળવ્યું હતું. ચીનનો યિન્ગ કી સુવર્ણ અને ટર્કીનો એન. ટુન્સેર કાંસ્ય જીત્યો હતો.

બુધવારે અખિલ શોરેને વર્લ્ડ કપમાં સનસનાટી મચાવી દીધી હતી. તેણે તાજેતરની પૅરિસ ઑલિમ્પિક્સમાં ગોલ્ડ મેડલ જીતનાર ચીનના લિઉ યુકુનને બ્રૉન્ઝ માટેની હરીફાઈમાં હરાવી દીધો હતો. ■

## પાકિસ્તાન બીજી ટેસ્ટ પણ હારી શકે

મુલતાન: પાકિસ્તાન અહીં ઇંગ્લૅન્ડ સામેની બીજી ટેસ્ટમાં પણ હારી શકે એમ છે. જોકે ૨૯૭ રનના લક્ષ્યાંક મળ્યા બાદ ૩૬ રનમાં બે વિકેટ ગુમાવનાર બ્રિટિશ ટીમનો ધબડકો થશે તો પાકિસ્તાન જીતીને શ્રેણી ૧-૧થી બરાબરીમાં લાવી શકે.

પાકિસ્તાનના ૩૬૬ રનના જવાબમાં ઇંગ્લૅન્ડે ૨૯૧ રન બનાવ્યા બાદ પાકિસ્તાન બીજા દાવમાં શોએબ બશીરની ચાર વિકેટને લીધે ૨૨૧માં ઑલઆઉટ થઈ ગયું હતું. ત્રીજા દિવસની રમતને અંતે ઑલી પૉપ ૨૧ રને અને જો રૂટ ૧૨ રને રમી રહ્યો હતો. ■

## 'મેં પિચ ચકાસવામાં ભૂલ કરી, ઠીક છે... વર્ષમાં બે-ત્રણ વાર આવું થાય'





કૅપ્ટન રોહિત શર્મા ગઈકાલે બેંગ્લૂરુમાં ભારતની ૪૬ રનની નામોશી બાદ બેહદ હતાશ હતો. તેણે ફિલ્ડિંગમાં પણ કચાશ બતાવી હતી. (પીટીઆઇ)

## 'ભાઈ, યે તો શુરૂ હોતે હી ખતમ હો ગયા યાર...'

### ટીમ ઇન્ડિયાની નામોશીથી દુખી થનારને હસાવી દે એવા મીમ્સ મીડિયામાં વાઈરલ થયા

બેન્ગલૂરુ: દુ:ખ, પીડા, વ્યથા વગેરે વગેરે...આ ઉપરાંત અહીં બીજા ઘણા શબ્દો ભારતની ન્યૂ ઝીલૅન્ડ સામેની પ્રથમ ટેસ્ટની પહેલી ઇનિંગ્સ (૪૬/૧૦) માટે ફિટ બેસે એવા છે.

રોહિત શર્મા ઍન્ડ કંપનીએ અહીં એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં જે પર્ફોર્મ કર્યું એનાથી કરોડો ભારતીય ક્રિકેટપ્રેમીઓ હેરાન-પરેશાન છે. અનેક સ્ટાર ખેલાડીઓનો સમાવેશ ધરાવતી ભારતીય ટીમ કેમ ૩૧.૨ ઓવરમાં માંડ ૪૬ રન બનાવીને ઑલઆઉટ થઈ ગઈ એ જ નથી સમજાતું.

આ અત્યંત ખરાબ ઇનિંગ્સ બદલ તમે નિરાશ-હતાશ જરૂર હશો, પરંતુ સોશિયલ મીડિયામાં એવા કેટલાક મીમ્સ ફરી રહ્યા છે જે જોઈને તમારા ચહેરા પર થોડું સ્મિત તો આવી જ જશે...તમે કદાચ ખડખડાટ હસી પણ પડશો.

એક તો વરસાદને કારણે બુધવારની પ્રથમ દિવસની રમત નહોતી થઈ શકી અને ગુરુવારના બીજા દિવસે ટીમના ધબડકા (૧૩/૩) બાદ ફરી વરસાદનું વિઘ્ન આવ્યું હતું. ત્યાર પછી લંચ સુધીમાં ભારતે બીજી ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી અને ટીમનો સ્કોર હતો ફક્ત ૩૪ રન. આપણા હતાશ ખેલાડીઓ બરાબર જમ્યા પણ નહીં હોય, અને લંચના બ્રેક બાદ જોત જોતાંમાં (બીજા ૧૨ રનમાં) બાકીની ચાર વિકેટ પડી ગઈ હતી અને ઘરઆંગણે ૪૬ રનનો લોએસ્ટ સ્કોર રેકૉર્ડ-બુકમાં આવી જવાને કારણે ટીમ ઇન્ડિયાની છાવણીમાં સન્નાટો છવાઈ ગયો હતો.

વિરાટ કોહલી સહિત પાંચ ભારતીય બૅટર ખાતું ખોલાવ્યા વગર પૅવિલિયન ભેગા થઈ ગયા હતા. યશસ્વી જયસ્વાલ (૬૩ બૉલમાં ૧૩ રન) અને વિકેટકીપર રિષભ પંત (૪૯ બૉલમાં ૨૦ રન) સિવાય બીજો કોઈ બૅટર ડબલ ડિજિટમાં રન નહોતો બનાવી શક્યો. સિક્સરની તો વાત જવા દો, ત્રણ જ બૅટર ફોર ફટકારવામાં સફળ થયા હતા અને એમાંનો એક હતો પેસ બોલર મોહમ્મદ સિરાજ!



બુમરાહ (ડાબે)ને ગઈ કાલે વિકેટ નહોતી મળી. રોહિતે કહ્યું, 'મેં પિચ ચકાસવામાં ભૂલ કરી. જોકે ૩૬૫ દિવસમાં બે-ત્રણ ખરાબ નિર્ણય લેવાય એમાં કંઈ ખોટું નથી.' મૅટ હેન્રી (જમણે)એ ૧૫ રનમાં પાંચ વિકેટ લીધી હતી. (પીટીઆઇ)

એક મીમ એવું છે જેમાં વિરાટ સહિતના આરસીબીના ખેલાડીઓ પોતાનો ૪૯ ઑલઆઉટનો રેકૉર્ડ ટીમ ઇન્ડિયાએ બ્રેક કર્યો એ બદલ આનંદના અતિરેકમાં દોટ લગાવી રહ્યા હોય એવી તસવીર મીડિયામાં પોસ્ટ કરવામાં આવી હતી. બીજું મીમ પણ કંઈક એવું જ છે. ત્રીજા મીમમાં ભારતના કમનસીબ સ્કોર-કાર્ડ સાથે 'લગે રહો મુન્નાભાઈ'ના ઍક્ટર્સ સંજય દત્ત અને અર્શદ વારસીને બતાવવામાં આવ્યા છે જેમાં સંજયને અર્શદ કહી રહ્યો છે, 'ભાઈ, યે તો શુરૂ હોતે હી ખતમ હો ગયા યાર...'

ચોથા મીમમાં ટેસ્ટ ટીમમાંથી દૂર કરવામાં આવેલા ચેતેશ્વર પુજારા તથા અજિંક્ય રહાણેને યાદ કરવામાં આવ્યા છે. હેડ-કોચ ગૌતમ ગંભીર કૅપ્ટન રોહિત શર્માને ડ્રેસિંગ-રૂમમાં 'આવકારી રહ્યો હોય' એવી ટકોરવાળું મીમ પણ બનાવાયું છે.

હવે ભારતીય ટીમ માટે આ ટેસ્ટમાં બચવું મુશ્કેલ છે, કારણકે ટૉમ લૅથમની ટીમે ઘણી સરસાઈ લઈ લીધી છે. જોકે ઉલ્લેખનીય છે કે પ્રથમ દાવના રકાસ બાદ એ જ ટીમે વિજય મેળવ્યો હોય અથવા મૅચ ડ્રોમાં લઈ જવામાં સફળ થઈ હોય એવા અસાધારણ કિસ્સા પણ ટેસ્ટ-ક્રિકેટમાં બની ચૂક્યા છે. ■

# બૅન્કિંગ અને ઑટો શૅરોમાં વેચવાલીના દબાણે સેન્સેક્સ નિફ્ટી બે મહિનાના તળિયે

## એફઆઈઆઈની ₹ ૭૪૨૧.૪૦ કરોડની ચોખ્ખી વેચવાલી, રોકાણકારોની સંપત્તિમાં ₹ છ લાખ કરોડનું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અવિરત વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હતું અને વધુ રૂ. ૭૪૨૧.૪૦ કરોડની ચોખ્ખી વેચવાલી રહેવાની સાથે આજે મુખ્યત્વે ઑટો અને રિઅલ્ટી ક્ષેત્રોના શૅરોમાં તેમ જ ચોક્કસ બૅન્કના શૅરોમાં આક્રમક વેચવાલીનું દબાણ રહેતાં આજે બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સ અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૪૯૪.૭૫ પૉઈન્ટ અને ૨૨૧.૪૫ પૉઈન્ટના કડાકા સાથે બે મહિના અથવા તો ગત ૨૧ ઑગસ્ટ પછીના તળિયે પહોંચ્યો હતો. આમ સતત આજે ત્રીજા સત્રમાં બજારમાં પીછેહઠ જોવા મળી હતી. તેમ જ આજે બજારમાં બોલાયેલા કડાકામાં રોકાણકારોની સંપત્તિમાં અંદાજે રૂ. છ લાખ કરોડનું ધોવાણ થઈ ગયું હતું.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૮૧,૫૦૧.૩૬ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૧,૭૫૮.૦૭ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૦,૯૦૫.૬૪ અને ઉપરમાં ૮૧,૭૮૧.૪૦ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૪૯૪.૭૫ પૉઈન્ટ અથવા તો ૦.૬૧ ટકા વધીને ૮૧,૦૦૬.૬૧ના મથાળે બંધ રહ્યો હતો. આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી માત્ર નવ શૅરના ભાવ વધીને બંધ રહ્યા હતા, જ્યારે ૨૧ શૅરના ભાવ ઘટી આવ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર આજે ૪૦૬૪ શૅરોમાં કામકાજ થયાં હતાં, જેમાંથી ૧૨૧૯ શૅરના ભાવ વધીને ૨૭૫૪ શૅરના ભાવ ઘટીને અને ૯૧ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. આજે બજારમાં પીછેહઠ જળવાઈ રહેતાં બીએસઈ ખાતે લિસ્ટેડ થયેલા શૅરોમાં રોકાણકારોની સંપત્તિ ૬,૦૩,૮૬૨.૦૬ કરોડના ધોવાણ સાથે રૂ. ૪,૫૭,૨૫,૧૮૩.૦૧ કરોડ (૫.૪૪ ટ્રિલિયન ડૉલર)ના સ્તરે રહી હોવાના તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૪,૯૭૧.૩૦ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૨૫,૦૨૭.૪૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૪,૭૨૮.૯૦ અને ઉપરમાં ૨૫,૦૨૯.૫૦ની રેન્જમાં રહીને અંતે ગઈકાલના બંધ સામે ૨૨૧.૪૫ પૉઈનટ અથવા તો ૦.૮૯ ટકા ઘટીને ૨૪,૭૪૯.૮૫ના મથાળે બંધ રહ્યો હતો. તેમ જ નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી નવ શૅરના ભાવ વધીને અને ૪૧ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા.




એકંદરે આજે આઈટી અને ટેક્નોલૉજી ક્ષેત્રના શૅરોને બાદ કરતાં સાર્વત્રિક સ્તરેથી અને તેમાં પણ ખાસ કરીને આ વર્ષે તહેવારોની મોસમમાં વેચાણ નબળું રહેવાના અંદાજે મુકાઈ રહ્યા હોવાથી ઑટોમોબાઈલ, રિઅલ્ટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને ફાઈનાન્સ ક્ષેત્રના શૅરોમાં વેચવાલીનું વ્યાપક દબાણ રહેતાં બજારમાં પીછેહઠ જોવા મળી હોવાનું જિઓજીત ફાઈનાન્સિયલ સર્વિસીસનાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

વધુમાં આજે બજાજ ઑટોનાં નબળા પરિણામોને પગલે ઑટો ક્ષેત્રે સાર્વત્રિક સ્તરેથી વેચવાલીનું દબાણ વધવાની સાથે બૅન્કિંગ ક્ષેત્રના હેવીવેઈટ શૅરોમાં પણ વેચવાલી વધતાં શૅર આંક દબાણ હેઠળ રહ્યા હતા. જોકે, માત્ર આઈટી ક્ષેત્રના શૅરોમાં સુધારો ઘટાડો મર્યાદિત રાખવામાં સફળ રહ્યા હોવાનું રેલિગેર બ્રોકિંગ લિ.નાં રિસર્ચ વિભાગનાં સિનિયર વાઈસ પ્રેસિડૅન્ટ અજીત મિશ્રાએ જણાવ્યું હતું.

આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ઈન્ફોસિસનાં પ્રોત્સાહક પરિણામે ભાવમાં સૌથી વધુ ૨.૫૮ ટકાનો સુધારો જોવા મળ્યો હતો, જ્યારે અન્ય મુખ્ય વધનાર શૅરોમાં ટૅક મહિન્દ્રામાં ૨.૩૯ ટકાનો, પાવરગ્રીડ કોર્પોરેશનમાં ૧.૨૮ ટકાનો, લાર્સન ઍન્ડ ટૂબ્રોમાં ૧.૧૩ ટકાનો, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં ૦.૬૩ ટકાનો અને ટીસીએસમાં ૦.૨૮ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે તેની સામે નબળા પરિણામો આવતા નેસ્લેમાં સૌથી વધુ ૩.૩૫ ટકાનો કડાકો બોલાઈ ગયો હતો.

આ સિવાય અન્ય મુખ્ય ઘટનાર શૅરોમાં મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૩.૩૨ ટકાનો, અલ્ટ્રાટેક સિમેન્ટમાં ૨.૭૦ ટકાનો, બજાજ ફિનસર્વમાં ૨.૨૮ ટકાનો, ટિટાનમાં ૧.૯૯ ટકાનો અને ટાટા સ્ટીલમાં ૧.૮૭ ટકાનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં અનુક્રમે ૧.૬૫ ટકા અને ૧.૪૨ ટકાનું ગાબડું પડ્યું હતું.

આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડાઈસીસમાં માત્ર આઈટી ઈન્ડેક્સમાં ૧.૧૩ ટકાનો અને ટેક્નોલૉજી ઈન્ડેક્સમાં ૦.૫૫ ટકાનો સુધારો આવ્યો હતો. આ સિવાયના તમામ ઈન્ડાઈસીસ ઘટીને બંધ રહ્યા હતા.

જેમાં મુખ્યત્વે રિઅલ્ટી ઈન્ડેક્સમાં ૩.૭૬ ટકાનો, ઑટો ઈન્ડેક્સમાં ૩.૪૮ ટકાનો, કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં ૨.૨૮ ટકાનો, ટેલિકોમ ઈન્ડેક્સમાં ૨.૧૩ ટકાનો અને એફએમસી ઈન્ડેક્સમાં ૧.૬૧ ટકાનો ઘટાડો આવ્યો હતો.

દરમિયાન આજે એશિયન બજારોમાં સિઉલ, ટોકિયો, શાંઘાઈ અને હૉંગકૉંગની બજાર નરમાઈનાં અન્ડરટોને બંધ રહી હતી, જ્યારે યુરોપિયન બજારોમાં મધ્યસત્ર દરમિયાન સુધારાતરફી વલણ જોવા મળી રહ્યું હતું. તેમ જ આજે આ અહેવાલ લખાઈ રહ્યો છે ત્યારે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨૭ ટકા વધીને બેરલદીઠ ૭૪.૪૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ■

# ડૉલર સામે રૂપિયો ચાર પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અવિરત વેચવાલી અને ઈક્વિટી માર્કેટમાં નરમાઈતરફી વલણ જળવાઈ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ચાર પૈસાના ઘટાડા સાથે ૮૪.૦૬ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં નરમાઈતરફી વલણ જળવાઈ રહેવાને કારણે રૂપિયામાં મોટો ઘટાડો અટક્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૪.૦૨ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૪.૦૧ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪.૦૭ અને ઉપરમાં ૮૩.૯૯ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ચાર પૈસા ઘટીને ૮૪.૦૬ના મથાળે બંધ રહ્યો હતો.

હાલના તબક્કે ડૉલરમાં મજબૂતી અને ઈક્વિટી માર્કેટની નરમાઈને કારણે રૂપિયો દબાણ હેઠળ આવી રહ્યો છે. જોકે, ઈઝરાયલે ઈરાનના તેલના મથકો પર હુમલો કરવામાં નહીં આવે એવું જણાવ્યા બાદ ક્રૂડતેલના ભાવમાં આવી રહેલા ઘટાડાને કારણે રૂપિયાને અમુક અંશે ટેકો મળી રહ્યો હોવાનું બીએનપી પારિબાસના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી ટૂંકા સમયગાળામાં ડૉલર સામે રૂપિયો ૮૩.૮૫થી ૮૪.૩૦ની રેન્જમાં અથડાતો રહેશે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૧ ટકા વધીને ૧૦૩.૫૯ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૪૯૪.૭૫ પૉઈન્ટનો અને ૨૨૧.૪૫ પૉઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હોવાથી અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૪૩૫.૯૪ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવતા રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો.

તેમ છતાં આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા ઘટીને બેરલદીઠ ૭૪.૫૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયામાં મોટો કડાકો અટક્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# વૈશ્વિક સોનું નવી વિક્રમ સપાટીએ પહોંચતા સ્થાનિકમાં ₹ ૨૫૭ની આગેકૂચ, ચાંદી ₹ ૮૮ વધી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકાની ચૂંટણીના પરિણામોની અનિશ્ચિતતા અને ફેડરલ રિઝર્વ આગામી નાણાનીતિની સમીક્ષાની બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવા આશાવાદ વચ્ચે ગઈકાલે ન્યૂ યૉર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે હાજરમાં સોનાના ભાવ એક તબક્કે વધીને નવી ઔંસદીઠ ૨૬૮૫.૬૦ ડૉલરની સપાટીને સ્પર્શીને પાછા ફર્યા હતા. વધુમાં આજે લંડન ખાતે પણ સત્રના આરંભે હાજર અને વાયદામાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં વધ્યા મથાળેથી સાધારણ ઘટાડો આવ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ અને સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી આયાત પડતરોમાં વધારો થતાં સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૫૬થી ૨૫૭નો સુધારો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં કિલોદીઠ રૂ. ૮૮ વધી આવ્યા હતા.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ હોવા છતાં ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૮૮ના સુધારા સાથે રૂ. ૯૧,૬૦૦ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ, ડૉલર સામે રૂપિયામાં નરમાઈને કારણે આયાત પડતરોમાં વધારો તથા આગામી તહેવારોની અપેક્ષિત માગને ધ્યાનમાં લેતા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ લેવાલીને ટેકે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૫૬ વધીને રૂ. ૭૬,૫૦૨ના મથાળે અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૫૭ વધીને રૂ. ૭૬,૮૧૦ના મથાળે રહ્યા હતા.

ફેડરલ રિઝર્વ દ્વારા આગામી ૬-૭ નવેમ્બરની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં વધુ ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકવામાં આવે તેવો આશાવાદ, અમેરિકાની ચૂંટણીના પરિણામોની અનિશ્ચિતતા અને મધ્યપૂર્વના દેશોના તણાવને ધ્યાનમાં લેતા ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર સોનામાં સલામતી માટેની માગને ટેકે એક તબક્કે ભાવ વધીને ઔંસદીઠ ૨૬૮૫.૬૦ ડૉલરની નવી ઊંચી સપાટી સુધી પહોંચીને પાછા ફર્યા હતા. તેમ જ આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૨૬૭૮.૧૩ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૧ ટકા વધીને ૨૬૯૩.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૩૧.૫૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

હાલના તબક્કે સોનાને અમેરિકાની ચૂંટણી અને મધ્યપૂર્વના રાજકીય-ભૌગોલિક તણાવને કારણે સલામતી માટેની માગનો ટેકો મળી રહ્યો હોવાનું ઓએએનડીએનાં એશિયા પેસિફિક વિભાગના વિશ્લેષક કેલ્વિન વૉન્ગે જણાવતા ઉમેર્યું હતું કે જો ટ્રમ્પ પ્રમુખપદે ચૂંટાશે તો દરિયાપારના વેપારોમાં તણાવ વધશે અને અંદાજપત્રીય ખાધમાં વધારો થાય તેમ હોવાથી સોનાની તેજીને ટેકો મળી શકે છે. જોકે, આજે રોકાણકારોની નજર અમેરિકાના સપ્ટેમ્બર મહિનાના રિટેલ વેચાણના ડેટા અને બેરોજગારી ભથ્થું મેળવવા માટેની અરજીઓની સાપ્તાહિક આંકડાકીય જાહેરાત પર સ્થિર થઈ હોવાનું વૉન્ગે ઉમેર્યું હતું.

વધુમાં એએનઝેડના કૉમૉડિટી સ્ટ્રેટેજિસ્ટ ડેનિયલ હેઈન્સે જણાવ્યું હતું કે હાલના ઈઝરાયલ-ઈરાન વચ્ચેના તણાવને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન સોનાને સલામતી માટેની માગનો ટેકો મળતો રહે તેવી શક્યતા જણાય છે. ■

# સ્મોલ ગ્રેડની ખાંડમાં સાધારણ નરમાઈ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૭૦થી ૩૬૨૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં રિટેલ સ્તરની માગ ખપપૂરતી જળવાઈ રહી હોવાથી મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ટકેલા ધોરણે થયા હતા, જ્યારે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડા સાથે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ ખપપૂરતી રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ તેમ જ રિટેલ સ્તરની ખપપૂરતી માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડા સાથે રૂ. ૩૭૩૨થી ૩૮૩૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૮૨થી ૩૯૪૨માં ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે મથકો પર ગઈકાલે ભાવમાં ઘટ્યા મથાળેથી ટકેલું વલણ રહ્યું હોવાના નિર્દેશો તેમ જ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ ખપપૂરતી રહેતાં નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૫૫થી ૩૭૦૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૨૫થી ૩૭૯૫માં થયાના અહેવાલ હતા. ■

# આરબીડી પામોલિનમાં પીછેહઠ, સિંગતેલમાં ₹ ૧૦ ઘટ્યા



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના ડિસેમ્બર અને જાન્યુઆરી વાયદામાં અનુક્રમે ૭૭ અને ૭૧ રિંગિટનો ઘટાડો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૩૪ રિંગિટ ઘટી આવ્યા હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આયાતી તેલમાં ખાસ કરીને આરબીડી પામોલિનના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૪૦નો અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫નો ઘટાડો આવ્યો હોવાથી સ્થાનિકમાં દેશી તેલના ભાવ દબાણ હેઠળ રહેતાં સિંગતેલ અને કપાસિયા રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે રૂચીના આરબીડી પામોલિનના ભાવ રૂ. ૧૨૭૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૨૯૦ પ્રતિ ૧૦ કિલો ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે રિલાયન્સ રિટેલના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૨૮૫ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે વેપાર પાંખાં રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૫, સન રિફાઈન્ડના રૂ. ૧૨૯૦, સિંગતેલના રૂ. ૧૫૩૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦ અને સરસવના રૂ. ૧૩૯૫ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર દેશાવરોની માગ શુષ્ક રહેતાં સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૭૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.


વધુમાં આજે રાજસ્થાનનાં મથકો પર અંદાજે ૧.૫૦ લાખ ગૂણી સરસવની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૭૦૦થી ૬૭૨૫માં, સરસવ એક્સપેલરના ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૬૫થી ૧૩૭૧માં અને કચ્ચીઘાણીના રૂ. ૧૩૭૧થી ૧૩૮૧માં થયા હતા, જ્યારે સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૫૦૦થી ૨૫૦૫માં ટકેલા ધોરણે થયા હતા. ■

# ચીનના સ્ટિમ્યુલસ પેકેજથી નિરાશાઃ વિશ્વ બજાર પાછળ ધાતુમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ચીને તાજેતરમાં જાહેર કરેલું સ્ટિમ્યુલસ પેકેજ પર્યાપ્ત ન હોવાથી બજારમાં નિરુત્સાહી વલણ જોવા મળતાં આજે લંડન ખાતે કોપર સહિતની ધાતુઓના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હતું.

આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ માત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં કિલોદીઠ રૂ. ત્રણથી ૪૯ સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો.



ચીનના હાઉસિંગ ખાતાના પ્રધાને પ્રોપર્ટી માર્કેટના ટેકા માટે વધુ સ્ટિમ્યુલસ પેકેજની આવશ્યકતા હોવાનું જણાવતા આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે રોકાણકારો અને ટ્રેડરોમાં નિરાશા વ્યાપી ગઈ હતી અને સત્રના આરંભે કોપર સહિતની ધાતુઓમાં નરમાઈનું વલણ જોવા મળ્યું હતું, જેમાં કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા ઘટીને ટનદીઠ ૯૫૪૮.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

દરમિયાન આજે સ્થાનિકમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં જે ધાતુઓના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો તેમાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૪૯ ઘટીને રૂ. ૨૭૭૫, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૨૧ ઘટીને રૂ. ૧૪૫૭, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ ઘટીને રૂ. ૮૪૫, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. નવ ઘટીને રૂ. ૭૯૭ અને કોપર સ્ક્રેપ હેવી અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. સાત ઘટીને અનુક્રમે રૂ. ૭૮૮ અને રૂ. ૭૩૦ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી તેમ જ સાર્વત્રિક સ્તરેથી માગ પણ ખપપૂરતી રહેતાં ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો તેમાં ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. છ ઘટીને રૂ. ૨૮૩, કોપર આર્મિચર અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૭૭૨ અને રૂ. ૧૮૪ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૨૪૦ના મથાળે રહ્યા હતા. ■